# મહાભારતનું પાત્રાલેખન

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ ૨૫૮

કમલ પ્રકાશન ટ્રસ્ટ

# જ્યાં આ ચાર નથી ત્યાં ધર્મ જામતો નથી

જો જીવનમાં શાન્તિ ન હોય,
ચિત્તમાં પ્રસન્નતા ન હોય,
કુટુમ્બમાં સંપ ન હોય,
શરીરે આરોગ્ય ન હોય.

ત્યાં ધર્મ કદાચ થતો હોય તો ય તેમાં ઝાઝો ભલીવાર આવે નહિ.

અશાન્ત અને અપ્રસન્ન બિચારો ! શી રીતે ધર્મ કરી શકે ?

કુસંપથી ગ્રસ્ત કે રોગોથી ઘેરાએલો પણ શી રીતે ધર્મ કરી શકે ?

મોટા સત્વશાળી આત્માઓની વાત ન્યારી છે.

આ બાળ કક્ષાના જીવોની વાત છે.

આ ચારમાંનો એક પણ પાયો કાચો રહી જાય તો બાળ કક્ષાના જીવોને ધર્મ આરાધવો ભારે પડી જાય.

ચાર પાયાનું મજબૂત ચણતર કરવા સાથે જ સહુ ધર્મ કરજો.

— પં. ચન્દ્રશેખરવિજયજી

હલાહલ આ કલિ
વધુ હૃદયસ્પર્શી
આલેખન કરતું,

(લે. પૂ. દેવા)
પુસ્તક.....

# મહાભારતનું પાત્રાલેખન

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**સ્વસ્તિક ગ્રંથમાળા : પુષ્પ છઠ્ઠું**

☆ **પ્રકાશક**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી
સંસ્કૃતિ ભવન
રિલીફ રોડ, અમદાવાદ
ફોન : ૫૩૫૫૮૨૩
C/o ૫૩૫૬૦૩૩

☆ **લેખક પરિચય**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્‌વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા
સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

☆ **પ્રથમ સંસ્કરણ : નકલ 3,000**
**દ્વિતીય સંસ્કરણ : નકલ 3000**

☆ **તૃતિય સંસ્કરણ**
**નકલ 3000**
વિ. સં. ૨૦૫૪
તા. ૧૫-૨-૧૯૯૮

મૂલ્ય રૂ. ૧૦-૦૦

## પ્રકાશકીય

સ્વસ્તિક ગ્રંથમાળા અન્વયે પૂજ્યપાદ પં. ચન્દ્રશેખર વિજયજીની નાનકડી પુસ્તિકાઓની આ શ્રેણિને અમે પ્રગટ કરી રહ્યા છીએ. આજ સુધીમાં અમે પૂજ્યપાદશ્રીજીના ૨૩૨ પુસ્તકો પ્રગટ કર્યાં. જેઓ બે હજાર રૂ. નું દાન કરશે તેમને **અમે કાયમ માટે ઘેર બેઠાં પ્રાપ્ય પુસ્તકો ભેટ મોકલશું.** તેમનું નામ (ગ્રંથમાળાનાં શ્રેણીબદ્ધ પુસ્તકો સિવાયનાં) તમામ પુસ્તકોમાં (પહેલી આવૃત્તિમાં) પ્રગટ કરશું. આ યોજનાનો આપ સહુ લાભ લેશો એવી અમે આકાંક્ષા રાખીએ છીએ.

લિ.

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી. પ્ર. સંસ્કૃતિભવન
૨૭૭૭, નિશાપોળ
રિલીફ રોડ, અમદાવાદ-૧
ગુજરાત

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | ભૂમિકા | ૧ |
| | સમયવિચાર | ૧ |
| | કુટુંબ પરિચય | ૨ |
| | રામાયણ અને મહાભારત | ૪ |
| (૨) | શ્રીકૃષ્ણ | ૮ |
| | ધર્માત્મા શ્રીકૃષ્ણ | ૯ |
| | કર્માત્મા શ્રીકૃષ્ણ | ૧૭ |
| (૩) | અર્જુન | ૨૧ |
| (૪) | ભીષ્મ | ૩૬ |
| (૫) | યુધિષ્ઠિર | ૪૮ |
| (૬) | દ્રોપદી | ૫૯ |
| (૭) | ગાંધારી, ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન | ૭૨ |
| (૮) | કર્ણ અને કુન્તી | ૮૨ |
| (૯) | એકલવ્ય | ૯૨ |
| (૧૦) | દ્રોણાચાર્ય અને અશ્વત્થામા | ૯૯ |
| (૧૧) | વિદુર | ૧૦૪ |

# ભૂમિકા
# (૧)
# સમય વિચાર

દેવાધિદેવ, ત્રિલોકગુરુ, બાવીસમાં તીર્થંકર પરમાત્મા નેમિનાથ ભગવંતની વિદ્યમાનતામાં; તેમના શાસનમાં શ્રીકૃષ્ણ થયા.

આજથી નવસો વર્ષ પૂર્વે કલિકાલસર્વજ્ઞ ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્ય થયા. તેમણે ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર (સંસ્કૃત)ના આઠમા પર્વમાં તીર્થંકર પરમાત્મા નેમિનાથ ભગવંતનું તથા શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર લખ્યું છે. એ દ્વારા તેમણે પાંડવોનું પણ વર્ણન કર્યું છે. જૈન મતે પરમાત્મા નેમિનાથજીને અને શ્રીકૃષ્ણને થયાને લગભગ સત્યાસી હજાર વર્ષ થયા છે. બન્ને સમકાલીન હતા : પિતરાઈ ભાઈ હતા; જે આપણે આગળ જોઈશું.

વિક્રમ સંવત બારસોને પચાસની સાલમાં (લગભગ આઠસો વર્ષ પૂર્વે) દેવપ્રભસૂરિજી નામના જૈનાચાર્યે પાંડવ ચરિત્ર (સંસ્કૃત) લખ્યું છે.

આ સિવાય આગમ ગ્રન્થોમાં પણ શ્રીકૃષ્ણ વગેરેનો નામોલ્લેખ આવે છે. પરમાત્મા મહાવીરદેવે પોતાના શ્રીમુખે રામાયણ, મહાભારત જણાવેલ છે તેવો પણ ઉલ્લેખ મળે છે.

હવે અજૈન-દૃષ્ટિએ વિચારીએ. કહેવાય છે કે મહર્ષિ પારાશર્યની કામુકતાનો ભોગ બનેલી, કુમારિકા સત્યવતી

(મત્સ્યકન્યા)ને જે સંતાન-પ્રાપ્તિ થઈ તેનું નામ વ્યાસ હતું. આ સત્યવતીએ ભવિષ્યમા રાજા શાન્તનૂની સાથે લગ્ન કર્યું હતું. રાજા શાન્તનૂની બીજી રાણી ગંગા હતી; જેનો પુત્ર ભીષ્મ હતો - આ દૃષ્ટિએ વ્યાસ અને ભીષ્મના પિતા શાન્તનૂ હોવાથી તે બન્ને પરસ્પર ભાઈ થયા.

આ વ્યાસે મહાભારતની રચના કરી છે એમ કહેવાય છે. વ્યાસની માતા સત્યવતીને પતિ શાન્તનૂ દ્વારા બે સંતાનો પ્રાપ્ત થયા હતા. વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ.

ક્રોધના કાતીલ સંસ્કારોનો ભોગ બનીને-કોઈ રાજકુમાર સાથેની ઝપાઝપીમાં ચિત્રાંગદ અકાળે મૃત્યુ પામ્યો હતો.

કામના ભયાનક આવેશમાં પોતાની ત્રણ રાણીઓ- અંબિકા, અંબાલિકા અને અંબા-સાથે સતત ભોગ ભોગવતો વિચિત્રવીર્ય પણ અકાળે મરણ પામ્યો. બેશક; તે ત્રણ રાણીઓ દ્વારા ત્રણ સંતાનોને જન્મ આપ્યા પછી જ; જેમના નામો હતા; ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર.

અહીં તો આપણે એટલું જ જાણવું છે કે ભીષ્મના ભાઈ વ્યાસે મહાભારતની રચના કરી હતી તેવો અજૈન મત છે.

## કુટુંબ પરિચય

તે સમયે યદુવંશના રાજા અન્ધકવૃષ્ણિ હતા. તેમને દસ પુત્રો હતા. સમુદ્રવિજય, વસુદેવ વગેરે; અને બે દીકરીઓ હતી; કુન્તી અને માદ્રી. (રાજા પાંડુની પત્ની માદ્રી; તે માદ્રી નહિ.) આ દસ રાજકુમારોને ‘દશાર્હ કહેવાતા હતા. આમાંના જયેષ્ઠ પુત્ર સમુદ્ર વિજ્યના પુત્ર નેમિનાથ હતા બીજા નંબરના પુત્ર વસુદેવના પુત્ર કૃષ્ણ હતા. હા. વસુદેવના એ સાતમા નંબરના પુત્ર હતા. કૃષ્ણની માતાનું નામ દેવકી હતું. દેવકી પોતાના પહેલા છ પુત્રોને રમાડવાનું સૌભાગ્ય પામી શકી ન હતી એટલે તેની તેવી અદમ્ય

ઇચ્છા જાણીને કૃષ્ણે દેવ-સાધના કરી હતી. અને તેથી દેવકીને આઠમો પુત્ર પ્રાપ્ત થયો હતો; જેનું નામ ગજસુકુમાલ હતું.

સોમા નામની અતિ રૂપવતી બ્રાહ્મણ-પુત્રી સાથે પોતાના વહાલા નાનકડા ભાઈ ગજસુકુમાલનો શ્રીકૃષ્ણે સંબંધ બાધ્યો હતો. પરન્તુ પરમાત્મા નેમિનાથજીની દેશના સાંભળીને સંસારથી વિરકત થઈ ગયેલા ગજસુકુમાલે તરત જ - માતા દેવકીને મનાવીને-દીક્ષા લીધી હતી. સંયમજીવનના થોડાક જ ગાળામાં ગજસુકુમાલ મુનિ, સોમાના પિતા સોમશર્માના ક્રોધનો ભોગ બન્યા હતા. માથે અંગારા ભરીને-ધ્યાનસ્થ ગજસુકુમાળ મુનિને તેણે સળગાવી નાંખ્યા હતા. આમાં સસરાનો ઉપકાર માનતા તે મુનિ ઘાતીકર્મોનો ક્ષય કરીને, કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા હતા. આવા અકાળ મૃત્યુના આઘાતથી સમસ્ત રાજવી કુટુંબ ખળભળી ઊઠયું હતું; કૃષ્ણની અનેક પટ્ટરાણીઓ રાજકુમારી રાજીમતી વગેરે હજારો આત્માઓ સંસારથી વિરકત થઈને દીક્ષિત બન્યા હતા.

કૃષ્ણના પિતા વસુદેવ હતા. પૂર્વભવે તેઓ અપૂર્વ વૈયાવચ્ચી નંદિષેણ મુનિ હતા. તે ભવની તપ-જપ અને વૈયાવચ્ચની અપૂર્વ સાધનાના બદલામાં-મૃત્યુની પથારીએ ભાન ભૂલીને-તેમણે હજારો સ્ત્રીઓ પોતાની પાછળ પાગલ બને તેવા રૂપની પ્રાપ્તિનો જુગાર (નિયાણું) ખેલ્યો હતો. આથી જ તે આત્માવસુદેવ બન્યો હતો. સાચે જ તે અતિસોહામણો રાજકુમાર હતો. તેની પાછળ હજારો યુવતીઓ પાગલ રહેતી હતી.

વસુદેવના પુત્ર કૃષ્ણ; અને વસુદેવની બેન કુન્તી હતા એ આપણે હમણાં જ જોયું. આથી સમજાય છે કે કુન્તી એ કૃષ્ણની ફોઈ થતા હતા. જે કુન્તી; પાંડવોની માતા બની હતી.

હવે કુટુંબ-પરિચયના આ વિષયમાં છેલ્લી વાત કરી

લઈએ. યદુવંશના રાજા શાન્તનૂને ગંગા નામની રાણી હતી; જેનાથી ગાંગેય (ભાવીમાં ભીષ્મ)નો જન્મ થયો હતો. શાન્તનૂ સત્યવતી નામની માછીકન્યાના પ્રેમમાં પડયા હતા. જેની સાથે લગ્ન કરવામાં ગાંગેયને મોટો ભોગ આપવો પડયો હતો; જે વાત આપણે આગળ ઉપર જોઈશું.

સત્યવતીથી શાન્તનૂને બે પુત્રો પ્રાપ્ત થયા હતા. વિચિત્ર વીર્ય અને ચિત્રાંગદ બન્ને, ક્રમશઃ કામ અને ક્રોધના આવેગોનો શિકાર બનીને યૌવનવયે જ મૃત્યુ પામ્યા હતા. વિચિત્ર વીર્યને ત્રણ રાણી હતી. અંબિકા, અંબાલિકા અને અંબા; જેમનાથી. ત્રણ સંતાનો પ્રાપ્ત થયા હતા, ધૃતરાષ્ટ્ર, પાંડુ વિદુર.

ધૃતરાષ્ટ્રને ગાંધારી દ્વારા સો પુત્રો પ્રાપ્ત થયા હતા; પાંડુને કુન્તી અને માદ્રી દ્વારા (૩ + ૨) પાંચ પુત્રો પ્રાપ્ત થયા હતા. આ એકસો પાંચ પુત્રો કુરુવંશના હોવાથી કૌરવો કહેવાય પરંતુ તેમાંના પાંડુના પાંચ પુત્રો પાંડવ કહેવાતાં શેષ સો પુત્રો (ધૃતરાષ્ટ્રના) કૌરવો કહેવાયા. ટૂંકમાં મહાભારત-કથા એ બે વંશોની-કુરુવંશ અને યદુવંશની કથા છે.

## રામાયણ અને મહાભારત

ભારતવર્ષના સર્વોત્કૃષ્ટ બે મહાકાવ્યો એટલે રામાયણ અને મહાભારત.

સામાન્ય રીતે એમ કહી શકાય કે માનવજીવનને પામીને, જો તેને સફળ બનાવવું હોય તો માણસે ધર્મમય જીવન બનાવવું જોઈએ. ગમે તેવી મુશ્કેલીઓ વચ્ચે પણ સત્વશાળી લઘુકર્મી આત્માઓ; સત્સંગ પામીને પોતાનું માનવજીવન ધર્મમય બનાવતા હોય છે. પણ જેમની પાસે એવું જોરદાર સત્વ નથી તેમને તો ધર્મમય જીવન જીવવા માટે ચાર બાબતોની અનુકૂળતા ખૂબ

આવશ્યક બની રહે છે. એમાંની એકાદ બાબતની પણ ખામી તેમના જીવનને ધર્મમય બનાવવામાં ઘણી મુસીબતો ઊભી કરી શકે છે.

એ ચાર બાબતો છે : (૧) ચિત્તમાં પ્રસન્નતા (૨) જીવનમાં શાન્તિ(૩) કુટુંબમાં સંપ (૪) શરીરમાં નિરોગિતા.

રામાયણ અને મહાભારત-બન્ને-ભેગા મળીને ત્રીજા નંબરની બાબત-કુટુંબમાં સંપ-આપણા જીવનમાં મેળવી આપે છે. હા. એ માટેના બન્નેના અભિગમો સાવ વિરોધી છે. રામાયણ હકારાત્મક રીતે તો મહાભારત નકારાત્મક રીતે : કુટુંબમાં સંપ સાધવાની જરૂરીઆત આપણને સમજાવે છે.

રામાયણ કહે છે, "જો તમારે સંપીલુ કુટુંબ જોઈતું હોય તો તમે રામ, લક્ષ્મણ, ભરત, દશરથ, કૌશલ્યા, સીતા, ઉર્મિલા, હનુમાન, અંજના વગેરે જેવા બનજો."

મહાભારત કહે છે, "જો તમારે સંપીલું કુટુંબ જોઈતું હોય તો તમે ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, દુઃશાસન, શકુનિ, દ્રોણાચાર્ય વગેરે કદી ન બનજો."

રામાયણમાં રાવણનો કન્દર્પ (કામ)નાચતો જોવા મળે છે;

મહાભારતમાં દુર્યોધનનો દર્પ (અહંકાર) નાચતો જોવા મળે છે. રાવણનો કન્દર્પ, રાવણને સીતાના ચરણો પાસે ઝૂરતો રાખે છે. દુર્યોધનનો દર્પ, પાંડવોને એક તસુ પણ જમીન આપવાની ના પડાવે છે.

રામાયણમાં પુરુષાર્થની પ્રધાનતા અને તેમાં રામ વગેરેને મળતી સફળતા સતત જોવા મળે છે. જ્યારે મહાભારતમાં પ્રારબ્ધ (નિયતિ)નું પ્રચંડબળ અને તેથી કૃષ્ણ વગેરેને, અંતે મળતી ઘોર નિષ્ફળતા જોવા મળે છે. મહાભારતના બળવાન, પાત્રો પણ છેલ્લે 'નિયતિ'ને સલામ કરી દેતાં; તેની આગળ

ઘૂંટણીએ પડીને ઝૂકી જતાં ઠેરઠેર જોવા મળે છે. આથી રામાયણ કહે છે; નાની નાની વાતોને Let go કરતાં જાઓ; પછી સફળતાઓ તમારા ચરણો ચૂમશે. મહાભારત કહે છે; ગંભીર બાબતોને Let God કરતાં જાઓ. (કર્મો ઉપર છોડતા જાઓ.) તેથી તમે ભયાનક માનસિક તણાવો (Stress) માંથી છૂટકારો પામશો.

નિયતિના નિશ્ચિત ગણિત પ્રમાણે જ બધું બરોબર ચાલી રહ્યું છે (Everything is in order.) એટલે જે કાંઈ જીવનમાં અનિષ્ટ આવી પડે તે વખતે જરાક પણ અકળાશો નહિ. જે બનવાનું નક્કી હતું; તે જ બન્યું છે.' એમ મનોમન બોલી દેજો. 'જે ગમ્યું દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.' એ પંક્તિ ગાઈ લઈને ઉદ્વેગ, આઘાત, અજંપાને તરત જ ટાળી દઈને આછું સ્મિત વેરજો.

સીતાના અદ્ભુત સૌન્દર્ય તરફની કાળી ઈર્ષ્યામાંથી (રાવણની બેન શૂર્પણખાની આ ઈર્ષ્યામાંથી) રામાયણનો જન્મ થયો છે.

ભીમ વગેરેના પ્રચંડ બળ પ્રત્યેની દુર્યોધનની કારમી ઈર્ષ્યામાંથી મહાભારત જન્મ પામ્યું છે.

વિશ્વના બે મહાકાવ્યો જે બે મહાયુદ્ધોની આસપાસ ફરતાં-રચાયાં છે તે બન્ને મહાયુદ્ધોનું મૂળ છે; ઈર્ષ્યા.

હા. જ્યાં ઈર્ષ્યા હોય ત્યાં અંહકાર, ક્રોધ અને નિંદા ઓછાવત્તા અંશોમાં-સાથે હોય જ. આ ચંડાળ ચોકડી છે. અહંકાર એ બાપ છે; ક્રોધ તેનો દીકરો છે; ઈર્ષ્યા અને નિંદા તેની બે દીકરીઓ છે.

રામાયણ અને મહાભારતને ભેગા કરીએ તો ચોવીસ કલાકનું-સંપૂર્ણ-દિનચક્ર બને. રામાયણ એટલે રાતે બાર વાગ્યાથી

શરૂ થઈને સવારે બાર વાગ્યા સુધીનો સમય. મહાભારત એટલે સવારે બારથી રાતના બાર સુધીનો સમય.

રામાયણનો આરંભ રામના વનવાસની કરુણાન્તિકાથી શરૂ થઈને, રામરાજ્યમાં અન્ત પામે છે.

મહાભારતનો આરંભ બાળ કૌરવ-પાંડવોની જીગરજાન દોસ્તીથી શરૂ થઈને મહાયુદ્ધની કરુણાન્તિકામાં લય પામે છે.

રામાયણનો સુખદ અન્ત સહુ વાંચકોના હૈયાંને ઠારે છે.

મહાભારતનો કરુણ અન્ત સઘળા વાચકોના હૈયાંને સૂનમૂન કરીને નિઃસ્તબ્ધ કરી મૂકે છે.

એક સ્થળે અન્તમાં સુંદર રામરાજ્યનો દિવસના બાર વાગ્યાનો પ્રકાશ છે; બીજે સ્થળે અન્તમાં ગીધો અને શીયાળો દ્વારા ચવાતાખવાતાં જીવતા કે મરેલા સૈનિકોના દેહની દુર્ગંધથી ઉભરાઈ ગયેલા ગગનનું દર્શન થાય છે. જાણે રાતના બાર વાગ્યાનો અંધકારમય સમય.

ખેર ગમે તે હોય; પણ આ બે મહાકાવ્યો હકારાત્મક અને નકારાત્મક રીતે કુટુંબમાં સંપનું ભારે મહત્ત્વ સમજાવે છે.

ધર્મમય-સુંદર-જીવન જીવવા માટે આ સંપ અત્યન્ત આવશ્યક છે. અપેક્ષાએ એમ કહી શકાય કે રામાયણ કરતાં પણ મહાભારત કાવ્ય આજના કલિકાલના જીવોને વધુ હૃદયંગમ બની શકે તેમ છે. કેમ કે ઘરઘરમાં દુર્યોધનો શકુનિઓ વગેરે પેદા થયા હોવાથી પોતાના જ ભીતરી સ્વરૂપોનું જીવંત ભાન મહાભારત કરાવે છે.

આથી જ આપણે રામાયણનું પાત્રાલેખન ન કરતાં મહાભારતનું પાત્રાલેખન કરશું.

બેશક, જૈન લેખકના મહાભારતનું આ પાત્રાલેખમાં પ્રાધાન્ય રહેશે. ગૌણરૂપે-સારું તે મારું એ ન્યાયે-અન્યોનો પણ ઉલ્લેખ કરાશે.

# શ્રીકૃષ્ણ
# (૨)

જેમનો આત્મા, આ ભરતક્ષેત્રમાં હવે થનારી તીર્થંકરદેવોની ચોવીસીમાં બારમાં તીર્થંકર પરમાત્માઅમમ બનવાનો છે. તે શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણના ભવમાં પણ વિશિષ્ટકોટિના યોગી હતા; ધર્માત્મા હતા. જો કે અજૈનો તેમને ભગવાનસ્વરૂપે જુએ છે પણ ભાવીના ભગવાન સ્વરૂપે જોતાં જૈનો પણ તેમને તે ભવમાં મહાત્મા કે ધર્માત્મા સ્વરૂપે તો જુએ જ છે. અજૈન ચિન્તકોને અને કૃષ્ણભક્તોને વણપૂછયું કહેવાનું દિલ થઈ જાય છે કે શ્રીકૃષ્ણને ભાગવતમાં તમે ભલે ભગવાન તરીકે જુઓ પણ મહાભારત-કથામાં તેમને ભગવાન તરીકે ન જુઓ; કેમકે તેમાં તેમના સ્વરૂપ ધૂર્ત્તતા; મિથ્યાભાષિત્વ, છલ, પ્રપંચ વગેરે ઘણી બાબતો ન છૂટકે કરાતી જોવા મળે છે જેને સાંભળીને પ્રશ્ન થાય કે શું ? 'ભગવાન' આવું કરે ખરા ? કે આવું ખોટું કરાવે ખરા ? ભગવાનને કોઈ દોસ્ત અને કોઈ દુશ્મન.... એવા ભેદ હોય ખરા ? દોસ્તો (ભક્તો)ના ઉદ્ધાર માટે અને દુશ્મનોના સંહાર માટે ભગવાન કદી અવતાર લે ખરા ?

આજની નવી પેઢીને તો આવા પ્રશ્નો-અચૂક-જાગે છે. તેમને 'કૃષ્ણની લીલા' કહીને અપાતું સમાધાન ગળે ઊતરે તેમ નથી.

એટલે અજૈન-દૃષ્ટિમાં આટલો વિવેક કરાય કે, 'ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાન છે; પરન્તુ મહાભારતમાં શ્રીકૃષ્ણ ખૂબ જ

ઉત્કૃષ્ટ કક્ષાના રાજકારણી છે.' તો ઉપરના બધા સવાલોનું નિરાકરણ થઈ જાય.

ભગવાનની વાત ન્યારી છે. રાજકારણીની વાત ન્યારી છે. ખૂનીને ભગવાન તો માફી આપી દે પણ રાજકારણમાં આવી માફી ચાલી શકે નહિ. બહુ મોટા લાભને પામવા માટે રાજકારણમાં તો કેટલાક સાચાં-ખોટાં ભલે ન છૂટકે-પણ કરવા જ પડે.

જૈનદૃષ્ટિ તો આ વિષયમાં ખૂબ જ સંગત છે. તેના હિસાબે શ્રીકૃષ્ણ, તે ભવમાં કયારે ય ભગવાન નથી. હા. તેઓ ધર્માત્મા કે મહાત્મા જરૂર છે. પણ સબૂર ! તેઓ કર્માત્મા પણ છે. તેઓ અનાસકત કર્મયોગના પણ સ્વામી છે. આમ તેમના જીવનમાં બે વસ્તુ જોવા મળે છે. સામાન્યતઃ તેઓ ધર્માત્મા છે, પરન્તુ અમુક સંયોગોમાં તેઓ કર્માત્માઃ અનાસકત કર્મયોગી છે. આવા ઊભયસ્વરૂપના મિશ્રણવાળા આત્માને જૈન મતે સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. જેમ સંસારનો ત્યાગ કરીને સાધુ થયેલો આત્મા યોગી કહેવાય છે તેમ તેવા સાધુ-જીવનને સતત ઝંખતો સંસારમાં રહેલો જીવ પણ જો સમ્યગ્દૃષ્ટિ હોય તો તે પણ ભોગી છતાં યોગી (ભોગલંપટ નથી માટે) કહેવાય છે. શ્રીકૃષ્ણનું સમ્યગ્દર્શન પણ કોઈ નાનુસૂનું (ક્ષયોપશમ સમ્યકત્વ) ન હતું; પણ ઉત્કૃષ્ટ કક્ષાનું ક્ષાયિકભાવનું સમ્યગ્દર્શન હતું. આથી જ તેઓ સંસારી યોગીઓમાં પણ શ્રેષ્ઠ કક્ષાના યોગી હતા. યોગેશ્વર હતા. એમ જૈન મત કહે છે.

આવા ધર્માત્મા અને કર્માત્મા શ્રીકૃષ્ણનું પહેલું 'ધર્માત્મા' સ્વરૂપ આપણે જોઈએ.

### ધર્માત્મા શ્રી કૃષ્ણ

શ્રીકૃષ્ણનો આત્મા ધર્મી આત્મા તો હતો જ પરન્તુ સાથોસાથ

તે આત્મા, ભવિષ્યમાં થનારા 'અમમ' નામના તીર્થંકરનો આત્મા હતો એટલે તેમનું તે જીવ-દ્રવ્ય, અન્ય ધર્મી જીવો કરતાં ક્યાંક ચડી જાય તેવું ઉત્તમ હતું. અન્ય ઉત્તમ કોટિના ધર્મી જીવો ચકમકતા કાચના કટકા જેવા કહેવાય; જ્યારે તીર્થંકરદેવનો આ ધર્માત્મા તો રત્નતુલ્યકહેવાય. ભલે ને કદાચ તે કર્મદોષને લીધે થોડોક મેલો પણ જણાતો હોય. આથી જ શ્રીકૃષ્ણનો આત્મા એ ભવમાં પણ ખૂબ કરુણાર્ત્ત હતો. તીર્થંકરદેવનો આત્મા પૂર્વના કોઈ પણ ભવમાં પ્રાયઃ કરુણાશાલી હોય.

ધર્માત્મા શ્રીકૃષ્ણ પરમાત્મા નેમિનાથના પરમ ભક્ત-હોવાથી તેઓ મોક્ષ પામવાના એક માત્ર લક્ષવાળા હતા; અને ચારિત્ર-જીવનના: ધર્મમય જીવનના કટ્ટર પક્ષકાર હતા. આ લક્ષ-પક્ષની જોડીથી યુક્ત હતા; માટે જ તે ધર્માત્મા હતા. જેમની પાસે આ લક્ષ-પક્ષ નથી તે ગમે તેટલો ધર્મનો ક્રિયાકાંડી હોય પણ તેને ધર્માત્મા કહી શકાતો નથી.

મોક્ષ પામવાના લક્ષને કારણે અને ચારિત્રધર્મના પક્ષને કારણે શ્રીકૃષ્ણ ચારિત્રધર મુનિઓના અત્યન્ત ભક્ત હતા. આથી જ એક વાર તેમણે અઢાર હજાર મુનિઓને વંદન કર્યું હતું. તેમની હકૂમતના પ્રદેશમાં તેમણે ઢંઢેરો બહાર પાડયો હતો કે, "માતપિતાદિની આજીવિકાની ચિન્તાથી કોઈ ધર્માત્મા જો દીક્ષા લઈ શકે તેમ ન હોય તો તે આજીવિકાની બધી ચિન્તામાંથી શ્રીકૃષ્ણ તેને સર્વથા મુક્ત કરી દેશે."

આ કારણસર ઢગલાબંધ ગરીબ કુટુંબોમાં પણ યુવાનો અને યુવતીઓની દીક્ષા થઈ હતી.

યૌવનના ઉંબરે પગ મૂકતી પોતાની તમામ સુપુત્રીઓને તેઓ સવાલ કરતા કે, "બેટા ! તારે રાણી થવું છે કે દાસી ?" દીકરી

કહેતી, "પિતાજી ! મારે તો રાણી જ થવું હોય ને ?" "તો બેટા ! તું પરમાત્મા નેમિનાથજીની પાસે દીક્ષા ગ્રહણ કર !" આમ કહીને શ્રીકૃષ્ણ દરેક સુપુત્રીને સંયમના માર્ગે વાળી દેતા.

હા. એક દીકરીએ ઊંધી વાત કરી તો તેને પરણાવીને પણ તેના પતિ વીર શાળવી પાસે એવો ટૂચકો કરાવ્યો કે તે પણ છેવટે સાધ્વી બની.

કોઈ નિકાચિત (અતિ ગાઢ) કર્મોના ઉદયથી ભલે શ્રીકૃષ્ણ આજીવન ચારિત્ર લઈ શકયા નથી પરન્તુ તેના તરફનો તેમનો અનુરાગ અતિ ગાઢ હતો તે ઉપરના પ્રસંગોથી સ્પષ્ટ જણાય છે.

આટલું જ નહિ; પોતાના જે સંતાનોએ લગ્ન-માર્ગ પસંદ કર્યો તેમને પરણાવવામાં તેમના સગાં-સ્નેહીઓએ જ તેમાં રસ લીધો. આથી જ શ્રીકૃષ્ણ તેનાથી સાવ અલિપ્ત રહ્યા.

શ્રીકૃષ્ણના ગુણો ઢગલાબંધ હતા. તેમાં તેમનામાં જે ગુણાનુરાગ હતો તે અદ્ભુત હતો. હાથી ઉપર બેસીને રાજમાર્ગેથી પસાર થતાં તેમણે એક વાર મરેલી, અત્યન્ત ગંધાતી, ખૂબ જુગુપ્સનીય હડકાયી કૂતરીનું હાડપિંજર જોયું. તેમાં તેના દૂધ જેવા સફેદ-ચમકતા-દાંત જોઈને તેઓ આનંદ વિભોર બનીને બોલી ઊઠયા," અહો ! કેટલી સુંદર દંતપંક્તિ !"

ના.... આ સાચી મરેલી હડકાયી કૂતરી ન હતી. આ તો ઈન્દ્રે કરેલી શ્રીકૃષ્ણના ગુણાનુવાદની પ્રશંસા સાંભળીને, તેની પરીક્ષા કરવા ધસી આવેલા કોઈ દેવની માયા હતી. તે દેવ તરત પ્રગટ થયો. શ્રીકૃષ્ણને ખૂબ ધન્યવાદ આપીને તેણે કાંઈક માંગવા કહ્યું. શ્રીકૃષ્ણને ખૂબ ધન્યવાદ આપીને તેણે કાંઈક માંગવા કહ્યું. શ્રીકૃષ્ણે રોગીજનોની રોગમુક્તિ માંગી. દેવે તેમને એક નગારું આપ્યું. તેણે તેનો મહિમા બતાડતાં કહ્યું કે, "આ નગારાનો અવાજ જે સાંભળશે તે તમામ રોગીઓના રોગ પ્રાયઃ

શાન્ત થઈ જશે."

દર છ મહિને આ નગારું એક વાર વગડાવવામાં આવતું. શ્રીકૃષ્ણ તે વખતે હજારો રોગીઓની સમક્ષ ઉપસ્થિત થતા. નગારાના ધ્વનિથી સંપૂર્ણપણે રોગમુક્ત થઈને હસતાં, દોડતાં ઘરભણી પાછા ફરતાં તે લોકોને જોઈને શ્રીકૃષ્ણનો આત્મા આનંદથી નાચી ઊઠતોઃ તેમની આંખો હર્ષના આંસુથી છલકાઈ જતી.

આ જ કમાલ છે; તારક તીર્થંકરદેવોના આત્માની.... પૂર્વના કોઈ પણ ભવમાં તેઓ આવી કરુણા-ભાવનાથી છલકાતા હોય છે. દુઃખિતોને જોઈને તેઓ દુઃખાર્ત બની જાય છે. પાપીઓને જોઈને તેઓ તેમને પાપમુક્ત કરી દેવાની ભાવનાથી ઓળઘોળ બની જાય છે.

બીજાઓનાં દુઃખ અને પાપનો વિચાર તેમને પ્રધાન બને છે. તે વખતે પોતાના દુઃખને તેઓ હંમેશ ગૌણ કરી દેતા હોય છે.

એક વાર જંગલમાંથી હાથી ઉપર પસાર થતાં તેમણે એક ડોસો જોયો. તે અતિ વૃદ્ધ હતો. તેને એક જગા ઉપર પોતાનું નાનકડુ મકાન બનાવવું હતું. તે ગરીબ હતો એટલે કુંભારના નીભાડેથી એકેકી ઈંટ જાતે ઊંચકીને નિશ્ચિત જગા ઉપર લાવતો હતો. લાંબા ગાળાના અંતરના કારણે એકેકી ઈંટ લઈ જતાં-તે અત્યન્ત હાંફી જતો હતો. તેને વારંવાર વચ્ચે વિસામો લેવો પડતો હતો. આ બધું જોઈને શ્રીકૃષ્ણ દયાર્દ્ર બની ગયા. ત્રણ ખંડના રાજા તરીકેનું પદ ભૂલી ગયા. હાથી ઉપરથી ઊતરીને જાતે એક ઈંટ નીભાડામાંથી ઉપાડીને ચાલવા લાગ્યા. એ જોઈને તેમની સાથેના હજારો માણસોએ એકેકી ઈંટ ઉપાડી લીધી. પેલા ડોસાનું કામ પૂરું થઈ ગયું. એના મુખ ઉપરનો આનંદ જોઈને શ્રીકૃષ્ણ હર્ષવિભોર બની ગયા !

આવી બ્રહ્માણ્ડવ્યાપી કરુણાના સ્વામી શ્રીકૃષ્ણ હતા ! માટે જ તેમણે કુરુવંશના યુદ્ધને અટકાવવા માટે ઠેઠ સુધી સખ્ત

પ્રયત્નો કર્યા હતા.

તેર વર્ષનો વનવાસ પૂર્ણ થયા બાદ શરત મુજબ દુર્યોધને પાંડવોને હસ્તિનાપુરનું રાજ સોંપી દેવાનું હતું; પરંતુ તે ફરી ગયો. તેની સત્તા-ભૂખ અદમ્ય હતી. તેણે વચનભંગ કર્યો. પાંડવો યુદ્ધના મેદાનમાં દુર્યોધન સાથે ફેંસલો કરવા સજ્જબની ગયા ત્યારે શ્રીકૃષ્ણે તેમને અટકાવ્યા. તેમની ના છતાં શ્રીકૃષ્ણ પોતાની જાતે વિષ્ટિકાર બન્યા અને દુર્યોધનની પાસે ગયા. તેને કહ્યું, "ગમે તેમ કરીને યુદ્ધ ન થવું જોઈએ. હે દુર્યોધન ! પાંડવો ક્ષત્રિય છે. તેમને રાજઠાઠ વિના ચાલે નહિ તો તું તેમને માત્ર પાંચ ગામો આપી દે તેઓ તેની ઠકુરાઈ ભોગવીને, સતોષથી જીવન પૂર્ણ કરશે. જો આમાં તું સંમત થઈશ તો હસ્તિનાપુરની ગાદી તારી પાસે અકબંધ રહેશે અને યુદ્ધનો ભયાનક સંહાર નિવારી શકાશે."

પણ દુર્યોધન તેટલી વાતમાં ય નામકર ગયો ! તેણે શ્રીકૃષ્ણને સાફ કહી દીધું કે, "ક્ષત્રિયો કદી આવી માંગણી કરનારા ભિખારી બને નહિ. તેમને હસ્તિનાપુરનું રાજ લેવું હોય તો લઈ શકે છે, પણ તેનો નિર્ણય યુદ્ધ દ્વારા જ થશે. બાકી માંગણીઆઓને તો પાંચ ગામની શી વાત ? એક તસુ જેટલી પણ ધરતી મળશે નહિ.'

એ વખતે ઘણા સખ્ત શબ્દોમાં શ્રીકૃષ્ણે દુર્યોધનને હિતશિક્ષા આપી. તે ન માન્યો. ત્યારે તેના પિતા ધૃતરાષ્ટ્રને પુત્રને કાબૂમાં લેવાની વાત કરી. અને છેવટે ધૃતરાષ્ટ્રની પણ મૂર્ખ પુત્ર પ્રત્યેની મોહાન્ધતાને ઝાટકી નાંખીં તથા યુદ્ધ દ્વારા થનારા કૌરવકૂળના મહાસંહારનો ભય પણ જણાવ્યો. આ બધાની પાછળ શ્રીકૃષ્ણની કરુણા-ભાવના જ જોરથી કામ કરી રહી હતી. તેને મહાસંહાર બિલકુલ મંજૂર ન હંતો.

વિષ્ટિકાર તરીકેના 'મિશન'માં તેઓ જ્યારે નિષ્ફળ ગયા ત્યારે પણ તે કરુણા અંદરથી બૂમો પાડવા લાગી કે, "હજી કોઈ યત્ન કરો અને આ સંહારને અટકાવો.!" તે વખતે શ્રીકૃષ્ણે વિદાય થતી વેળા રથમાં બેસતી વખતે ભીષ્મ વગેરેને તો પાછા વાળ્યા. પણ વિદાય આપવા આવેલા કર્ણને રથમાં ખેંચીને બેસાડી દીધો. ચાલતે રથે કર્ણને સમજાવતાં સમજાવતાં છેવટે છેલ્લો ઘટસ્ફોટ કરી નાંખ્યો કે તે પાંડુ અને કુન્તીના સંબંધથી પેદા થએલો, એથી જ યુધિષ્ઠિરનો જયેષ્ઠ ભ્રાતા, કૌન્તેય છે. પાંડવ છે. રાધેય નથી."

બેશક, આ ધડાકો કર્ણ માટે અભૂતપૂર્વ હતો. તેની નજરમાં શ્રીકૃષ્ણે આ રીતે હસ્તિનાપુરની સત્તાની લગામ હાથમાં આવતી દેખાડી હતી ! પણ થોડી જ પળોમાં કર્ણે કૌન્તેય ન બનતાં રાધેય તરીકે જ સદા રહેવાનો નિર્ણય મનોમન કરીને, શ્રીકૃષ્ણને તેમ જણાવી દીધું. વળી એક વાર શ્રીકૃષ્ણ ના-યુદ્ધની સ્થિતિ પેદા કરવામાં નિષ્ફળ ગયા. આ દાવ રમવામાં તેમની ધારણા એમ હતી કે જો કર્ણ કૌરવ-પક્ષનો ત્યાગ કરે તો યુદ્ધ જ ન થાય; કેમકે કર્ણ વિના અર્જુનને હરાવવાનું કાર્ય સાવ અસંભવિત હતું એમ દુર્યોધન બરોબર માનતો હતો. પાંડવપક્ષે જેવો મહાન અર્જુન હતો. તેવો જ મહાન — તેથી પણ થોડોક વિશેષ મહાન-કૌરવપક્ષે કર્ણ હતો. કર્ણ હોય તો જ વિજય હોય; કર્ણ વિનાના યુદ્ધમાં દુર્યોધનનો પરાજય જ થાય.

જો પાંડવપક્ષે કૃષ્ણ ન હોત; કૃષ્ણના દાવપેચોની પ્રચંડ બુદ્ધિમત્તા ન હોત તો કૃષ્ણ વિનાનો અર્જુન કર્ણને જીતી શકે તેમ ન હતું. અને ખરેખર, અર્જુને કર્ણને જીત્યો નથી; કૃષ્ણ-નીતિથી જ કર્ણ જીતાયો છે.

મહાભારતકારોએ કૃષ્ણના પાત્રને જેટલા લાડ લડાવ્યા છે તેટલા જ લાડ કર્ણના પાત્ર સાથે કરીને એ વાત છતી કરી છે કે કર્ણ સૌથી ઉત્કૃષ્ટ કક્ષાનો, અજેય યોદ્ધો હતો.

ખેર... શ્રીકૃષ્ણે તો જીવમાત્ર પ્રત્યેની કરુણા-ભાવનાથી પ્રેરાઈને પોતાનાથી શક્ય તે બધા દાવ 'ના-યુદ્ધ' માટે કરી લીધા. પણ કાશ ! નિયતિને યુદ્ધ જ મંજૂર હતું ત્યાં શ્રીકૃષ્ણ પણ નિષ્ફળ જાય તેમાં શી નવાઈ !

સામાન્ય કક્ષાના સજ્જન માણસો પણ આ યુદ્ધના વિનાશથી ધ્રૂજી ઊઠતા હોય છે. ભવિષ્યમાં સંભવિત ત્રીજું વિશ્વયુદ્ધ કેવું હોઈ શકે ! તે અંગે આંખ સામે સ્પષ્ટ ચિતાર રજૂ કરતી ફિલ્મ 'ધ લોન્ગેસ્ટ ડે' — જોઈને વિશ્વના લાખો માણસો ભયભીત બની ગયા ! અમેરિકામાં તો લાખો માણસોની રેલી નીકળી. તેણે યુદ્ધની વિઘાતક સામગ્રીઓને દરિયામાં પધરાવી દેવાના ગગનભેદી પોકારો કર્યા ! યુદ્ધની અને યુદ્ધોત્તર સમયની સંભાવનાઓને કલ્પવા જતાં ભયથી રૂવાંડા ઊભા થઈ જાય !

સમ્રાટ અશોકે યુદ્ધની તબાહી જોઈ ! તેમણે સદા માટે તલવાર મ્યાન કરી !

બીજા વિશ્વયુદ્ધમાં હીરોશીમા ઉપર એટમ-બોમ્બ ફેંકવાનું કામ જે વિમાન-ચાલકે કર્યું તેણે પાછળ વળીને વિમાનમાંથી જે ભયાનક આગ. ચીચીયારીઓ, શરીરનાં કપાઈને ઊડતા અંગો, ધડાકા-ભડાકાના અવાજો વગેરે જોયા-સાંભળ્યાં તેનાથી તે પાગલ થઈ ગયો. વર્ષો સુધી ગાંડાની હૉસ્પિટલમાં રહ્યો. યુદ્ધકીય દૃશ્યો જ્યારે તેને યાદ આવતા ત્યારે તે ચીસો પાડી દેતો; માથાના વાળ ખેંચી નાંખતો; શરીરને બચકા ભરતો. અંતે એ જ હાલતમાં એ મરી ગયો !

ભારત-પાકિસ્તાનના વિભાજન વખતે જે હિન્દુ-મુસ્લિમ રમખાણો થયા તેનું વર્ણન 'અડધી રાતે આઝાદી' પુસ્તકમાં છે. ત્રણ ત્રણ હજાર માણસોની ટ્રેઇનમાં જ લાશો પાડી દેવાની વાતો, રક્ત ટપકતી ચાલતી તે ટ્રેનો, લાખો માણસોનો સંહાર, લાખો સ્ત્રીઓ ઉપર સામૂહિક બળાત્કાર, લૂંટફાટ વગેરેનું જે વર્ણન તે પુસ્તકમાં છે તે વાંચી ન શકાય તેટલું ભયાનક છે ! એક જ માતાના પેટમાં જોડલું તૈયાર થતું હતું અને અચાનક જાણે એક બીજાને ફાડી નાંખવા માટે એક બીજાના મોં ઉપર આંગળીના નખો ભીડાવી દેતું હતું !

શ્રીકૃષ્ણ તો સમ્યગ્જ્ઞાની હતા. તેઓ યુદ્ધજનિત સંહારની કલ્પનાથી વાકેફ ન હોય તે અસંભવિત હતું. આમ છતાં નિયતિ આગળ તેમને ઝૂકવું પડયું. એક મહાસંહારનું તાંડવ ખેલાઈ ગયું.

નિયતિ સામે કોણ લાચાર નથી ! પરમાત્મા મહાવીર દેવની ઉપસ્થિતિમાં જ બે જૈન રાજાઓ-ચેડા અને કોણિકની વચ્ચે બે મહાયુદ્ધો ખેલાયા; જેમાં એક ક્રોડ, સિત્તેર લાખ માણસોની લાશ પડી ગઈ ! એમાંથી એક જ સૈનિક સ્વર્ગે ગયો; બાકીના તમામ દુર્ગતિ ભેગા થયા !

પ્રભુ આદિનાથના બે પુત્રો-ભરત અને બાહુબલિ લડી. પડયા ! મહાસંહાર થયો ! અહીં બધે નિયતિ સિવાય કોની તાકાત માનવી ?

શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રે પાંડવોને વિજય અપાવી શક્યા પણ ઘરમેળે થએલા યાદવોના કલહને ન મીટાવી શક્યા ! જીવનની સંધ્યા ઢળી ત્યારે જાણે કે તેમનું પુણ્ય જ પરવારી ગયું ! દ્વારિકાનું દહન થયું. રથમાં બેસીને ભાગી જતાં ઘોડાની લગામ તૂટી ગઈ ! લાચાર બનીને માબાપને પડતા મૂક્વા પડ્યા ! મોટા

ભાઈ બળદેવને લઈને વિદાય લેવી પડી ! રસ્તામાં સખત ભૂખ લાગી. બળદેવે હાથે પહેરેલું સોનાનું કડું વેચીને ભોજન મેળવ્યું. શ્રીકૃષ્ણે ભોજન કર્યું. હવે પાણીની તરસ લાગી. બળદેવ પાણીની તપાસમાં નીકળ્યા. શ્રીકૃષ્ણ તે દરમ્યાન સફેદ શાલ ઓઢીને કોક વૃક્ષ નીચે સૂઈ ગયા. કાશ ! જરાકુમારે ઝેર પાયેલા બાણથી તેમને-હરણ સમજીને - વીંધી નાંખ્યા ! કેવું કરુણ મોત !

પુણ્ય પરવાર્યું ત્યારે વૃદ્ધ પિતા શ્રેણિકને પુત્ર કોણિકે રોજ સો હંટરોનો માર માર્યો ! શ્રેણિકને આત્મહત્યા કરવી પડી !

પુણ્ય પરવાર્યું ત્યારે ફ્રાન્સનો ભાગ્યવિધાતા નેપોલિયન હેલીના ટાપુમાં સડીને મર્યો !

પુણ્ય પરવાર્યું ત્યારે ચક્રી બ્રહ્મદત્ત અંધ થઈને સોળ વર્ષ રિબાઈને મર્યો ! અને ચક્રી સુભૂમ આકાશમાર્ગે દેવો દ્વારા લઈ જવાની પાલખી સાથે સમુદ્રમાં પડીને સાતમી નારકે ગયો !

પુણ્ય ખૂટી ગયું તો મેવાડના મહારાણાને પણ પહાડોમાં નાસતા-ભાગતાં, ભૂખ્યા ભટકવું પડ્યું, કોઈ ભિખારીએ દીધેલો રોટલો પણ બાજ પંખીએ છીનવી લીધો !

ધર્માત્મા, ભાવિ તીર્થકરાત્મા શ્રીકૃષ્ણને પણ કર્મોએ નથી છોડ્યા ! પરમાત્મા મહાવીરદેવને તેઓ તીર્થંકર બન્યા પછી પણ કર્મોએ નથી છોડ્યા ! લાગટ છ માસ સુધી તેમને લોહીના ઝાડા કરાવીને કાયાથી સાવ દુર્બળ બનાવી દીધા હતા !

ઓ, નિયતિ તને મારી લાખ, લાખ સલામ !

### કર્માત્મા શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણ સમ્યગ્દષ્ટિ હતા. સમ્યગ્દષ્ટિ જીવને ભોગો ભોગવવા પડે; યુદ્ધો કરવા પડે ત્યારે તેનામાં તે તીવ્રતાથી આસક્ત ન

બને. આથી જ તેને અનાસક્ત કર્મયોગી કહેવાય છે.

શંકરાચાર્યજી કહે છે કે ગીતામાં જ્ઞાનયોગ છે; રામાનુજાચાર્ય ભક્તિયોગ જણાવે છે; લોકમાન્ય તિલક અને ગાંધીજી અનાસક્ત (નિષ્કામ) કર્મયોગ જણાવે છે. અપેક્ષાએ આ જ વાત બરોબર લાગે છે કેમ કે શ્રીકૃષ્ણ પોતે જ નિષ્કામ કર્મયોગનું જીવન જીવ્યા હતા; એટલે ગીતાની તેમની વાતોમાં તેનું જ નિરુપણ આવે તે વધુ યથાર્થ જણાય છે.

કામના; બે વાતની હોઈ શકે. ભોગની કામના અને કર્મના ફળની કામના, ટૂંકમાં ભોગમાં અને ફળમાં આસક્તિ.

શ્રીકૃષ્ણ બે ય વાતે અનાસક્ત હતા. યુદ્ધ-કર્મ એમને જોઈતું જ ન હતું: એ માટે એમણે પ્રચંડ પ્રયત્નો કર્યા છતાં તેમને યુદ્ધ કરવું પડયું. તો તે યુદ્ધ આસક્તિ વિનાનું જ હોય. વળી યશ, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરેની પોતાને પ્રાપ્તિ થાય તેવી ફળની કામના પણ તેમણે ક્યારેય રાખી નથી. આથીસ્તો તેમણે અનેક વખત વિચિત્ર બાબતો કરીને લોકમાં અપયશ અને અપકીર્તિ મેળવ્યા છે. જુઓ :-

(૧) જરાસંઘ સાથેના યુદ્ધમાં ઘોર માનવસંહાર થવાની અને પરાજય મળવાની શક્યતાને જોઈને તેઓ રણમાંથી ભાગી છૂટ્યા 'રણછોડ' કહેવાયા. પણ એથી માનવસંહાર મટી ગયો એનો જ એમને આનંદ હતો. અપયશની એમને કોઈ ચિંતા ન હતી.

(૨) અતિ ભયાનક ક્રોધાવેશમાં દ્રોણાચાર્યે ઘણો મોટો નરસંહાર શરૂ કર્યો તેને અટકાવવા માટે દુર્જય દ્રોણાચાર્યને ખતમ કરવા માટે તેમણે યુધિષ્ઠિર પાસે લગભગ અસત્ય બોલાવ્યું... 'અશ્વત્થામા' હતઃ નરો વા કુંજરો વા" - આથી શ્રીકૃષ્ણની કિંમત ઘટી પણ તેમની તેમને પરવા નથી. એક બ્રાહ્મણ યુદ્ધ શીખવી શકે પણ યુદ્ધ કરી તો ન જ શકે. દ્રોણે આ

નિયમનો ભંગ કર્યો. જેની સામે શ્રીકૃષ્ણે પોતાનો દાવ રમીને પણ તેનો નાશ કર્યો. દ્રોણ કૌરવ-પાંડવોના ગુરુ તરીકે ગમે તેટલા મહાન હતા; પણ તેમણે દુર્યોધન વગેરે આતતાયીઓનો પક્ષ લઈને પોતાની મહાનતાને ખતમ કરી હતી એ વાત શ્રીકૃષ્ણની નજરમાંથી ક્યારે ય હટતી ન હતી. 'દુષ્ટની સામે દુષ્ટ જ થવું પડે.' એ કૃષ્ણ રાજનીતિ હતી. એ નીતિ અપનાવવામાં પ્રાપ્ત થતી અપકીર્તિની તેમને કોઈ ચિંતા ન હતી. દુર્યોધનની અનેકવિધ દુષ્ટતાઓને જોઈને તેના હાથમાં હસ્તિનાપુરનું રાજ જવા દેવામાં આખી પ્રજા દુષ્ટ બની જવાનો ભય ડોકાં દઈ રહ્યો હતો. આથી જ પ્રખર રાજકારણી શ્રીકૃષ્ણે ભયને નિર્મૂળ કરવા માટે જે કાંઈ -સાચું ખોટું કરવું પડે તેમાં તેમને જરાય છો છ ન હતો.

(૩) આથી જ ભીમને મારીને છેલ્લે છેલ્લે હારની બાજીને જીતમાં પલટી નાંખવાની શક્યતાને દુર્યોધનમાં જોઈને શ્રીકૃષ્ણે અર્જુન દ્વારા ગદાયુદ્ધની અનીતિ આચરવાની પ્રેરણા કરી, ભીમે દુર્યોધનની સાથળમાં તરત ગદા ઝીંકી દીધી. દુર્યોધનને ખતમ કર્યો. સહુને શ્રીકૃષ્ણની આ રમતની ખબર પડી ગઈ. પણ એ શ્રીકૃષ્ણ કેમ કહેવાય જેને દુષ્ટોનો નાશ કરવામાં અનીતિ આચરવામાં કોઈ વાંધો હોય !

(૪) આ જ રીતે અર્જુનથી બિલકુલ જીતી ન શકાય તેવા કર્ણને ખતમ કરવાની પ્રેરણા — કર્ણની નિ:શસ્ત્ર અવસ્થામાં — શ્રીકૃષ્ણે કરી હતી. કર્ણ ખતમ થયો હતો ! તેમનું કહેવું એ હતું કે જો દુષ્ટો-કર્ણ વગેરે — નિ:શસ્ત્ર અભિમન્યુને હણી શકે તો તેવું જ કરવામાં પરપક્ષને શા માટે વાંધો હોવો જોઈએ?

જેવા સાથે તેવા બનવાની કૃષ્ણનીતિ હતી.

(૫) જો દુ:શાસનપુત્ર જયદ્રથનો સંધ્યા ઢળતાં પહેલાં નાશ ન થાય તો અર્જુનની જીવતા બળી મરવાની પ્રતિજ્ઞા હતી.

અર્જુનનું મોત દુર્યોધનને હસ્તિનાપુરનો રાજા બનવામાં ઘણી સરળતા કરી આપતું હતું. શ્રીકૃષ્ણને તે મંજૂર ન હતું. એમણે મધ્યાહ્‌ને સૂર્યાસ્તનું કપટ કરીને જયદ્રથને અર્જુન દ્વારા સહેલાઈથી ઉડાવી દીધો !

જો શ્રીકૃષ્ણ ખરેખર ભગવાન હોત તો તેઓ આ બધા દાવ કદી રમત નહિ. હા. તે સ્થિતિમાં તો તેમણે કૌરવ, પાંડવોને સંસારની અસારતાનો હૃદયવેધી બોધ આપીને સંસારથી વિરક્ત કરીને બધાને દીક્ષા જ આપી દીધી હોત !

અઠ્ઠાણુ ભાઈઓને મોટાભાઈ ભરત સાથે યુદ્ધ કરવું હતું તેમાં સંમતિ લેવા માટે પિતા તુલ્ય પરમાત્મા આદિનાથ પાસે આવ્યા હતા. પણ પ્રભુએ તો એવો બોધ આપ્યો કે બધાએ ત્યાં જ દીક્ષા લઈ લીધી !

પણ સબૂર ! શ્રીકૃષ્ણ તો ઉત્કૃષ્ટકક્ષાના રાજકારણી તરીકેના રોલમાં હતા. તેમની પાસેથી આ અપેક્ષા ખૂબ વધુ પડતી ગણાય. રાજકારણી તરીકેના રોલમાં તો તેમણે જે કાંઈ કર્યું (ધર્માત્મા હોવાથી) તેમને જે કાંઈ કરવું પડયું તે બધું યથાર્થ ઠરાવી શકાય તેમ હતું.

(કાશ ! સાવ ભોળા ગાંધીજી શ્રીકૃષ્ણનો રોલ ભજવવા ગયા ! ધરાર નિષ્ફળ ગયા ! કહેવાતા અહિંસક આંદોલનમાં લાખો લોકોની કતલ થઈ ગઈ ! ગાંધીજી ક્યારેય રાજકારણી હતા જ નહિ. અંગ્રેજોએ તેમને અને મહમદઅલી ઝીણાને ચડાવી માર્યા; લડાવી માર્યા, અને ગબડાવી પણ દીધા !)

જેમ અર્જુનના રથના સારથિ શ્રીકૃષ્ણને કહ્યા છે તેમ મેઘમુનિ (જીવમાત્ર)ના જીવનરથના સારથિ તરીકે પરમાત્મા મહાવીરદેવને કલ્પસૂત્રગ્રન્થની ટીકામાં જણાવવામાં આવ્યા છે. કેવું અદ્‌ભુત સામ્ય સધાયું છે; બે પ્રસંગોમાં !

# અર્જુન

## (3)

શું ખબર ? કુરુક્ષેત્રના મેદાનમાં ખરેખર ગીતાની રચના થઈ છે કે નહિ ? જે હોય તે; પરંતુ એક વાત નક્કી છે કે તે ગીતા દ્વારા શ્રીકૃષ્ણે (કે વ્યાસમુનિએ) બે ઉપદેશ તો ખૂબ જબરા આપ્યા છે. માનવજગત્‌ને તે અત્યન્ત ઉપયોગી છે. પહેલો ઉપદેશ: અહંકાર છોડવા દ્વારા યશકીર્તિની આસક્તિનો ત્યાગ કરો.

બીજો ઉપદેશ : તેથી સહજ રીતે સ્વધર્મોનું પાલન કરો. આ છે; ગીતાનો સાર.

જરાક વિગતથી વિચારીએ.

જીવમાં બે પ્રકારની આસક્તિ હોય છે, રાવણની જેમ પરમાં આસક્તિ અને દુર્યોધનની જેમ સ્વમાં આસક્તિ. રાવણ સીતાના પ્રેમમાં પડ્યો હતો. દુર્યોધન પોતાના પ્રેમમાં પડ્યો હતો.

બીજા ઉપર આસક્તિ કન્દર્પમાંથી આવે છે.

પોતાની ઉપર આસક્તિ દર્પમાંથી આવે છે.

દુર્યોધન અહંકારી હતો. એને પોતાની જાત ઉપર અતિ ભારે પ્રેમ હતો. એટલું જ નહિ; એને પોતાના વિચારો ઉપર પણ અતિ ભારે પ્રેમ હતો. આથી એને પોતાની ખુશામત ખૂબ ગમતી; અને એ પોતાના વિચારોને કદી છોડતો નહિ એ કદાગ્રહી હતો.

જેનામાં અહંકાર છે તે જ પોતાનામાં આસક્ત છે. તેને યશકીર્તની કામના અતિ તીવ્ર હોય છે. તેને અપયશ મળે

તેનાકરતાં તો તે મરી જવું પસંદ કરે. એને એની પોતાની 'ઇમેજ' બહુ વહાલી હોય છે. ઇમેજ તૂટવાની કલ્પના કરતાં પણ એ ધ્રૂજી ઊઠતો હોય છે.

આવા માણસો પોતાના જે સ્વધર્મો છે તેને સારી રીતે પાળી શકતા નથી.

ઉપરની ભૂમિકામાં જેટલો ધર્મ (સીધો મોક્ષપ્રાપક) મહાન છે તેટલો જ નીચેની ભૂમિકામાં સ્વધર્મ મહાન છે. સ્વધર્મો એટલે ઔચિત્યો. તેમનું પાલન સહુએ કરવું જોઈએ. પિતા તરીકે પુત્ર તરફનું જે ઔચિત્ય હોય તે પિતાએ પાળવું જ જોઈએ. એ તેનો સ્વધર્મ છે.

પુત્ર તરીકેનું પિતા પ્રત્યેનું જે ઔચિત્ય હોય તે પુત્રે પાળવું જ જોઈએ. એ તેનો સ્વધર્મ છે.

આ રીતે પતિ, પત્ની, મા, દીકરી, સાધુ, સંસારી, અતિથિ, રાજા, પ્રજા, ગુરુ, શિષ્ય વગેરે દરેકનો સ્વધર્મ હોય છે.

ક્ષત્રિયનો સ્વધર્મ, યુદ્ધ સમયે લશ્કરમાં જોડાઈ જવું તે છે.

બ્રાહ્મણનો સ્વધર્મ, પ્રજાને વિદ્યાદાન કરવું તે છે.

વૈશ્યનો સ્વધર્મ, સ્વોપાર્જિત સંપત્તિનો રાષ્ટ્રરક્ષા માટે કે દુષ્કાળાદિના સમયે સદ્‌વ્યય કરી નાંખવો તે છે.

શુદ્રનો સ્વધર્મ સખત કામ કરવું, સફાઈ રાખવી તે છે.

સ્વધર્મોથી ભ્રષ્ટ થવાય નહિ. એ તો બહુ મોટો અધર્મ છે. આવો અધર્મ સેવતો આત્મા ગમે તેટલો મોક્ષલક્ષી ધર્મ કરે તો તે ફળપ્રદ થતો નથી.

સ્વધર્મોનું પાલન તે લૌકિક સૌન્દર્ય છે. ધર્મનો પાયો છે.

ધર્મોનું આચરણ તે લોકોત્તર સૌંદર્ય છે. મોક્ષનો પાયો છે.

સ્વધર્મ પ્રથમ છે. ભલે ધર્મ મુખ્ય હોય.

શ્રીકૃષ્ણે ગીતા દ્વારા અર્જુનને બે વાત બતાડી છે.

(૧) તારી 'ઇમેજ' (યશ)ની આસક્તિ તોડી નાંખ.
(૨) ક્ષત્રિય તરીકેના તારા સ્વધર્મનું પાલન કર.

વાત એવી બની હતી કે જ્યારે યુદ્ધ કરવા માટે બંને પક્ષોના સૈન્યો ગોઠવાઈ ગયા હતા ત્યારે રથમાં ઊભેલા અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, "મને શત્રુપક્ષના રથીઓ અને મહારથીઓની ઓળખ કરાવો." સારથિ બનેલા શ્રીકૃષ્ણ તરત રથને શત્રુસૈન્યની નજીક લઈ ગયા અને ઓળખવિધિ કરાવી. તેમાં દાદા ભીષ્મને બતાડ્યા; ભાઈ દૂર્યોધન બતાડયો. ગુરુ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય પણ બતાડયા.

બસ. આથી જ હૈયાનો સરળ (ઋજુ એટલે સરળ. 'ઋજુ' શબ્દ ઉપરથી અર્જુન' શબ્દ બન્યો છે. અર્જુન સાચા અર્થમાં ખૂબ સરળ હતો) અર્જુન ભડકી ગયો ! મનમાં વિચાર આવ્યો કે, "મારા વડીલો, સ્વજનો અને સ્નેહીજનોની મારે જ હત્યા કરવાની ! હાય ! ધરતીના ટૂકડા ખાતર આ પાપ ! આથી તો ઇતિહાસમાં મારું નામ કાળા અક્ષરે લખાશે. મારી બધી આબરૂ (ઇમેજ) ધૂળ થઈ જશે. ના. ત્રણ લોકનું રાજ મળે તો ય મારાથી આ હત્યાઓ થઈ શકે તેમ નથી. યુધિષ્ઠિરને જે કરવું હોય તે કરે. હું તો સંન્યાસનો માર્ગ સ્વીકારી લઈશ."

આ બધી વાત ધ્રૂજતા અંગે અને સરી પડતાં ગાંડીવ ધનુષ્યે અર્જુને શ્રીકૃષ્ણને કરી. આ વિચારમાં પોતે મક્કમ છે તેમ પણ તેણે જણાવ્યું.

શ્રીકૃષ્ણે એમાંથી તારણ કાઢ્યું કે અર્જુનને અહંકાર (પોતાની ઉપરની આસક્તિ; ઇમેજનો સવાલ) સતાવે છે; એથી એ રણમાં ક્ષત્રિય તરીકેના સ્વધર્મથી ભ્રષ્ટ થઈને પલાયન કરી દેવા માંગે છે.

આ બે બાબતોના નિરાકરણ માટે કહેવાય છે કે જે ઉપદેશ સાતસો શ્લોકોમાં શ્રીકૃષ્ણે અર્જુનને આપ્યો તે જ ગીતા.

શ્રીકૃષ્ણની નજરમાં અહંકાર અને સ્વધર્મભ્રષ્ટતા એ બહુ મોટા બે દોષો તરીકે જણાતા હતા. વાત પણ એકદમ સાચી છે. જ્યાં કન્દર્પ ફાવતો નથી ત્યાં દર્પ ફાવી જાય છે. અભિમાની માણસનું પતન થતાં વાર લાગતી નથી. જે નન્દિષેણમુનિ, લક્ષ્મણા સાધ્વી, સ્થૂલભદ્ર મુનિ વગેરે કામવૃત્તિથી પાછા ફરી ગયા હતા તે બધા અહંકારના હુમલામાં માર ખાઈ ગયા હતા.

આથી જ કોકે અહંકારને મોતનું બીજું નામ કહ્યું છે. તો કોકે વળી તેને પતનની પાયલોટકાર કહી છે.

એક કવિએ કહ્યું છે, "અહં રે અહં, તું જાને મરી, પછી (મારામાં) બાકી રહે તે હરિ.

ઈશ્વર સાથે સમ્પર્ક કરવો હોય તો ફોન કરો. તેનો નંબર ઝીરો છે ! (આપણે 'હીરો' બનીને ઈશ્વર વિષે વાતો જ કરીએ છીએ.)

શિવાજીમાં આવી ગએલા સત્તાના મદના ચૂરા કરી દેવા માટે સ્વામી રામદાસે પહાડમાંથી ઢેફું કાઢીને તેને તોડીને તેમાંથી નીકળેલું જીવડું બતાડીને તેને પૂછ્યું હતું કે, "હે શિવાજી ! આ જીવડાને પણ ભોજન તું આપે છે ?" શિવાજી શરમથી ઝૂકી ગયા હતા !

જ્યારે જ્ઞાનેશ્વરને મન્ત્રદીક્ષા આપવી હતી ત્યારે મોટાભાઈ નિર્વૃત્તિનાથે તેને સવાલ પૂછ્યો હતો, તું કોણ છે ?" જ્ઞાનેશ્વરે કહ્યું, "અહંકારશૂન્ય અને મારા ભાગ્ય મુજબ જીવતો નાચીઝ જીવ છું." 'અહંકારશૂન્ય' શબ્દ સાંભળીને પ્રસન્ન થઈ ગએલા નિર્વૃતિનાથે તેને મન્ત્રદીક્ષા આપી.

કહેવાય છે કે નાટય કંપનીમાં લાખો રૂપીઆ કમાઈ ગએલા વિખ્યાત નટ ચીમન મારવાડીએ સંપત્તિનો અતિ વધુ

ગર્વ એક રાતે કરતાં ૨૪ જ કલાકમાં તમામ સંપત્તિ ગુમાવી નાંખી હતી !

ઉપમિતિકારે પ્રથમ સ્તબકના અન્તે અભિમાન શૂન્ય બનીને પરાર્થ કરવાની સર્વ જીવોને ખાસ ભલામણ કરી છે. તેમણે કહ્યું છે કે અભિમાની વિદ્વાન્ માણસની વાતોની કોઈ અસર શ્રોતાઓ ઉપર પડતી નથી.

અભિમાની માણસ પોતાનામાં જ આસક્ત રહે છે. આ આસક્તિ એ જ અભિમાન છે. આવા માણસને કાર્યના યશની અને ફળની આસક્તિ પણ હોય છે. એનાથી અપયશ ખમાતો નથી. એ તો એની 'ઇમેજ' બનાવવામાં જ ચકચૂર રહે છે. વળી એને પોતાના કાર્ય (કર્મ)નું ફળ અચૂક જોઈએ છે. તે મેળવવા માટે અધીરો બને છે. ફળ ન મળેતો તે મનથી તૂટી પણ જાય છે.

ખરેખર તો માણસે આ બે ય આસક્તિઓને તોડીને દરેક કાળમાં, દરેક ક્ષેત્રમાં, દરેક દ્રવ્યની (વ્યક્તિની) સામે તેને પોતાનો ધર્મ-સ્વધર્મ શું છે ? તે જ જાણવું જોઈએ. તે સ્વધર્મ જ બજાવવો જોઈએ. સ્વધર્મ બજાવતાં બજાવતાં જે આનંદ પ્રાપ્ત થાય તે જ તેના કાર્યનું ફળ. આ સિવાય બીજા કોઈ ફળની તેને કામના ન હોય. આ વાત શ્રીકૃષ્ણે ગીતામાં કહી છે કે, ભાઈ ! તું તારો સ્વધર્મ (કર્મ) બજાવવાનો જ અધિકારી છે. ફળના અધિકારની વાત પણ કર મા."

ધર્મ તો બેશક શ્રેષ્ઠ છે; પણ તેથી કાંઈ સ્વધર્મોની ઉપેક્ષા ન કરાય. પ્રાથમિક કક્ષાનો ધર્મ તો સ્વધર્મોનું પાલન જ છે. દરેક જીવનું એ લૌકિક સૌંદર્ય છે. એના વિના લોકોત્તર સૌન્દર્ય શે પ્રાપ્ત થાય ?

જે સ્વધર્મ છે તેનાથી ભાગી ન છુટાય; તેમાં દૈન્ય, પણ ન કરાય. (ન દૈન્યં ન પલાયનમ્)

અપેક્ષાએ તો સ્વધર્મોની ધરાર ઉપેક્ષા સાથે ઈશ્વરનું નામ જ લેનારા કરતાં તો ઈશ્વરે, બતાડેલા તે તે સ્વધર્મોનું યથાયોગ્ય પાલન કરનારા જીવો શ્રેષ્ઠ છે. પેલા નામહરિ છે. તો આ કામહરિ છે.

હરિનું કામ છોડીને માત્ર હરિનું નામ ન લેવાય. હા જેનામાં હરિનું ચીંધેલું કામ કરવાની શક્તિ નથી કે શક્તિ હોવા છતાં પુણ્યાઈ નથી તે આત્મા ભલે હરિ... હરિ... હરિ... કરતો રહે. નામહરિ બને. બાકી શક્તિ અને પુણ્યાઈવાળા જીવોએ તો કામહરિ જ બનવું જોઈએ હા. સમય આવે અને અનુકૂળતા મળે તો છેલ્લે ભાવહરિ પણ બની જવું જોઈએ. વીતરાગતા, સમતા વગેરે હરિના જે ભાવો છે તેને સિદ્ધ કરવાની એકાન્ત સાધનામાં વિલીન થઈ જવું જોઈએ. પરંતુ તે ય અકાળે-કામહરિના સમયે- તો ન જ થાય.

મહાભારતમાં કૌશિક નામના છોકરાનો પ્રસંગ આવે છે. તેણે બુઢ્ઢા માબાપની સેવાનો સ્વધર્મ છોડી દઈને 'તેજોલેશ્યા' સિદ્ધ કરવાની સાધનાનો માર્ગ પકડ્યો. વનની વાટ પકડી માબાપ રોતા, કકળતાં રહી ગયા. એણે તેજોલેશ્યા તો સિદ્ધ કરી.

તેના પ્રભાવથી, વૃક્ષ નીચે સૂતેલા તેની ઉપર ચરકીગએલી ચકલીને તેણે જલાવી પણ દીધી ! પરન્તુ માંદા પતિની સેવામાં પરાયણ એક સ્ત્રીની સામે તે હારી ગયો. તેણે છોડેલી તેજોલેશ્યા ધરાર નિષ્ફળ ગઈ ! તે જ્ઞાની બાઈએ તેને સખત ઠપકો દઈને સીધોદોર કરી દીધો !

કહેવાય છે કે ભગવાન વિઠ્ઠલ, પુંડલિકની માતપિતાની

અજોડ સેવાને પ્રત્યક્ષ જોવા માટે તેને ઘેર ગયા હતા. તે વખતે પુંડલિક સેવા-કાર્યમાં તન્મય હતો. તેણે વિઠ્ઠલને કહ્યું, "આપ પેલી ઈંટ ઉપર ઊભા રહો. થોડીવારમાં આપની સેવામાં ઉપસ્થિત થાઉં છું. અને પુંડલિક માતપિતાની સ્નાનાદિ સેવામાં પુનઃ ઓતપ્રોત બની ગયો !

વિઠ્ઠલ તેને સ્વધર્મ-લીન જોઈને અતીવ પ્રસન્ન થયા. તેને વરદાન આપ્યું.

પંઢરપુરના મંદિરમાં આજે પણ તેઓ ઈંટ ઉપર ઊભા છે તે રીતની પ્રતિભા વિદ્યમાન છે. પંઢરપુરની પગપાળા યાત્રાએ જતાં ભક્તજનો, રસ્તામાં સતત, 'પુંડલિકવરદે વિઠ્ઠલ' બોલતા બોલતા પંથ કાપે છે. વળી એક અજૈન શાસ્ત્રોક્ત-પ્રસંગ જણાવું.

વમળમાં ફસાઈને જ્યારે નાવ ડૂબવા લાગી ત્યારે તમામ સહેલાણીઓ પોતપોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા. જે ચાર ખેવૈયા હતા તે હલેસાં મારીને નાવને વમળમાંથી કાઢવાના સખત પ્રયત્નમાં લાગી ગયા. પણ છેલ્લે તો તેઓ પણ હતાશ થઈ ગયા. અને બીજાઓની જેમ પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા લાગી ગયા. કમનસીબે નાવ ડૂબી ગઈ. તમામ લોકો મૃત્યુ પામ્યા. યમરાજના દરબારમાં તેમને ખડા કરવામાં આવ્યા. ચિત્રગુપ્તની પાસેથી તેમની મરણ સમયની પરિસ્થિતિ જાણીને યમરાજે કહ્યું, "ઇષ્ટદેવનું સ્મરણ કરતાં તમામ સહેલાણીઓને સ્વર્ગમાં મૂકો; ચાર ખેવૈયાઓને નરકમાં મોકલી આપો. કેમકે તેમણે છેલ્લી પળ સુધી નાવને ડૂબતી બચાવવાનો સ્વધર્મ જ સાધવાનો હતો. તેમનાથી આ રીતે ઈશ-સ્મરણ ન કરાય. જે સ્વધર્મભ્રષ્ટ છે તે નરકનો અધિકારી છે."

આ ઘટનાની બીજી બાજુઓની ચર્ચા ન કરતાં આપણે એનો મર્મ જ પકડવો છે કે સ્વધર્મનું પાલન છોડાય નહિ. માત્ર

નામહરિ ન બનાય. કામહરિ પણ બનવું જ જોઈએ.

યોગાનુયોગ 'કુરુ-ક્ષેત્ર' શબ્દનો અર્થ પણ આ વિષયમાં સંગત બની જાય છે કે તમારા ક્ષેત્રના વિષયમાં તમે તમારું કામ કરો. (કુરુ=કરો.) તમારો સ્વધર્મ બજાવો.

ગીતા દ્વારા શ્રીકૃષ્ણે અર્જુનને-તેના માધ્યમથી સર્વ જીવોને આ બે વાતો બરોબર સમજાવી છે કે,

(૧) કર્મ કરતાં કોઈ પણ આસક્તિ રાખવી નહિ અને

(૨) સ્વધર્મનું બરોબર પાલન કરવું.

અર્જુન તો કૃષ્ણને આસક્ત જણાયો.

હા. યશની-'ઇમેજ'ની-આસક્તિથી આસક્ત. એથી શ્રીકૃષ્ણને તેનામાં અહંકાર જણાયો. એના વિના આ આસક્તિ સંભવે નહિ.

ઈમેજ તૂટવાનો ભય પેદા થતાં અર્જુન સ્વધર્મ-દુષ્ટોના હાથમાં જતી ધરતીને ક્ષત્રિય બચ્ચાએ રોકવી જ જોઈએ તે-ગુમાવવાની અણી ઉપર આવી ગયો. તેણે લડાઈમાંથી નિવૃત્તિ લેવાનું શ્રીકૃષ્ણને જણાવી દીધું. તેના હાથમાંથી ગાંડીવ પડી ગયું. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું.

અર્જુન ઝપાટાબંધ તૂટવા લાગ્યો.

માણસ ત્રણ રીતે તૂટતો હોય છે.

કોઈ દુઃખના સતત હુમલાથી સીતાની જેમ.

કોઈ પોતાના જ પાપોના ભારથી તૂટી જતો હોય છે; રાજા યયાતિની જેમ;

કોઈ વળી અહંકારથી-ઈમેજથી-તૂટી જતો હોય છે; દુર્યોધનની જેમ.

હા. અર્જુન પણ આ રીતે તો દુર્યોધનનો ભાઈ જ હતો. બે ય 'ઈમેજ'ના વાળા હતા. અભિમાની હતા. અર્જુન પણ 'ઈમેજ'ના ધક્કાની કલ્પનાથી તૂટી પડયો હતો. સંન્યાસ લેવાને સજ્જ બની ગયો હતો.

પાપી માણસ તેના પાપોથી મરતો હોય છે. ધર્મી લોકો તેમના અહંકારથી મરતા હોય છે.

અર્જુનને ધર્મી જીવ કહી શકાય ખરો; કેમકે ધર્મના પાયામાં જરૂરી સરળતા અને પાપભીરૂતા તેનામાં જોરદાર હતી.

એક પત્ની અને પાંચ પતિની વિષમ સ્થિતિ જોઈને નારદજીએ પાંચ પાંડવોને એવી વ્યવસ્થા બનાવી આપી હતી જેની રૂએ દર વર્ષે-વાર ફરતી-એક પાંડવની પાસે જ દ્રૌપદી રહે. જો એ વર્ષમાં અન્ય પાંડવ, એ પાંડવના મહેલમાં જાય તો તેણે તીર્થયાત્રા કરવા દ્વારા બાર વર્ષ માટે નગર ત્યાગ કરી દેવાનો દંડ ભોગવવો.

આ દંડ અર્જુને ભોગવ્યો હતો. ભૂલથી જ તે રાજમહેલમાં પોતાનું પડેલું ગાંડીવ લેવા તે જતો રહ્યો. તેણે નગર-ત્યાગનો સંકલ્પ કર્યો. સહુએ તેને સમજાવવા કોશીશ કરી કે, "આ ઘટના ભૂલમાં ઘટી છે માટે તું દોષપાત્ર નથી." પરન્તુ અર્જુન મક્કમ રહ્યો. સહુની આંખના આંસુ સાથે તેણે એકાકીપણે વિદાય લીધી.

આવો હતો; સરળ અર્જુન ! વડીલોની હત્યાના પાપો કરવાથી ભીરૂ હતો; અર્જુન.

એટલે જ દુર્યોધન જેવો તે અભિમાની-'ઈમેજવાળો'-જરૂર હતો. અને તેથી જ શ્રીકૃષ્ણે દુર્યોધનને અને અર્જુનને બન્નેને માર્યા. દુર્યોધનને ભીમની ગદા વડે જાનથી માર્યો.

અર્જુનના અહંકારને ગીતાથી માર્યો ! હવે કોણ કહી શકે કે શ્રીકૃષ્ણ યુદ્ધભૂમિ ઉપર નિઃશસ્ત્ર હતા ?

ના. અર્જુનને જાનથી ન માર્યો. કેમકે તેનો જીવ ભગવાનનો જીવ હતો. એટલે તેની સાથે એકરસ બનેલા અભિમાનને જ ગીતાના શસ્ત્રથી મારી નાખ્યું.

સાચે જ અર્જુનની સ્થિતિ ખૂબ વિષમ હતી. ભગવાન થવું

સહેલું છે; શેતાન થવું પણ સહેલું છે, કેમકે આ બન્ને વિરોધી છેડે ઊભા રહેલાઓને રાગ, દ્વેષની લાગણીઓ હોતી નથી. આ બે ને ગમે તેવી સ્થિતિમાં કોઈ પણ માનસિક તણાવ (Stress) ઊભો થઈ શકતો નથી. કેમકે એક વીતરાગ છે; બીજો નિષ્ઠુર છે, પણ ઈન્સાન (માણસ) થવું એ ખૂબ જ મુશ્કેલ છે. એને લાગણી જેવું કોઈ તત્વ છે. તેથી જ તેનામાં માનસિક તણાવની સ્થિતિ ઊભી થવાની શકયતા રહે છે. ઈન્સાનને થવું છે; ભગવાન; પણ ઝટ તેનાથી તે થઈ શકાતું નથી. તેને નથી જ થવું શેતાન; પણ પરિસ્થિતિકયારેક તેને તે તરફ ધકેલવાનો જોરદાર યત્ન કરે છે. બિચારો ઈન્સાન ! હવે કરે પણ શું ?

અર્જુન ઈન્સાન હતો. ન હતો; તે ભાગવતનો ભગવાન કૃષ્ણ; ન હતો તે કુરુવંશનો શેતાન દુર્યોધન.

અર્જુન ઈન્સાન હતો; દુર્યોધન શેતાન હતો; એની વધુ સાબિતી લેવા કયાં ય દૂર જવું પડે તેમ નથી.

પાંડવ-પક્ષ તરફથી અર્જુન અને કૌરવ-પક્ષ તરફથી દુર્યોધન શ્રીકૃષ્ણની યુદ્ધમાં મદદ લેવા દોડી ગયા હતા. શ્રીકૃષ્ણ પાસે દુર્યોધન વહેલો પહોંચી ગયો. ઊંઘતા શ્રીકૃષ્ણના માથાના ભાગ આગળ તે બેસી ગયો. સ્વાભાવિક છે કે શ્રીકૃષ્ણ જાગે ત્યારે બેમાંથી પહેલો તો પગે બેઠેલાને જ જુએ. એટલે બન્નેએ જ્યારે પોતાની વાતો કરી ત્યારે તે સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા કે, "ભલે. મારી પાસે બે વસ્તુ છે. (૧) હું પોતે... (૨) મારી વિરાટ અને બલિષ્ઠ નારા યણી સેના. વિષ્ટિકાર બનીને હું જ્યારે ધૃતરાષ્ટ પાસે આવ્યો હતો ત્યારે ભીષ્મના આગ્રહથી મેં તેમને વચન આપ્યું છે કે જો યુદ્ધ છેડાઈ જાય તો મારે જે પક્ષમાં રહેવું પડશે ત્યાં નિ:શસ્ત્ર રહેવું.

"હવે અર્જુન ! જાગીને મેં તને પ્રથમ જોયો છે માટે તું

પહેલું માંગ કે તારે શું જોઈએ ? તે પછી જે બાકી રહે તે દુર્યોધનનું."

આ સાંભળીને દુર્યોધન ગભરાટમાં આવી ગયો. તેને વિરાટ નારાયણી સેના જોઈતી હતી. જો અર્જુન તે સેના જ માંગી લે તો ? બાકી રહેલા શ્રીકૃષ્ણ અને તે ય નિઃશસ્ત્ર તો તેને લગીરે ખપતા ન હતા. એટલે દુર્યોધને દાવો કર્યો કે પહેલો તે આવેલ હોવાથી તેને જ પહેલું માંગવાનું શ્રીકૃષ્ણે કહેવું જોઈએ. પરન્તુ આ પ્રસ્તાવને ઠુકરાવીને જેનું દર્શન પહેલું તે જ પહેલો માંગે એ ન્યાય આગળ કરીને શ્રીકૃષ્ણે અર્જુનને જ ફરીથી પહેલું માંગવા કહ્યું.

અર્જુને કહ્યું : 'મારે આપ શ્રીકૃષ્ણ જોઈએ.' આ સાંભળતાં જ દુર્યોધન રાજીનો રેડ થઈ ગયો ! તેને જોઈતું-ભાવતું મળી ગયું !

અહીં આપણને અર્જુનની મહાનતા જોવા મળે છે. લઘુતા, ધાર્મિકતા અને નિર્મળ બુદ્ધિમત્તા જોવા મળે છે.

તેણે ચરણનું શરણ માંગ્યું ! અરે, આમાં તો શું ન માંગ્યું ! તેણે ત્રણ લોકનું રાજ મેળવી લીધું ! યુદ્ધ-વિજય તો અહીં બહુ મામુલી વાત છે.

દુર્યોધન શેતાન હતો. શેતાનનો દોસ્ત દુર્બુદ્ધિ હોય. તેણે સૈન્યની બહુમતી માંગી. અર્જુન પાસે શ્રીકૃષ્ણની એકમતી આવી.

સહુ જાણે છે જીત કોની થઈ ? શા માટે થઈ ?

બહુમતીવાદ તો ભસ્માસુર છે. બહુમતી તો હંમેશ મૂર્ખાઓની, દોષિતોની, શેતાનોની જ હોય. સજ્જનો અને સંતો સદા લઘુમતીમાં જ હોય.

આકાશમાં ચન્દ્ર કેટલા ? તારા કેટલા ?
વનમાં સિંહ કેટલા ? ગાડર કેટલા ?
ખીસ્સામાં સોની નોટો કેટલી ? બીજું ચલણ કેટલું ?

વિશ્વમાં પશુ વગેરેની દુનિયા કેવડી ? માનવો કેટલા? તેમાં બુદ્ધિમાન્ કેટલા ? અસ્તુ.

એક વાત નક્કી થઈ કે અર્જુન ભલે દુર્યોધનની જેમ 'ઇમેજ'નો આગ્રહી હતો; યશનો કામી હતો; અપયશનો ભીરૂ હતો; અને તેથી સ્વધર્મનો ત્યાગ કરવા ઉત્સુક બની ગયો હતો; પણ છતાં ય એનું જીવદળ ઉત્તમ હતું; માટે જ દુર્યોધનની જેમ શ્રીકૃષ્ણે એને ગદાથી, જાનથી માર્યો નથી. ગીતાથી માર્યો છે; અને ઈમેજથી જ માર્યો છે.

પોતાને માથે સ્વજનો અને ગુરુજનોને હણવાનું કામ આવી પડયું છે એ જાણીને અર્જુન ખિન્ન બની ગયો ! જો કે શ્રીકૃષ્ણે તેને સમજાવ્યું કે તે પાપીઓને તેમના પાપો જ મારવાના છે, (અજૈન મતે જગત્કર્તા સ્વરૂપ શ્રી કૃષ્ણ-ભગવાન તેમને મારવાના છે.) તારે તો માત્ર નિમિત્ત બનવાનું છે. એટલે તારા માથે હત્યાનું કોઈ પાપ લાગવાનું નથી, પણ અર્જુનને તેટલા માત્રથી સમાધાન થયું નહિ. તે તો હત્યાના કલંકથી પોતાની ઇમેજ ખરડાઈ જવાના ભયથી ધ્રૂજતો જ રહ્યો. તેનું અંતર વિષાદથી ખીચોખીચ ભરાઈને ઊભરાઈ ગયું !

ગીતાનું મૂળ અર્જુનનો વિષાદ છે, જે યોગ બની ગયો. ગીતામાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગનું સુંદર નિરુપણ હશે, પણ શ્રેષ્ઠ નિરુપણ તો આ નેત્રદીપક વિષાદ યોગ જણાય છે.

પરમાત્માની પ્રાપ્તિમાં સીધા કારણ તરીકે જ્ઞાનાદિ ત્રણ યોગો ગણાય છે. પણ તે બધાના મૂળમાં પ્રાયઃ વિષાદયોગ હોય છે. સંસારમાં દુષ્કર્મોના ઉદયથી જે વિષમ સ્થિતિઓ - કાવાદાવા, રોગ, ગરીબી, કુસંપ, વિશ્વાસઘાત-વગેરે પેદા થાય છે ત્યારે સંસારને સુખમયઃ સોહામણો સમજનાર જીવ એકદમ વિષાદમાં પડી જાય છે. એમાંથી એને સંસારના ભોગસુખો તરફ નફરત

જાગે છે. એ સુખોથી તે માનસિક રીતે વિરહ પામીને વિરહકાળમાં પ્રવેશ કરે છે. 'તો હવે સાચું સુખ ક્યાં છે ?' તેનું મંથન ચાલુ કરીને તે મંથનકાળમાં પ્રવેશ કરે છે. એથી છેલ્લે તેને જે પ્રભુપ્રાપ્તિ થાય છે તે એનો મિલનકાળ છે.

આ ત્રણ તબક્કાની પ્રગતિ પામવા માટે વિષાદયોગ ખૂબ આવશ્યક બનીજાય છે.

જગતની દુઃખમયતા કે પાપમયતનું દર્શન કરવું જ જોઈએ. તેથી ખિન્ન થવું જ જોઈએ. તે વિના વિકાસ શકય નથી. વળી જ્યારે આ વિષાદ એની ચરમસીમાને પામે તો જ ધન્ય સ્થિતિની પ્રાપ્તિ થાય છે. એક Extreme માંથી જ બીજી Extreme સર્જાતી હોય છે. ઘડીઆળનું લોલક જેટલું પૂર્વ તરફ જાય છે તેટલું જ-પૂર્વ તરફની ગતિમાંથી બળ પામીને-પશ્ચિમમાં જાય છે.

મહારાણા પ્રતાપ દુઃખમય સ્થિતિમાં આવી પડયા ત્યારે જ તેમને ભામાશાહ મળ્યા.

દેવચન્દ્રસૂરિજી, શંકરાચાર્યના જૈનધર્મ ઉપરના ખૂંખાર આક્રમણથી ધ્રૂજીને ત્રાસી ગયાઃ એમની આંખેથી આંસુ વહેવા લાગ્યા ત્યારે જ તેમને કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી પ્રાપ્ત થયા.

કોકે સાચું કહ્યું છે કે જો અંધારું ખૂબ જામી ગએલું તમને જોવા મળે તો તમે નિરાશ ન થતા. હવે ટૂંક સમયમાં જ પ્રભાત પ્રગટવાનો સંકેત પામીને આનંદ જ માણજો.

આ અપેક્ષાએ વિષાદયોગ એ જ્ઞાનાદિયોગોનો જનક હોવાથી સર્વોત્કૃષ્ટ યોગ છે એમ કહી શકાય.

પણ સબૂર ! વિષાદયોગ તેવા અર્જુનો માટે જ સફળ છે જેમને શ્રી કૃષ્ણ (કલ્યાણમિત્ર) જેવા પ્રાપ્ત થાય છે. જેમને સાચો માર્ગદર્શક ભોમીઓ ન મળે એ તો વિષાદના સાગરની ધૂંવાધાર ભરતીમાં તણાઈને ડૂબી જ જાય.

કૃષ્ણ વિનાનો અર્જુન એટલે સાવ નબળો, બીકણ માટીપગો માણસ !

બીકણ શું યુદ્ધ જીતે ! તે તો રોજ સો-બસો વાર હારતો હોય અને મરતો હોય ત્યાં !

શ્રીકૃષ્ણ હોય તો તે ખિન્ન અર્જુનને કહી શકે, 'ઊઠ ઊભો થા ! જાગ્રત બન ! કામે લાગ ! તારી દુર્બળતાને આધીન ન થા ! તે તને જ ચાવી ખાશે !

આવી કોઈ કૃષ્ણ-ગર્જના થઈ ત્યારે જ તે અર્જુન પણ હાથમાં ગાંડીવ ધારણ કરીને યુદ્ધ માટે સજ્જ બની ગયો ! શ્રીકૃષ્ણને કહી શકયો કે, 'હવે મારી ભ્રમણાઓ નષ્ટ થઈ છે. મને જ્ઞાન લાધ્યું છે. તમારો પ્રત્યેક અક્ષર હવે મને સર્વથા મંજૂર છે !'

અને.... સમજણના ઘરમાં પ્રવેશેલા અર્જુનને જ્યારે શ્રીકૃષ્ણભેટી પડયા ત્યારે બેયનો અભેદ થયો ! ઇતિહાસની સર્વોત્કૃષ્ટ સુવર્ણપળનું સર્જન થયું !

તે વખતે દાસત્વનો ભેદ ક્ષય પામ્યો, સખ્યનો ભાવ પણ વિલય પામ્યો. અભેદની છેલ્લી સિદ્ધિ પ્રાપ્ત થઈ.

ઇસુએ પણ શ્રીકૃષ્ણની જેવી જ ગર્જના કરી છે.

"ભાઈ ! તું એક ડગ તો મારી તરફ આવ પછી હું તારી તરફ દસ ડગલાં આવી જઈશ.'

'ભાઈ ! બંધ બારણાંને ખુલવાની રાહ જોયા કરવાથી તે થોડા જ ખુલી જશે ? તું બારણે ટકોર માર અને જોત જોતામાં જ ખુલી જશે.

'તને કોઈ આપે તેની રાહ ન જો. તું માંગ, તને જરૂર મળી જશે."

કાશ ! કુરુક્ષેત્રના યુદ્ધમાં લાખોના જીવન હણાયા હતા!

આજની તારીખમાં તો ભારતવર્ષમાં પશ્ચિમની જીવન-શૈલિના વેગીલા અને અત્યન્ત ભેદી આક્રમણે તો ક્રોડો ભારતીઓની આર્ય જીવન-શૈલિ જ હણાઈ ગઈ છે ! આજે તો એક અર્જુનથી નહિ ચાલે; સો અર્જુન જોઈશે. અને કમ સે કમ દસ કૃષ્ણોની જરૂર પડશે !

'સંભવામિ યુગે યુગે'નું પણ લઈ બેઠેલા શ્રીકૃષ્ણો ! તમે ક્યારે અવતરો છો ? ધરતી ઉપરના સેંકડો અર્જુનો તમારા વિના હતપ્રભ બનીને, લમણે હાથ દઈને, દૂર સુદૂર ક્ષિતિજે આંખો તાંકીને, નિરાશવદને બેસી રહ્યા છે ! ના... ઘણા અર્જુનો તૈયાર છે ! એકે ય અર્જુન નથી' એવું માનીને આવવાનું મોકુફ રાખ્યું હોય તો તે તમારી ભૂલ છે ! ભૂલ સુધારી લો; ઝટ અવતરો !

બેશક; તમારું અવતરણ થવામાં એક બહુ મોટું વિઘ્ન તો ઊભું જ છે; તમારો ક્યાંક ગર્ભપાત થઈ જવાનું !

પણ આ અર્જુનને હિંમત આપનારા શ્રીકૃષ્ણ ! એથી તમે હિંમત હારી ન જશો ? નહિ તો અમારા બધાની શી હાલત થશે !

# ભીષ્મ

## (૪)

જીવનમાં જે કદી હસ્યા નથી અને કદી રડયા પણ નથી.... એવા હતા; કૌરવો અને પાંડવોના પિતામહ ભીષ્મ.

હસ્યા નથી; કેમકે એમને કયાંય મોટી સફળતા મળી નથી.

રડયા નથી; કેમકે તેમની પાસે નિયતિને સલામ કરીને વધાવી લેવાની મહાપ્રજ્ઞા હતી ! કોઈ પણ સંકટ, કોઈ પણ દુ:ખને નિયત-પ્રેરિત ગણીને વધાવી લેવામાં નિષ્ણાત બનેલો આત્મા દુ:ખ, સંકટમાં શી રીતે રડે ?

નહિ; કદી મોં ઉપર હાસ્ય !

નહિ; કયારે ય આંખે આંસુ !

બસ....એણે આપ્યે જ રાખ્યું; વારંવાર, આત્મ-બલિદાન, એણે ઘસાઈ જવાનું એક માત્ર કામ કર્યું. કયાં ય યશ નહિ; એવી કોઈ પ્રતિષ્ઠા નહિ.

આવું જીવન એ પિતામહ જ એકસો વીસ વર્ષ સુધી ખેંચી શકે; બીજો તો તણાવનો માર્યો કયારનો પરલોક ભેગો થઈ જાય ! જરાક વિગતથી એમના જીવન ઉપર દૃષ્ટિપાત કરીએ.

પિતા શાન્તનૂ. માતા ગંગા. એથી જ એનું નામ પડયું ગાંગેય.

મત્સ્યકન્યા સત્યવતીને પરણવાની પિતાની અદમ્ય ઇચ્છામાં એની જે બે બાબતો અવરોધરૂપ બનતી હતી; તે બે ય બાબતોને

એક જ ઝાટકે સાફ કરી નાંખીને પિતાનો માર્ગ મોકળો કરી દીધો !

મત્સ્યકન્યા સત્યવતીના પિતાની ઇચ્છા હતી કે તેની દીકરીનો દીકરો જ હસ્તિનાપુરની ગાદીએ બેસે, તેમ થાય તો જ દીકરીને શાન્તનૂ સાથે પરણાવે.

રાજગાદીનો વારસ ભીષ્મ હતો. તેણે આજીવન 'રાજત્યાગ પ્રતિજ્ઞા કરી.

માછીનો ફરી સવાલ થયો કે, "તમારો દીકરો ગાદીએ બેસે તો ?"

વળતી જ પળે ગાંગેયે જણાવ્યું, "આજીવન-બ્રહ્મચર્ય."

મારી બીજી પ્રતિજ્ઞા !

અને.... તે આકાશમાંથી પસાર થતાં જે દેવો આ વાર્ત્તાલાપ સાંભળવા માટે આકાશમાં ઊભા રહી ગયા હતા. તેઓ આ બે પ્રતિજ્ઞાઓ સાંભળીને ગાંગેય ઉપર પુષ્પવૃષ્ટિ કરવાપૂર્વક બોલી ઊઠ્યા, "ભારે કરી.... ભારે કરી.... (ભીષ્મ ! ભીષ્મ !) બસ. ત્યારથી ગાંગેય, ભીષ્મ બની ગયો !

કેટલું પ્રચંડ આત્મબલિદાન !

પિતૃભક્ત રામનો કામચલાઉ ગાદી ત્યાગ ! આની સામે કોઈ વિસાતમાં નહિ !

પિતૃભક્ત કુણાલનો ચક્ષુત્યાગ ! આની સામે કોઈ વિસાતમાં નહિ.

આણે તો લગ્ન-જીવન છોડીને ભોગસુખ ખોયું.

રાજગાદી છોડીને વૈભવ સુખ પણ ખોયું.

અરે.... અરે.... આત્મબલિદાનની હજી વધુ પરાકાષ્ટા તો ત્યાં જોવા મળે છે જ્યારે દુષ્ટ કૌરવોને કાબૂમાં રાખવાના

ઈરાદાથી ભીષ્મે તેમનો પક્ષ લઈ ને જગત્‌માં અપયશ મેળવીને યશ અને કીર્તિ પણ ખોયા. હાય ! કીર્તિ પણ ગઈ અને કૌરવો કદી કાબૂમાં રહ્યા પણ નહિ. બેવડો માર પડયો ! અને પરિણામે પાંડવોના હાથે પ્રાણ ખોયા !

કહે છે કે સાચા બ્રહ્મચર્યના પાલનના બળથી તો સર્વત્ર યશ અને કીર્તિ જ મળે; તેવી વ્યક્તિના સંગાથમાં સર્વત્ર વિજય મળે. હા.... ભીષ્મ આ નિયમમાં અપવાદ સ્થાને હતા !

કેટલું ઉત્કૃષ્ટ તેમનું બ્રહ્મતેજ હતું !

યુદ્ધભૂમિ ઉપર તેમણે કૃષ્ણને પણ એક વાર તેનો પરચો બતાડી દીધો હતો.

વાત એવી બની હતી કે ભીષ્મની લડતમાં અને તેમના પ્રહારોમાં કાંઈ ખાસ દમ ન જણાતાં રાત્રિના સમયે છાવણીમાં આરામ કરી રહેલા અર્જુને, પડખે સૂતેલા શ્રીકૃષ્ણને કહ્યું, "મને તો પિતામહમા હવે ખાસ શક્તિ જણાતી નથી. સંભવ છે કે તેઓની ભારે વૃદ્ધાવસ્થા આમાં કારણભૂત બની હોય !"

સટાક કરતાં ઊભા થઈ જઈને શ્રીકૃષ્ણે અર્જુનના મોં ઉપર હાથ દબાવી દઈને કહ્યું, "હવે આગળ કશું બોલીશ નહિ. જો કોઈ ગુપ્તચર અહિં ફરતો હશે અને તે તારી આ વાત સાંભળી જશે અને પિતામહને જણાવી દેશે તો આવતી કાલની સવાર પડતાં જ પિતામહ પોતાની શક્તિનો પરચો તને અને મને બરોબર દેખાડી દેશે; એનો પ્રતીકાર કરવાનું કામ મારા માટે પણ મુશ્કેલ બની જશે. ધરતી ઉપરના નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ઓજ-તેજની તાકાત સામે હું પણ શૂન્ય છું."

આગળ વધીને શ્રીકૃષ્ણે કહ્યું, "હે પાર્થ ! પિતામહ મન દઈને લડતા નથી તેનું કારણ એ છે કે તે જાણે છે કે તેઓ અધર્મના પક્ષે

છે. ધર્મ પાંડવોના પક્ષે છે. આવા પાંડવોને હણી નાંખવાનું તેમને જરાય ઉચિત લાગતું નથી. તેમનું દિલ ખૂબ દુઃખી છે. બાકી જો તે ઝપાટો બોલાવે તો તું અને હું બે ય રૂની જેમ આકાશમાં ફેંકાઈ જઈએ."

શ્રીકૃષ્ણની વાત સાંભળીને-મન માન્યું નહિ તો ય ઔચિત્ય ખાતર-અર્જુન શાન્ત થઈ ગયો !

પણ સવારે ચાર વાગતાં શત્રુસૈન્યમાં રોજનાં નિયમ પ્રમાણે જે નગારું બજયું એનો અવાજ અને એના પડછંદા એટલા બધા ભીષણ હતા કે સફાળા જાગી પડેલા શ્રીકૃષ્ણે અર્જુનને જગાડીને તે ભયાનક અવાજ પાછળનો સંકેત સંભળાવ્યો કે, કોઈ ગુપ્તચર દ્વારા ગઈ કાલની વાત પિતામહના કાને પહોંચી છે; અને તેમણે આજે નગારા ઉપર પોતાનો હાથ જમાવીને આપણને કહ્યું છે કે, "બ્રહ્મચારી ભીષ્મનો ઝપાટો જોવા માટે આજે મેદાનમાં વેળાસર હાજર થઈ જજો."

અને ખરેખર તેમ જ બન્યું. "સાવધાન, શ્રીકૃષ્ણ ! મોટેથી કહીને પિતામહે એવો તો ભયાનક કડાકા બોલાવતો ધનુષ્ટંકાર કર્યોકે શ્રી કૃષ્ણના રથના સાતે ય ઘોડાઓ એકદમ ભડકી ગયા અને આકાશમાં ઊછળ્યા. તેમને કાબૂમાં લેવા માટે શ્રીકૃષ્ણે જોરથી લગામ ખેંચતા તેમની પીતાંબરીની ગાંઠ છૂટી ગઈ. એક હાથે પીતાંબરીના છૂટા પડેલા બે છેડા પકડીને શ્રીકૃષ્ણે ઘોડાઓને હજી કાબૂમાં લીધા ન લીધા ત્યાં તો પિતામહે એવો જ ભયાનક અવાજ કરવા સાથે ધનુષ્ટંકાર કર્યો. ફરી ઘોડા ભડકયા ને ઊછળી ગયા ! આવું સતત સાંજ સુધી ચાલ્યું. એક ક્ષણ નિરાંતની ન મળી જેમાં શ્રી કૃષ્ણ પીતાંબરીના બે છેડાની ગાંઠ મારી શકે!

સંધ્યા ઢળતાં બે પક્ષો પોતાની છાવણી તરફ વિદાય થવા લાગ્યા ત્યારે અર્જુને પિતામહને ભાવભર્યા પ્રણામ કર્યા! શ્રીકૃષ્ણે

પણ મનોમન તેમનું અભિવાદન કર્યું !

આવું અજબગજબનું વિશુદ્ધ બ્રહ્મચર્યનું બળ ભીષ્મને આપનારા હતા; તે આકાશગામી-ચારણ મુનિઓ-જેઓ, માતા ગંગાની વિનંતિથી નીચે ઊતરીને રાજમહેલના એક ભાગમાં રાતનો વસવાટ કરતા. તેમણે બાળ ગાંગેયને અહિંસા અને બ્રહ્મચર્યનો મહિમા ઘોળીને સમજાવ્યો હતો. ભીષ્મને ત્યારથી જ નારી તો ઘાસ બરોબર લાગતી હતી. અને એ વનસ્થ રાજમહેલની ચારે બાજુ ચૌદ ગાઉની ધરતીમાં આવેલી સજીવ સૃષ્ટિનું પાંદડું પણ તોડવાની મનાઈ કરી હતી. તેની તે પ્રદેશમાં એવી ધાક અને હાક હતી કે તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની કોઈ મરદમાં ય તાકાત ન હતી.

હા.... શિકાર આદિના વ્યસનમાં ફરીથી ગળાબૂડ ડૂબેલા (રાજા શાન્તનૂના આ સંસ્કારો ગાંગેય ઉપર ન પડે તે માટે તેમનો ત્યાગ કરીને આથી જ રાણી ગંગા, વનમાં વસવાટ કરવા આવી ગઈ હતી.) રાજા શાન્તનૂ એ જ હદમાં હરણોના શિકારે આવી ચડયા ત્યારે તેમને પડકારીને ઝપાઝપી કરનાર આ કિશોર ગાંગેય હતો. એ નિમિત્તે પિતા-પુત્રનું સુભગ મિલન થયું. માતા ધર્મ પરાયણ જીવનમાં ઓતપ્રોત થઈ જવાથી તેણે શહેરમાં આવવાની અસંમતિ બતાડી. પિતા શાન્તનૂને-શિકારની પુનઃ પ્રતિજ્ઞાપૂર્વક-ગાંગેયની સાથે ભાવભરી વિદાય આપી.

ગાંગેયના બાલ્યકાળમાં તેને બે કલ્યાણમિત્રો મળ્યા. માતા! અને મુનિઓ !

માતા મુનિઓ જેવી પવિત્ર હતી.

મુનિઓ; માતા જેવા વાત્સલ્યપૂર્ણ હતા આજે પણ જો બધી માતાઓ મુનિ બની જાય; અને બધા મુનિઓ માતા બની જાય તો નવી પેઢીના સંતાનોના સંસ્કરણની ચિન્તાજનક બનેલી વાત

સાવ સરળ બની જાય. અનેક હેમચન્દ્રાચાર્યો અને કુમારપાળો-યુગપ્રધાનો અને વડાપ્રધાનો પેદા થઈ જાય. તેમની જુગલબંધી ભારતવર્ષની કાયાપલટ કરી નાંખે ! ભીષ્મ પિતામહનું જીવન બાળવયથી માંડીને અન્તકાળ સુધી કેટલું બધું વિષમ હતુ ?

પિતા શાન્તનૂ શિકારની લતે ચડતાં માતા ગંગા તેમને પોતાની સાથે વનમાં લઈ ગઈ !

પિતાનો મેળાપ થયા બાદ, પિતાની મત્સ્યગન્ધા-સત્યવતીની સાથે લગ્નેચ્છા પૂર્ણ કરવા માટે રાજત્યાગ અને ભોગત્યાગ કર્યો. સત્યવતીના સન્તાનોને સુંદર તાલીમ આપીને તેમને રાજા અને યુવરાજ બનાવવા માટે કમર કસી.

તેમાંય ધરાર નિષ્ફળતા મળી. મોટો પુત્ર વિચિત્રવીર્ય દુર્ભાગી હતો. કોઈ રાજકન્યા તેનો જીવનસાથી બનવા તૈયાર ન હતી. ભીષ્મ ત્રણ સગી બેનો-અંબિકા, અંબાલિકા અને અંબાને તેમના સ્વયંવર મંડપમાંથી અપહરણ કરીને ઉઠાવી લાવ્યા; વિચિત્રવીર્ય સાથે પરણાવી દીધી. ત્રણથી ત્રણ સંતાન થયા. પણ પહેલાં બે સંતાનોને પિતા - વિચિત્રવીર્યની તીવ્ર કામવાસનાના કટૂ ફળ પામવા પડયા. પહેલો યુવરાજ ધૃતરાષ્ટ્ર જન્મથી અન્ધ નીવડયો; બીજો પાંડુ, શરીરમાં લોહી વિનાનો - એનીમીક - સાવ ફિક્કો જન્મ્યો. તેથી જ તેને પાંડુ (પાંડુરોગવાળો) કહેવામાં આવ્યો. હા. ત્રીજો, અંબાનો પુત્ર વિદુર પૂર્વજન્મોના સત્કર્મોના જોરદાર બળથી ઉગરી ગયો. તે નામ પ્રમાણે ગુણવાળો (વિદ્+ઉર) જ્ઞાની બન્યો; મહાભારતના દુષ્ટ કૌરવોની પંગતમાં તે જુદી જ ભાતથી સદા માટે ઉપસી આવ્યો હતો.

આ ત્રણ સંતાનોને કાયદેસર રીતે જન્મ આપ્યા બાદ તેમના પિતા વિચિત્રવીર્ય તીવ્ર કામવાસનાના કારણે અકાળે મૃત્યુ પામ્યો.

તો બીજો રાજકુમાર ચિત્રાંગદ; ક્રોધાન્ધ બનીને કોઈ રાજકુમાર સાથે લડી પડતાં કપાઈ મૂઓ. રાજા શાન્તનૂની પહેલી પેઢી ખતમ થઈ; જેને રાજપદ આપવા માટે ભીષ્મે બે ભીષ્મ પ્રતિજ્ઞાઓ કરી હતી !

હવે બીજી પેઢીને તૈયાર કરવાની જવાબદારી પિતામહના માથે આવી. તેમાં ધૃતરાષ્ટ્ર અન્ધ હોવાથી તેને કોઈ પરણે નહિ એટલે ભાઈ શકુનિ દ્વારા તેની બેન ગાંધારીને ધૃતરાષ્ટ્રની સાથે ભીષ્મે પરણાવી કાઢી. જેના તીવ્ર પ્રત્યાઘાતો આવ્યા જે આપણે ગાંધારીના પાત્રાલેખન વખતે જોઈશું.

પાંડુનેય-તે સાવ ફીક્કો હોવાથી-પરણાવવા કોઈ કન્યા તૈયાર ન થાય પણ તેના જ કોઈ સ્વયંભૂ સદ્ભાગ્યે શ્રીકૃષ્ણની ફોઈ કુન્તી-ચિત્રદર્શન કરીને મોહમાં પડી ગઈ ! તેનું લગ્ન વિધિવત્ પાંડુ સાથે થયું. પરન્તુ અહીં પણ કમનસીબે પાંડુ, કુન્તી-મિલન માટે અધીરો થઈને ગુપ્ત રીતે તેની પાસે પહોંચીને તેની સાથે રાત રહ્યો. તેમાં જે ગર્ભ રહી ગયો તે જ ભાવી કર્ણ.

કર્ણના શા હાલહવાલ થયા ? અને કોને કેટલું શોષવું પડયું ? તે બધું આપણે આગળ જોઈશું.

અંધ હોવાથી રાજા થવા માટે ધૃતરાષ્ટ્રની અપાત્રતા હોવા છતાં તેની તીવ્ર સત્તાલાલસા અને પાંડુની બધા પ્રકારની રાજા થવાની પાત્રતા વચ્ચે પિતામહ બરોબર ભીંસાયા! પુષ્કળ પરેશાન થયા !

આમ બીજી પેઢીને સુવ્યવસ્થિત કરવામાં પિતામહને કેટલાક સંયોગોએ લગભગ નિષ્ફળ બનાવ્યા.

હવે આવી ત્રીજી પેઢી. જેમાં ધૃતરાષ્ટ્રના દુર્યોધનાદિ સો પુત્રો હતા. અને પાંડુના યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવો હતા. શરૂમાં તો સહુ સાથે રહેતા; હળીમળીને રમતા; એકબીજાને ચાહતા. પરંતુ તે મીઠા સંબંધોમાં ઈર્ષ્યાની આગે દાટ વાળ્યો. દુર્યોધન કરતાં ભીમ વધુ બલિષ્ઠ હતો. જ્યારે ને ત્યારે હરિફાઈઓમાં તેની જીત થતી. અધૂરામાં પૂરું જ્યારે ભીમ જીતતો ત્યારે યુધિષ્ઠિરાદિ તેનો વિજય ઉજવતા, દુર્યોધનની હારનો હુરીઓ પણ બોલાવતા. દુર્યોધન જીતે ત્યારે તેમના મોં ઉપર ખિન્નતા આવી જતી. આ બધું જોઈને દુર્યોધનને ખૂબ આઘાત લાગતો. એમાંથી જ કૌરવો અને પાંડવો-બે-એકબીજાના કટ્ટર હરીફો બન્યા. ઈર્ષ્યાની આગે તેમને લપેટમાં લઈ લીધા ! જે છેવટ સુધી જલતી રહી. પિતામહ પણ તેને ઠારી શકયા નહિ.

યુદ્ધકાળમાં વસ્ત્રાહરણ, જુગાર આદિના માર્ગે જઈને અન્યાયી બનેલા એવા દુષ્ટ કૌરવોને કબજામાં રાખવા માટે પિતામહ તેમના પક્ષે બેઠા હતા એવું કેટલાકો કહે છે. જ્યારે પિતામહે પોતે યુદ્ધ સમયે વિજયની આશિષ લેવા માટે આવેલા યુધિષ્ઠરને કહ્યું હતું કે, “ધર્મ તારા પક્ષે છે; પણ હું તારા પક્ષે રહી શકયો નથી; કેમકે દુર્યોધને મારી કરેલી સુંદર સેવાચાકરી બદલ હું તેનો ગુલામ બની ગયો છું. (અર્થસ્ય પુરુષો દાસઃ......) હું તેને છોડી દેવા માટે લાચાર છું. પણ હે ધર્મરાજ ! વિજય તો તારો જ થાઓ; જેથી લોકોમાં ધર્મશ્રદ્ધા બની રહે.”

પિતામહના જીવનની સૌથી મહત્ત્વની ઘટના એટલે ભરસભામાં, એમ.સી.માં બેઠેલી મહાસતી દ્રૌપદીના વસ્ત્રાહરણનો સમય. તે વખતે સભાના અધ્યક્ષપદે પિતામહ હતા. બન્ને પક્ષો

તેમને ગૌરવભરી નજરથી જોતા હતા. તેમના આદેશને ઉત્થાપવાની કલ્પના પણ કોઈ કરવા તૈયાર ન હતું. આવી પોતાની જમા-બાજુ હોવા છતાં પિતામહે પોતાની સત્તા (વીંટો) વાપરીને તે વસ્ત્રાહરણનો નિર્લજ્જ પ્રસંગ અટકાવ્યો નહિ. હા. તે ઘટનાને તેઓ જોઈ પણ શકયા નહિ. એટલે જ માથું નીચું નાંખી દીધું. આંખો ઉપર બે હાથ જડી દીધા ! આંખમાં આંસુ આવી ગયા ! ખૂબ અકળાયા ! છતાં તેમણે વિરાધ ન કર્યો. એ તો સારું થયું કે વિદુરે આવેશમાં આવીને સિંહગર્જના કરીને ધૃતરાષ્ટ્રને બરોબર ઝાટકી નાંખ્યા. અને તે ક્ષેત્રના દેવે દ્રૌપદીને ચીર પૂરા પાડતા રહીને દ્રૌપદીના સતીત્વને પ્રત્યક્ષ કરી દેતાં સહુ ગભરાઈ ગયા ! રખે તેનું સતીત્વ કોઈ ભયાનક પરચો દેખાડી દે તો ! (અજૈન મતે શ્રીકૃષ્ણે અદૃશ્ય રીતે રહીને, દ્રૌપદીને ચીર પૂરા પાડયાં છે.)

આ બે પરિસ્થિતિનો ઉદ્ભવ થયો એટલે પવન પારખી જઈને ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ખખડાવી નાંખીને તે કામ બંધ કરવાનો આદેશ કર્યો અને તેનો અમલ થયો. પરંતુ આ પહેલાં તો કુરુકૂળની આબરૂને પલિતો ચંપાઈ ગયો હતો!

દુર્યોધને પોતાની સાથળ બતાડીને, ત્યાં બેસવા આવવાનું આમંત્રણ આપી દીધું હતું ! કર્ણે; તેને પાંચ પુરુષોને ભોગવતી 'કુલટા' કહીને ધિક્કારી દીધી હતી ! દુઃશાસન ચોટેલેથી પકડીને તેને ભરસભામાં તાણી લાવ્યો હતો !

દ્રૌપદીએ સહુને તે વખતે અનુત્તર બની ગએલો એક સવાલ પૂછયો હતો કે, "જુગારમાં પોતાને હોડમાં મૂકીને હારી ગએલો માણસ, પોતાની પત્ની ઉપરનો જયારે અધિકાર જ ખોઈ

બેસે છે ત્યારે તે શી રીતે પોતાની પત્નીને હોડમાં મૂકી શકે ?"

વળી તેણીએ ભારે આક્રોશપૂર્વક કહ્યુ હતું કે, "તે સભા જ નથી; જેમાં વૃદ્ધ પુરુષોની હાજરી નથી, તે વૃદ્ધો જ નથી; જેઓ કટૂ પણ સત્ય બોલી શકતા નથી, વગેરે...."

આ બધું સાંભળ્યું છતાં પિતામહ મૂંગા કેમ રહ્યા ? તે પ્રશ્નનો જવાબ એ છે કે તેઓ બંધારણીય સત્યવાદી હતા. તેમનું સત્ય કાયદાકીય સત્ય હતું; જડ સત્ય હતું. તેમના મનમાં એક જ વાત ઘુમરાતી હતી કે જ્યારે દુર્યોધન દ્રૌપદીને જુગારમાં જીતી ગયો છે ત્યારે તેની સાથે તેને ઠીક પડે તેવું વર્તન કરવાનો અધિકાર પ્રાપ્ત થઈ જાય છે. પછી તેમાં કોઈથી વચ્ચે પડી શકાય નહિ.

કૃષ્ણ હંમેશા અનુબંધ સત્યવાદી હતા. તેમણે જે કાંઈ ખોટું-ખરું કર્યું તે બધું તેમની એક જ વાતની આસપાસ ઘૂમતું હતું કે, "દુષ્ટોના હાથમાં હસ્તિનાપુરની ધરતી ન જવી જોઈએ; કેમ કે તેમ થાય તો પ્રજા પણ દુષ્ટ બની જાય. 'યથા રાજા તથા પ્રજા:' રાજા કાલસ્ય કારણમ્ ! હવે આ સિદ્ધિ પામવા માટે જે કાંઈ કરવું પડે તે હિંસા એ હિંસા નથી, જૂઠ એ જૂઠ નથી; કપટ એ કપટ નથી. જો હિંસાદિ હિંસા જ ગણાય તો પણ તેના 'માઈનસ' કરતાં દુષ્ટોથી ધરતીની રક્ષાના 'પ્લસ' ઘણા બધા વધુ છે. મોટા દોષમાંથી મુક્ત થવા માટે સેવવા પડતા નાના દોષને દોષ કહેવાય નહિ." આ હતી; કૃષ્ણની અનુબંધ (દૂર) દૃષ્ટિ. ભીષ્મની પાસે આ દૃષ્ટિ ન હતી; એટલે જ તેમણે કાયદાકીય રીતે દ્રૌપદીના વસ્ત્રાહરણને અટકાવ્યું નહિ.

કહેવાય છે કે, પાછળથી આ વાત તેમને મૃત્યુ સુધી ખૂંચી

હતી 'અન્યાયને સેવવો એ જેમ પાપ છે તેમ અન્યાયને (છતી શક્તિએ) જોયા કરવો તે ય પાપ છે.' એ સમજ તેમને આવી હતી. આથી જ તેમણે મૃત્યુ સમયની પીડા ભોગવવી પડી અને તે વાતનો તેમણે તે વખતે દ્રૌપદી સમક્ષ એકરાર પણ કર્યો.

"કર્ણ દાસીપુત્ર છે." એવી સમજથી પિતામહને કર્ણ યુદ્ધમાં ક્ષત્રિયોની જેમ જોડાય તે વાત જરાય મંજૂર ન હતી. આથી જ જ્યાં સુધી ભીષ્મ પિતામહે યુદ્ધનું સેનાપતિપદ પહેલાં દસ દિવસનું સંભાળ્યું ત્યાં સુધી કર્ણ યુદ્ધ ભૂમિ ઉપર ફરકયો ન હતો.

જો કે પિતામહે પોતાની શરશય્યાની સ્થિતિમાં દુર્યોધન સાથે અર્જુનને દોસ્તી કરી લેવાની સલાહ જરૂર આપી હતી. દુર્યોધન કરતાં અર્જુન કેટલો બધો મહાન્ બુદ્ધિમાન અને શક્તિમાન છે તે બતાડવા માટે તે વખતે ટૂચકા પણ કર્યા હતા. (૧) તેમણે પીવા માટે કોઈએ પણ બોટયું ન હોય તેવું પાણી મંગાવ્યું હતું. દુર્યોધન વગેરે નદી, કૂવા, તળાવના પાણી લઈ આવ્યા ત્યારે ભીષ્મે ના પાડી. પછી અર્જુને ધરતીમાં જ તીર મારીને પાણી બહાર કાઢીને આપ્યું જે એકદમ શુદ્ધ-અબોટયા વિનાનું-હોવાથી પિતામહે સ્વીકાર્યું હતું.

(૨) પિતામહે પોતાની ડોકનો દુખાવો દૂર કરવા માટે ટેકો કરવાનું કહેતાં દુર્યોધન વગેરે પથ્થર, પંખીના પીંછા આદિ લઈ આવ્યા, ત્યારે અર્જુને ધરતીમાં બાણો ઘોંચીને તેની ઉપર પિતામહનું મસ્તક ટેકાવ્યું હતું.

કાશ ! હવે તે બે વચ્ચે સમાધાન કરવામાં ઘણું મોડું થઈ ગયું હતું. વેરના વાવેલા ઝેરી બીજ હવે તો મોટું દૈત ઝાડ બની ગયા હતા ! શે ઝટ ધારાશાયી બને ?

પિતામહ યુદ્ધના દસમા દિવસે ઘાયલ થઈને ધરતી ઉપર ઢળી પડયા ત્યારે તેમના આખા શરીરે બાણો-શીખંડીના (!) અને અર્જુનના-ખૂંપી ગયા હતા ! તેવી ભયંકર પીડાજનક હાલતમાં જ તેમણે સંયમધર્મનો સ્વીકાર કરીને બે વર્ષની સાધના કરી હતી. તે વખતે યુધિષ્ઠિરે બધા બાણો કાઢી લઈને પોતાની દેવાધિષ્ઠિત વીંટી ઘસીને બધા ઘા રૂઝવી દેવાની રજા આપવા વિનંતિ કરી હતી. પણ પિતામહ આ વેદનામાં પરમાત્માને ભાવભરી વંદનાઓ કરીને કર્મો ખપાવવાની સાધના જ કરવા માંગતા હતા, એટલે તેમણે તેવું કાંઈ પણ કરવાની સાફ ના પાડી હતી.

કહેવાય છે કે એવી અસહ્ય સ્થિતિમાં પણ પિતામહે યુધિષ્ઠિરને અનુલક્ષીને રાજાનો ધર્મ; પ્રજા સાથેનો રાજાનો સંબંધ વગેરે વિષયો ઉપર સુંદર પ્રેરણા આપી હતી.

આયુષ્ય પૂર્ણ થતાં પિતામહ બારમા દેવલોકમાં પહોંચ્યા હતા.

# યુધિષ્ઠિર

## (૫)

"ઓ દ્રૌપદી ! ધર્મ તો મારો સ્વભાવ છે. કોઈ પણ સંયોગમાં હું તેનો ત્યાગ કરી શકું તેમ નથી." આ હતા, સત્યનિષ્ઠ ધર્મરાજ યુધિષ્ઠિરના શબ્દો.

વનવાસની સજા ભોગવવા છતાં, જપીને શાન્ત ન રહેલો દુર્યોધન આ વનવાસીઓને મારી નાંખવાના-લાક્ષાગૃહ દહનાદિના-પેંતરા જ્યારે કરતો રહેતો હતો ત્યારે તેથી અત્યન્ત ઉશ્કેરાઈ ગએલી દ્રૌપદીએ ધર્મરાજને 'નમાલા' કહેવા સુધીના કટૂતમ શબ્દોથી ઝાટકી નાંખ્યાહતા. ધર્મરાજ નિશ્ચિતપણે સમજતા હતા કે પોતાની જુગારની રમતનો આ અંજામ છે. દુર્યોધન ખરેખર દગાબાજી કરી રહ્યો છે. દ્રૌપદીને આવેશ આવવો તે સ્વાભાવિક છે કેમકે બધા વનયાત્રાના ભારે કષ્ટોથી પુષ્કળ હેરાન થતા હતા. પથ્થરો વાગતાં માતા કુન્તીને અને પત્ની દ્રૌપદીને પગમાંથી લોહીની ધાર જ્યારે છૂટતી; જ્યારે તેઓ થાકી જતાં, ક્યારેક ભૂખના માર્યા બેભાન પણ થઈ જતાં ત્યારે ભીમ તે બન્નેને-બધાને-ઊંચકીને ચાલતો. એક પુનમની રાતે તો-ભીમ જ્યારે બધાની સારસંભાળ લેવા જાગતો બેઠો હતો, ત્યારે સહુને પથરાળ ધરતી ઉપર ચત્તાપાટ ઊંઘતા જોઈને ધ્રુસકે ધ્રુસકે રડી પડયો હતો. પાંચ પાંચ સંતાનો છતાં કુન્તી માતાની આ હાલત ! પાંચ પાંચ પતિઓની પત્ની છતાં પાંચાલીની આ દશા!

યુદ્ધમાં જે સ્થિર રહે : જરાય ટસના મસ ન થાય. તેનું નામ યુધિષ્ઠિર.

સંઘર્ષ અને સંકલેશની સ્થિતિમાં ખરેખર યુધિષ્ઠિર, યુધિષ્ઠિર હતા. ભાઈઓ, માતા અને પત્ની પણ જ્યારે વાત અસહ્ય બની જાય ત્યારે ખળભળી ઊઠતા હતા, જ્યારે દ્રૌપદી તો ભયંકર ક્રોધાવેશમાં આવી જતી અને માથાના વાળો ખેંચવા લાગતી, છાતી-માથું કૂટવા લાગતી ત્યારે પણ ધર્મ રાજ પોતાની નિષ્ઠામાં અવિચલ બનીને રહેતા. જાણે ઝંઝાવાત વચ્ચે અડોલ હિમાલય !

પોતાની જુગારપ્રિયતા બધા દુઃખોનું મૂળ છે એ વાતનો તેમને અતિશય આઘાત હતો. એનો તેઓ-વનવાસ દરમ્યાન-વારંવાર એકરાર કરતા. પણ દ્રૌપદીની તત્કાળ દુર્યોધનને ખતમ કરી નાંખવાની વાતમાં તેમણે કયારે પણ સંમતિ ન આપી. તેમની એક જ વાત હતી, 'તેર વર્ષના વનવાસની કબૂલાત સાથે મેં હારેલી દ્રૌપદીને પાછી મેળવી છે. વનવાસ પૂરો થતાં હસ્તિનાપુરની ગાદી આપણને પાછી મળશે. જો તેમાં અન્યાય થશે તો ભીમ, અર્જુનાદિની સહાય લીધા વિના હું એકલો દુર્યોધનને મહાત કરીશ. પણ આજે વચનભંગ કરીને તે કામ હું કદી કરીશ નહિ. અને તમને કરવા દઇશ પણ નહિ. દુર્યોધન અધમ થાય એટલે આપણે અધમ થવું-જેવા સાથે તેવા થવું-એ નીતિ મને મંજૂર નથી.

જો વીંછી સંતને કરડવાનો સ્વભાવ નથી જ મૂકતો તો તેમાંથી પ્રેરણા લઈને આપણે સજ્જનોએ આપણો ધર્મ પણ ન જ મૂકવો જોઈએ." ધર્મરાજની નીતિ અને શ્રીકૃષ્ણની નીતિ બે વિરોધી છેડા ઉપર ઊભી હોય તેવું લાગે છે.

જ્યારે પણ દ્રૌપદી આગ બની; ભીમ અને અર્જુન પેટ્રોલ બન્યા ત્યારે ધર્મરાજ પાણી બનીને જ તે આગ ઉપર વરસતા

રહ્યા. આગને ઠારતા રહ્યા.

દ્રૌપદીએ ધર્મરાજના વચનપાલનના એક ધર્મની રક્ષા સામે માતાની સેવા, પત્નીની રક્ષા, ભાઈઓને સંકટ-મોચન વગેરે ઘણા બધા રક્ષણીય સત્યો રજૂ કર્યા પણ ધર્મરાજ તો તેથી વચનભંગ કરવાનો સ્વપ્નમાંય વિચાર કરી ન શકયા.

કેમકે ધર્મ તેમનો સ્વભાવ હતો.

જે ચાતક સ્વાતિનક્ષત્રના વરસાદી પાણી સિવાય ગંગાજીનું પવિત્ર પાણી પીને પણ જીવવા તૈયાર ન હોય; તે મરવું જ પસંદ કરે.

જો સતીનો નકલી વેષધારી ભવાયો ખરેખર અગ્નિમાં ઝંપલાવીને મોતને ભેટી લે તો ધર્મરાજ શા માટે વચનપાલનનો પોતાનો સ્વભાવ કદાપિ ત્યાગે ?

કાં જીવનભંગ કાં વચનભંગ ! ધર્મરાજને જીવનભંગ ધરાર મંજૂર હતો !

ધર્મરાજ બરોબર જાણતા હતા કે સામી વ્યક્તિ જો આક્રમક બને તો મારે શાન્ત રહેવું જ પડે. બે ય આક્રમક બને તો બહુ મોટું અનિષ્ટ પેદા થાય. દ્રૌપદી ડાયનેમીક બને એટલે ધર્મરાજને સ્ટેટીક બનવું જ રહ્યું.

માણસો ડાયનેમીક બનીને ધરતી ઉપર ધડાધડ ચાલે છે, દોડે છે તો ધરતીએ સ્ટેટીક (તદ્દન શાન્ત) રહેવું જ પડે. જો તે પણ ડાયનેમીક બને; કંપી ઊઠે તો બહુ મોટી હોનારત થાય ખરેખર.

યુધિષ્ઠિરની ક્ષમા દાદ માંગી લે તેટલી અદ્ભુત હતી. શાસ્ત્રગ્રન્થોમાં અપકારી ઉપર ક્ષમા (તે સતાવે નહિ માટે) ઉપકારી સાથે ક્ષમા; ક્રોધના દુર્ગતિમાં વિપાકો જાણીને ક્ષમા; ભગવાનની ક્ષમા ધારણ કરવાની આજ્ઞા હોવાથી પળાતી ક્ષમા-

એમ ચાર પ્રકારની ક્ષમા જણાવ્યાબાદ સ્વાભાવિક ક્ષમા જણાવી છે. આવી ક્ષમા, આવી સત્યનિષ્ઠા, આવી વચનપાલકતા ધર્મરાજમાં હતી. સાચે જ યુધિષ્ઠિર 'ધર્મરાજ' કહેવાને લાયક હતા.

છતાંય કેટલીકવાર ઘણા મોટા માણસોમાં પણ કેટલીક નબળી કડીઓ પડેલી હોય છે. પૂર્વ જન્મોમાં આ જીવે ધર્મો કરીને સુંદર ગુણો પણ કેળવ્યા છે તો અધર્મો આચરીને દોષો પણ એકઠા કર્યા છે. ચાલુ જન્મમાં તે જ ગુણ કે દોષ બહાર આવે; જેવા ઉત્તેજક નિમિત્તો એમને મળે. જો સત્સંગ મળે તો ગુણો બહાર આવે. પણ જો કુસંગ મળે તો દોષો બહાર આવે. એમ પણ કહી શકાય કે પ્રતિકૂળતાઓમાં જીવવાનું મળે તો શક્તિઓ બહાર આવે અને શ્રીમંતાઈ વગેરેનું અનુકૂળતાનું સુંવાળું વાતાવરણ મળે તો બધી નબળાઈઓ બહાર આવે. દૂધમાં જો મેલવણ બરોબર પડે તો દહીં બહાર આવે પણ એસીડનો છાંટો નંખાય તો ફાટી જવાનું તેનું સ્વરૂપ પ્રગટ થઈ જાય.

કોઈ પણ માણસ મહાન્ બની શકે છે. અધમ પણ બની શકે છે.

ભારતના પતીઆળા સ્ટેટની પોતાની ક્રિકેટ-ટીમ હતી. તે જરાય બળવાન ન હતી; છતાં કાયમ હરીફ-ટીમો સાથે તેની જીત થતી હતી. તેનું કારણ એ હતું કે પતીઆળાના મહારાજા હરીફ ટીમોને ત્રણ દિવસ વહેલી બોલાવીને તેમનું જોરદાર આતિથ્ય કરતા. તેના લેબાશ નીચે તેઓ તમામ યુવાન ક્રિકેટરોને સુરા અને સુંદરીમાં પૂરા રગદોળી નાંખતા. આથી તેઓ શારીરિક રીતે ખૂબ જ ઢીલા થઈ જતા. મહેમાન ટીમ રમતમાં હારી જતી. મહારાજા પાસે એ વાતની પાકી જાણ હતી કે યુવાનોમાં કામવાસના જોર મારતી જ હોય છે.

કહેવાય છે કે બેટલ ઓફ વોટર્લુમાં ડયુક ઓફ વેલિંગ્ટને નેપોલીઅનને હરાવ્યો હતો. પણ તેમાં ખરું કારણ નેપોલીઅનનો બીજી વખતની પત્ની ઉપરનો અતિશય પ્યાર હતો. "તે સ્ત્રી કોઈની સાથે પ્રેમ કરી રહી છે." તેવા જૂઠા સમાચાર, ખૂંખાર જંગ ખેલી રહેલા નેપોલીઅનને પહોંચાડવામાં આવ્યા. અને....તરત આઘાતથી પીડાતો નેપોલીઅન ઢીલો પડી ગયો ! તેની જીતની બાજી હારમાં પલોટાઈ ગઈ !

આવું જ શ્રીકૃષ્ણે અશ્વત્થામા ઉપરના દ્રોણાચાર્યની અતિ મોહદશાને ઝડપી લઈને 'નરો વા કુંજરો વા' યુધિષ્ઠિર પાસે કરાવી દઈને દ્રોણાચાર્યની યુદ્ધકીય તાકાત તોડી પાડી.

દરેકની જીવન - પીચ ઉપર કયાંક ને કયાંક કોઈક 'સ્પોટ' (ડંખીલો ડાઘ) હોઈ શકે છે. જો તેને પકડી પાડીને કોઈ કપિલ દેવ તે જ સ્થળે બોલને બરોબર સ્વીંગ કરે તો દડો સીધો સ્ટમ્પ તરફ ધસી જઈને બેટ્સમેનને 'કલીનબોલ્ડ' કરી દે : જીવનને અસદાચારની ધરતી ઉપર રોળી નાંખે.

યુધિષ્ઠિર ખરેખર મૂઠી ઊંચેરા ધર્મરાજ હતા; પણ તેઓ અહંકારની નબળી કડી ધરાવતા હતા. મામા શકુનિને એ વાતની પાકી ખબર હતી. વળી તેમને જુગાર પ્રિય છે તેવું પણ મામા જાણતા હતા.

જ્યારે દુર્યોધન પાંડવોના વૈભવને જોઈને ઊભો ને ઊભો ઇર્ષ્યાથી સળગી ગયો; જ્યારે "આંધળાના દીકરા આંધળા જ હોય ને ?" વગેરે દ્રૌપદીથી બોલાએલા, અને ભીમ વગેરેથી માન્ય કરાએલા શબ્દોના અપમાનોથી તે ત્રાસી ઊઠયો હતો. ત્યારે તેણે મામા શકુનિને બધી વાત કરી હતી. શકુનિએ તેની રાજભૂખ જોઈ. પણ યુદ્ધ દ્વારા તો હસ્તિનાપુરની ગાદી તે

ઈન્દ્રપ્રસ્થ (દિલ્હી) નરેશ દુર્યોધન, પાંડવો પાસેથી પામી શકે તેવું બાહુબળ તેની પાસે હતું જ નહિ. આથી જ શકુનિએ બુદ્ધિબળથી યુધિષ્ઠિરને હરાવવાંનો પ્લાન બનાવ્યો. તેની પાસે દૈવી પાસાં હતા. એટલે ધારે તે રીતે તે પોબાર પડતા, જો યુધિષ્ઠરને જુગાર રમવામાં ખેંચી લવાય તો બાકીનું બધું પાર ઊતરી જાય તેવો મામાને વિશ્વાસ હતો.

આથી જ મામાએ ઈન્દ્રપ્રસ્થમાં નવી દિવ્યસભા બનાવીને તેને જોવા યુધિષ્ઠિરને આમંત્રણ આપ્યું. દિવ્યસભામાં ઠેર ઠેર જુગારીઓની ટોળી જુગાર રમતી હતી. યુધિષ્ઠિર દિવ્યસભામાં ફરતાં ફરતાં બધું જોતા હતા. ત્યાં કોક જુંગારીએ રમવાનું આમંત્રણ આપ્યું. આ તક ઝડપી લઈને મામાએ બાજી હાથમાં લીધી. તેમણે કહ્યું કે, "ધર્મરાજ ! ચાલો. આપણે પણ જુગાર રમીએ." ધર્મરાજે પહેલાં તો આનાકાની કરી, પરંતુ જ્યારે મામાએ તેમના અહંકારને છંછેડયો : ઘાયલ કર્યો ત્યારે તરત ધર્મરાજ જુગાર રમવા સજ્જ બની ગયા. મામાએ કહ્યું, "ધર્મરાજ ! જો તમને એવો ભય લાગતો હોય કે બાહુબળમાં અપ્રતીમ એવો હું બુદ્ધિબળમાં ઉણો છું માટે કદાચ જુગારમાં હારી જઈશ. તો તમે નહિ જ રમતા." (યદિ તે વિદ્યતે ભયં)

આ શબ્દોએ ધર્મરાજને હચમચાવી નાંખ્યા. તેઓ મનોમન બોલ્યા, 'બુદ્ધિબળમાં પણ, હમ કીસી સે કમ નહિ,'

અને જુગાર રમવાનો ચાલુ થઈ ગયો. તે વખતે દિવ્યસભાના ધર્મરાજ તરફી માણસોમાં સન્નાટો બોલાઈ ગયો! ધર્મરાજ ! અને તે જુગાર રમે !'

જેમ જેમ ધર્મરાજ હારતા ગયા તેમ તેમ સ્વજનો અને સ્નેહીજનો વારતા ગયા. પણ મામા શકુનિ કહેતા ગયા, "ધર્મરાજ !

કોઈ એકાદ ચીજ હોડમાં મૂકીને હજી એક દાવ રમી લો, કદાચ હારેલું બધું પાછું મળે.' હારેલો જુગારી બમણું રમે એ ન્યાયથી યુધિષ્ઠિર પણ અલિપ્ત ન રહી શક્યા. છેલ્લે પોતાની જાતને શેષ અને સર્વ ભાઈઓને પણ હારી ગયા. અને છેલ્લે શકુનિના કહેવાથી દ્રૌપદીને હોડમાં મૂકી ! સર્વત્ર હાહાકાર મચી ગયો ! અને ધર્મરાજ તેને ય હારી ગયા !

ધર્મરાજની નબળી કડી અભિમાન ! એ ઘાયલ થતાં ધર્મરાજ છંછેડાઈ ગયા. બીજું થાય પણ શું ? દોષો સાથે જે જીવ અભેદભાવ કરી દે છે તેના દોષોને કોઈ આંગળીચીંધણું કરે, ઘાયલ કરે કે તરત તે છંછેડાઈ જાય છે.

ધર્મરાજની આ જ હાલત થઈ !

બહુ મોટો દરિયાલાલ બિચારો ! ખાબોચીઆમાં ડૂબી ગયો !

ગમે તેમ હોય, છતાં ધર્મરાજ એ ધર્મરાજ હતા. એમની ઉત્તમતાઓ ઢગલાબંધ હતી. શત્રુને ય સહાયક બનવાની તેમની ઉત્તમતા તો શિરમોર હતી.

વાત એવી બની હતી કે વનવાસી પાંડવોને જબ્બે કરવાના પ્લાન સાથે વનમાં દુર્યોધન અને તેની આખી પલટન-કર્ણ વગેરે-ઊતરી પડેલ. પરન્તુ વનમાં કોઈ વિદ્યાધરના મહેલનો બળજબરીથી આ તોફાની ટોળીએ કબજો લેતાં તે વિદ્યાધરે પોતાના સૈન્ય સાથે આવીને ઝપાઝપી કરીને દુર્યોધન વગેરેને કચકચાવીને બાંધીને ઓરડામાં નાંખી દીધા !

આ વાતની દુર્યોધનની રાણી ભાનુમતીને ખબર પડી. તે પિતામહ ભીષ્મ પાસે ગઈ. પિતામહે કહ્યું કે, 'તારા પતિને હવે છોડાવવાની તાકાત એક માત્ર પાંડવોમાં છે. તું તેમનું શરણ લે.... ખોળો પાથર.... તો જ કાંઈક બની શકે !'

ભાનુમતી વનમાં પાંડવોની પાસે ગઈ. ભીમ અને દ્રૌપદી તો એની વાત સાંભળતાં જ અકળાઈ ગયા. 'કોઈ પણ સંયોગમાં દુર્યોધનને છોડાવવો ન જોઈએ ! તેવો તેમનો સ્પષ્ટ મત હતો.

પરન્તુ ધર્મરાજ તો ધર્મરાજ હતા. શરણે આવેલી ધ્રુસકે રડતી ભાનુમતીને સહાય કરવાનો તેમણે નિર્ણય કર્યો. વિદ્યાધર, અર્જુનનો મિત્ર થતો હતો એટલે અર્જુનને તે કામગીરી સોંપી. સહુને કહ્યું, ''આપસની લડાઈમાં આપણે પાંચ અને તે દુર્યોધન વગેરે સો. પરન્તુ જ્યારે બહારથી આપત્તિ આવે ત્યારે આપણે પાંચ નહિ; આપણે એકસો પાંચઃ બધા એક :"

ધર્મરાજે કેટલી અદ્ભુત વાત કરી !

અર્જુને વિદ્યાધરને મળીને દુર્યોધનાદિને છોડાવી મૂકયા!

જો આ વાત તમામ ભારતીઓ બરોબર સમજી જાય તો ભારતવર્ષમાં કેવી એકતા સર્જાય ? આપસની ફાટફુટનો લાભ છેલ્લા હજાર વર્ષોમાં કેટલો બધો લેવાયો છે ! આ દેશે, તેવા અમીચંદોથી કે રાજા માનસિંહોથી કેટલો બધો માર ખાધો છે ?

સોમનાથ મહાદેવ ઉપરની મહમદ ગીઝનીની ચડાઈમાં તેના સૈન્યમાં ઘણા બધા હિન્દુઓ જોડાયા હતા ! આ તો હદ થઈ ગઈ ને ? દેશ જ્યારે પણ એક બનીને લડયો છે ત્યારે તેને કોઈ જીતી શકયું નથી. માટે જ મોગલો અને અંગ્રેજો મહાબલિષ્ઠ ભારતીય પ્રજામાં ફાટફુટો પડાવીને જ પોતાનું આધિપત્ય જમાવી શકયા છે. એક વાર કોઈ વિદેશી રાજા મગધ ઉપર ચડી આવવા તૈયાર થયો. તે વખતે કલિંગના મહારાજા ખારવેલ અત્યન્ત બળવાન રાજાઓમાંના એક હતા. તેમને મગધ સાથે અણબનાવ હતો. આ જાણીને વિદેશી રાજાએ મહારાજા ખારવેલની મદદ માંગી; ઘણી લાલચ પણ આપી.

જૈન ધર્મના કટ્ટર ઉપાસક મહારાજા ખારવેલે તે વિદેશી રાજાને કહ્યું. "અમે બે દુશ્મન ખરા; પણ તમારી સામે અમે બે એક. જો તમે મગધ ઉપર આક્રમણ કરશો તો તમારા દાંત ખાટા કરી નાંખવા માટે હું મારી તમામ તાકાત સાથે મગધપતિને સહાય કરવા માટે તેમની સાથે જોડાઈશ તેની નોંધ લેજો."

બિચારા વિદેશી રાજાને પાછા ફરવું પડયું !

મુખ્યત્વે તમામ મહારાણાઓ જ સમગ્ર ભારત વર્ષને વફાદાર રહી શકયા છે. તેમણે બધા જ વિદેશી આક્રમણોને ખાળ્યા છે. તેઓ કદી ભારતમાતાને બેવફા નીવડયા નથી. સાંગા રાણાથી તેમની યશોજ્વલ ગાથા ચાલી આવી છે.

રામ સીતા ખાતર લડયા. કૃષ્ણે ધરતીના ટુકડા ખાતર જંગ છેડયો. મેવાડના મહારાણાઓએ સમગ્ર ભારતવર્ષની રક્ષા માટે યુદ્ધો જારી રાખ્યા. બ્યાંશી ઘા સાથે રાણા સંગ-એકલવીર બનીને - બાબર સામે ઝઝૂમ્યા છે. વિજયવંતા નીવડયા છે. મહારાણા પ્રતાપની તો વાત શી કરવી ?

ભારતરત્ન મીરા આ રાજવંશની જ પુત્રવધૂ હતી પંદર હજાર સ્ત્રીઓ સાથે 'હર હર મહાદેવ' ની ગર્જનાઓ સાથે જૌહર કરતી પદ્મિની પણ મેવાડના મહારાણા ભીમદેવની જ રાણી હતી !

'આપણે પાંચ નહિ પણ એકસો પાંચ,' યુધિષ્ઠિર આ ન્યાય જો આજે ભારત વર્ષમાં વ્યાપી જાય; તમામ હિન્દુઓ (શીખ, બૌદ્ધ, જૈન, વૈદિક, સવર્ણ પછાત સહુ....) એક થઈ જાય તો કોની મજાલ છે કે તે ભારતને છેડવાનો વિચાર પણ કરી શકે ?

દુશ્મનને પણ અવસરે સહાયક બની જવાની સહજ વૃત્તિવાળા હે ધર્મરાજ ! તમને લાખ લાખ પ્રણામ. મને યાદ આવે છે; છ

માસ સુધી ભયંકર ત્રાસ આપીને વિદાય થતાં ખૂંખાર સંગમ-દેવને જોઈને આંખે પાણી લાવતાં તારણહાર પરમાત્મા મહાવીરદેવ ! એમનું હૈયું રડી ઊઠતું બોલે છે, "મારા તો પુષ્કળ કર્મો ખપાવી આપ્યા પણ એણે કેટલા બધા કર્મો બાંધ્યા; એનું શું થશે ? જગત્‌ને તારવાની ભાવનાવાળો હું, આને ડુબાડવામાં નિમિત્ત બની ગયો !"

મને યાદ આવે છે શ્રીકૃષ્ણ ! જેમકે અજાણપણે ઝેરી બાણ છોડીને મારી નાંખ્યા તે જરાકુમારને ભગાડી મૂકયો; 'ભાઈ ! તું ભાગી જા. નહિ તો મારો મોટો ભાઈ બળદેવ અહીં આવતાંની સાથે જ તારા રાઈ રાઈ જેટલા ટૂકડા કરી નાંખશે."

આવું જ બન્યું; દયાનંદ સરસ્વતીનું. અત્યન્ત વિશ્વાસુ રસોઈઆ જગન્નાથે ઝેર આપી દીધું. ખીસામાં પડેલા વીસ રૂપીઆની ટીકીટ લઈને ગાડીમાં ઝટ ભાગી છૂટીને ઘર ભેગા થઈ જવાની મરણાસન્ન સ્વામીજીએ પ્રેરણા કરી ! તેને ભક્તોથી દૂર રાખવા માટે ભગાડી મૂકયો !

મૂળ વાતે આવીએ.

આવા પણ ધર્મરાજનું ય પુણ્ય એકવાર પરવાર્યું. ગુપ્તવાસના તેરમાં વર્ષમાં તેમને તમામ પાંડવોને વિરાટ રાજાને ત્યાં નોકરી કરવી પડી. યુધિષ્ઠિર કંક નામ ધારણ કરીને તેમના પુરોહિત બન્યા. અર્જુન બૃહન્નલા નામ ધારણ કરીને ન સ્ત્રી; ન પુરુષ એવો વેષધારી બન્યો ! ભીમ વલ્લવ નામે રસોઈઓ બન્યો. સહદેવ તન્તિપાલ નામે અશ્વપાલક બન્યો ! અને નકુલ ગ્રન્થિક નામે ગોપાલક બન્યો. દ્રૌપદી, રાજરાણી સુદેષ્ણાની સેવિકા સૈરન્ધ્રી બની. જેને એક વાર રાણીના ભાઈ કીચકની જાગ્રત થયેલી કામવાસના તૃપ્ત ન કરાતાં તેની જોરદાર લાત ખાવી

પડી ! માતા કુન્તીને તે જ નગરના કોઈ નાનકડા ઘરમાં ગુપ્તરૂપે રહેવું પડયું.

હાય ! કેવો આ સંસાર ! બધું જીવન કર્મના-સુતરના કાચા તાંતણે-લટકે. કર્મરાજની મહેરબાની સુધી જ સુખ મળે. તેની આંખમાં જરાક રતુમડાપણું આવ્યું કે પળવારમાં બાજી પલટાઈ જાય. રાજા રંક બની જાય; નિરોગી રોગી થઈ જાય; શાન્ત ઘરમાં સંઘર્ષ ફેલાઈ જાય; બધુ હતું ન હતું થઈ જાય !

આથી જ ડાહ્યા માણસો સુખમય સંસાર મળે તો ય તેમાં મોહાઈ પડતા નથી. તેઓ તો પુણ્યકર્મને પણ સોનાની બેડી જેવું નકામું માને છે. તેઓ પાપકર્મની જેમ પુણ્યકર્મને પણ ખતમ કરીને મોક્ષ પામવામાં જ રસ ધરાવતા હોય છે.

# દ્રૌપદી

## (૬)

"ખૂન કા બદલા ખૂન સે...." આ હતું રાજા દ્રુપદની પુત્રી-પાંડવપત્ની-દ્રૌપદીનું જીવનસૂત્ર.

યુધિષ્ઠિર સતત કહેતા..."ખૂન કા બદલા દેર સે." વિરોધી બે છેડે ઊભા રહેલા આ પતિ-પત્ની વચ્ચે શી રીતે મેળ જામ્યો હશે? કેટલી બધી આક્રમક હતી દ્રૌપદી !

ક્રોધથી લાલચોળ નેત્રોવાળી ! વારંવાર અધીરી બની જતી, ઉશ્કેરાઈ જતી, ગમે તેવા અપશબ્દો બોલી નાંખતા જરાય ન ખચકાતી.

પણ યુધિષ્ઠિરને જ યશ મળે; આ સંસારને સુમેળથી ચલાવવાનો. કેમકે દ્રૌપદી જેટલી 'ડાયનેમીક' બનતી તેટલા જ યુધિષ્ઠિર 'સ્ટેટીક' (શાન્ત) બનતા.

સંસાર મૂળમાં જ નગુણો છે. તેને નભાવવો એ અતિ મુશ્કેલ કામ છે. તે માટે કોકે તો સ્ટેટીક બનવું જ પડે; નહિ તો વાંરવાર આગના તણખા ઝરતા જ રહે.

મહારાજા યુધિષ્ઠિર દિગ્વિજય કરીને પાછા ફર્યા; બીજી બાજુ અર્જુનને ઘેર ઉત્તરા દ્વારા અભિમન્યુનું પારણું બંધાયું. આ નિમિત્તોથી ધર્મરાજે જિનભક્તિ-મહોત્સવનું આયોજન કર્યું. દેશ-વિદેશથી રાજા, મહારાજાઓને, સ્વજનો અને સ્નેહીજનોને આમન્ત્ર્યા ! દુર્યોધન શી રીતે બાકાત રહે ? તે પણ આવ્યો.

ધર્મરાજે દિવ્યસભાનું નિર્માણ કર્યું હતું. અદ્‌ભુત અને અભૂતપૂર્વ બની હતી; એ દિવ્યસભા. ભારે પ્રેમથી ભાઈલા દુર્યોધનને દિવ્યસભા દેખાડવા માટે યુધિષ્ઠિર આગળ થયા. ભીમ, દ્રૌપદી વગેરે પણ જોડાયા.

દિવ્યસભાની સફેદ દૂધ જેવી, પારદર્શક સ્ફટિકની ફરસીને દુર્યોધને પાણી માની લઈને-કપડાં ભીના ન થાય એટલે હાથેથી ઊંચા કર્યા ! ભીમ અને દ્રૌપદી તે જોઈને હસી પડયા. વળી એક વાર સ્ફટિકની પારદર્શક દિવાલ, દિવાલ સ્વરૂપે ન જણાતાં દુર્યોધન આગળ વધ્યો તો માથું ભટકાઈ ગયું. હવે તો દ્રૌપદી અને ભીમ ખૂબ મોટેથી હસી પડયા. દ્રૌપદી બોલી ગઈ, 'આંધળાના દીકરા તો આંધળા જ હોય ને ?" કમનસીબે ધર્મરાજે તેને આવું બોલવા બદલ ખખડાવી ન નાંખી. ધર્મરાજ આ તક ચૂકી ગયા. દ્રૌપદીના કટૂતમ-બાપ ઉપર જવાના-શબ્દો ભીમનો સાથ અને ધર્મરાજનું મૌન દુર્યોધનને અસહ્ય વેદના જન્માવી ગયું.

બસ..... આમાંથી જ મહાભારતના મહાસંહારનું બીજ પડયું. દુર્યોધન, પાંડવોનો પાકો વૈરી બન્યો. આથી જ જુગારમાં હારી ગએલી દ્રૌપદીને પોતાની જાંઘ બતાડીને, ત્યાં બેસવા આવવાની દુર્યોધનને ક્રૂર મશ્કરી કરી !

બસ....આથી જ દુર્યોધને તેણી એમ. સી.માં હતી તો તેની પણ પરવા કર્યા વિના દુઃશાસન દ્વારા ચોટલો પકડાવીને બહાર ઢસેડી લાવવાનો આદેશ કર્યો.

આ બધી દુર્યોધનની ભૂલો હતી. એકદમ કબૂલ છે. એમાં કોઈ ઝગડો નથી. પણ આવી ભૂલો કરવામાં મોટું નિમિત્ત દ્રૌપદીના તે અસભ્ય વાકયો હતા એની પણ નોંધ લેવી જ ઘટે.

બેશક; દ્રૌપદી સતી ન હતી; મહાસતી હતી. પાંચ પુરુષોની પત્ની દ્રૌપદી, એક પુરુષની પત્ની સીતા વગેરે કરતાં ય મહાન

હતી. તે બધી સતીઓ હતી; તો આ મહાસતી હતી. કેમકે સીતા વગેરે સતીઓને તો આજીવન-ચોવીસે ય કલાક-એક જ પુરુષમાં સર્વથા ઓતપ્રોત રહેવાનું હતું; જે દ્રૌપદીની ફરજ કરતાં ખૂબ સહેલું હતું. દ્રૌપદીને તો-નારદજીએ કરેલી વ્યવસ્થા પ્રમાણે દર વર્ષે પાંચમાંથી એક જ પુરુષને પોતાનો પતિ જોવાનો હતો અને બાકીના ચારને તે વર્ષમાં સગા ભાઈ તરીકે સ્વીકારવાના હતા. દર વર્ષે પતિ બદલાય. ભૂતપૂર્વ પતિઓ જ વારંવાર પાછા સગા ભાઈ બની જાય; એવી સ્થિતિને નભાવવાનું કામ અતિ અતિ મુશ્કેલ છે. ગયા વર્ષે જેની સાથે સંપૂર્ણપણે પતિ તરીકે વ્યવહાર કર્યો છે તેને નવા વર્ષના ઉગમતા પ્રભાતથી જ માડી જાયો ભાઈ કલ્પીને તે રીતે વ્યવહાર કરવો; તેમાં સાંગોપાંગ પાર ઊતરી જવું એ કેટલું વસમું કાર્ય છે ? દ્રૌપદી તેમાંથી સંપૂર્ણપણે પાર ઊતરી હતી માટે જ તેને સતી નહિ પરન્તુ મહાસતી જ કહેવી જોઈએ.

એનું આ 'મહાસતીત્વ' સાચે જ બેજોડ હતું; બેનમૂન હતું. ઈતિહાસની તવારીખમાં તે પહેલીવારનું અને છેલ્લીવારનું હતું.

આ મહાસતી અત્યન્ત બુદ્ધિમતી હતી. આથી જ ભરસભામાં તે-સૂક્ષ્મ અને અનુત્તર સવાલ કરીને બધાને નીચા માથે કરી દીધા હતા કે, "પોતાને હારી ગએલો માણસ પત્ની ઉપર અધિકાર ગુમાવી બેઠા બાદ પત્નીને હોડમાં મૂકી જ કેવી રીતે શકે ?"

વળી તેણીએ તે જ વખતે પિતામહ ભીષ્મ વગેરેને સ્પષ્ટ સુણાવી દીધું હતું કે, "જેઓ સત્ય વદવાની પણ હિંમત ધરાવતા નથી તેઓ વસ્તુતઃ સન્માનનીય વૃદ્ધ પુરુષો નથી."

મહાસતીત્વ અને તીક્ષ્ણ બુદ્ધિમત્વ જેવા બે ટોચ ગુણો ધરાવતી દ્રૌપદીમાં જ્યારે ક્રોધ ભભૂકતો ત્યારે તે આસમાનને

આંબી જતો ! ધર્મરાજને બેફામપણે-તમારી જગાએ તમારી જનેતાએ દીકરી જણી હોત તો તે ય તમારા કરતાં સારી હોત; તમે નપુંસક જેવા છો વગેરે શબ્દોથી વારંવાર તેણે ખખડાવી નાંખ્યા છે ! ભીમાદિનો સાથ મળે ત્યારે તો તેની ક્રોધની આગના લપકારા આસમાનને આંબી જતા. વનવાસ દરમ્યાન તો, વનવાસના કષ્ટો વગેરેના કારણે તેના ક્રોધનો દાવાનળ માઝા મૂકી દેતો વિસ્તરતો હતો ! જ્યારે અશ્વત્થામાએ તેના પાંચ પુત્રો-પાંચાલો-ને એક જ રાતમાં હણી નાંખ્યા ત્યારે અશ્વત્થામાને પકડી લાવીને તત્કાળ તેનું ડોકું ગળા ઉપરથી ઉડાવી દેવા માટે દ્રૌપદી ભારે હઠે ચડી હતી. પણ શ્રીકૃષ્ણની દરમ્યાનગીરીથી-પકડાએલો અશ્વત્થામા-મરતો ઉગરી ગયો હતો !

લાખ રૂપિયાનો સવાલ એ છે કે દ્રૌપદીનું જીવન આટલું બધું ક્રોધાન્ધ બનવામાં કારણ શું હશે ? કારણ વિના તો કોઈ કાર્ય થતું નથી. આ ભવમાં કારણ ન જડે તો ગર્ભકાળમાં કારણ પડેલું હોય; અથવા પૂર્વના ભવોમાં કારણ પડેલું હોય.

આ વાતને માન્ય રાખીને એલેકઝાંડર કેનોને સેંકડો લોકોની મૂંઝવણને-હીપ્નોટીઝમના પ્રયોગ દ્વારા-સુષુપ્ત મનને જાગ્રત કરીને તેની પાસેથી ઉત્તરો મેળવ્યા છે.

પાણીથી ભયભીત જીવને તેણે કહ્યું છે કે પૂર્વના એક જીવનમાં તમને તમારા શેઠે, નાનકડા અપરાધમાં, પત્થર બાંધીને પાણીમાં ડુબાડી દીધા હતા !

લિફટમાં ઊતરતી વખતના ભયનું કારણ શોધી આપીને તેણે 'સબ્જેકટ' ને જણાવ્યું કે પૂર્વના એક જીવનમાં તમે ઊંચી અગાસીમાંથી નીચે પડી જઈને મૃત્યુ પામ્યા હતા !

જે કેનોન પૂર્વના દેશોની પૂર્વજન્મ અને પુનર્જન્મની માન્યતાને બેફામ શબ્દોમાં ધિક્કારતા હતા તે જ વશીકરણવિદ્યા સિધ્ધ

કર્યા બાદ પ્રયોગો કર્યા પછી તે વાતોને હૃદયથી આલિંગન દેવા લાગ્યા.

ચાલો ત્યારે; પાંચ પુરુષોની પત્ની બનવા પાછળ અને ક્રોધથી સતત સળગતા રહેવા પાછળ કયું કારણ છે ? તે આપણે શોધીએ.

હા. તે કારણો બે જગાએ પડેલા છે.

(૧) ગર્ભ તરીકે માતાના પેટમાં તે જીવનો પ્રવેશ સમય.

(૨) પૂર્વનો સુકુમાલિકા તરીકેનો સાધ્વી ભવ.

દ્રૌપદીનો જીવ જ્યારે તેની માતાના પેટમાં પ્રવેશ કરે છે તે વખતે તેના પંચાલદેશાધિપતિ દ્રુપદ ક્રોધથી કંપી રહ્યા હતા. એવી ચિત્તસ્થિતિમાં જ તેમણે રાણી સાથે સંસારસુખ ભોગવ્યું હતું.

વાત એમ બની હતી કે એ દિવસે દ્રોણ નામનો બ્રાહ્મણ તેમની રાજસભામાં આવ્યો હતો. દ્રોણ અને દ્રુપદ એક જ આશ્રમના વિદ્યાર્થીઓ ! વર્ષો સુધીના જીગરજાન દોસ્તો !

ક્ષત્રિય દ્રુપદ પંચાલ દેશના રાજા બન્યા.

બ્રાહ્મણ દ્રોણ અયાચક-વૃત્તિથી પોતાની આજીવિકા માંડ ચલાવવામાંથી કદી બહાર ન નીકળી શકયા.

એક દી તો એવું બન્યું કે બાળક અશ્વત્થામાને પાવા માટે ગાયનું દૂધ પણ ન રહ્યું. એકાએક ઘરની ગાય મરી ગઈ. આથી દ્રૌણપત્નીએ દ્રોણને કયાંકથી ગાય લાવવા કહ્યું, "દોસ્ત છે તો રાજા દ્રુપદ તમને જરૂર આપશે." તેમ કહીને તેમને દ્રુપદ પાસે આગ્રહ કરીને મોકલ્યા. વિદાય વેળાએ દ્રોણે સ્પષ્ટતા કરી કે, "હું ગાય માંગીશ તો નહિ જ; મારો દેદાર જોઈને મહારાજા દ્રુપદ મને ગાય વગેરે આપશે તો જરૂર સ્વીકારી લઈશ." પત્નીએ તે વાત મંજૂર રાખી.

દ્રુપદની રાજસભામાં દ્રોણ પહોંચી ગયા. દોસ્તને જોઈને ઊભરાઈ ગએલા હેતમાં.... અરે ! દ્રુપદ ! દોસ્ત ! તું મજામાં છે ને ? એવું બોલાઈ ગયું.

"તું.....તા....ની અસભ્ય ભાષા ! ગંદા અને ફાટેલાં કપડાં ! જાતિથી બ્રાહ્મણ ! આ બધું દ્રુપદને એકી સાથે સો વીંછીના ડંખ જેવું કાતીલ નીવડયું ! તેમણે રાડ પાડી, "અરે સૈનિકો ! જોયા શું કરો છો ! પકડી લો આ ભીખારાને ! બ્રાહ્મણને !"

દ્રોણ કેદ થયા. ક્રોધથી નખશીશ સળગી ગયા ! રાજાની સામે કેદીની સ્થિતિમાં ખડા કરાયા ! તેમણે ભયંકર આવેશમાં બધી વાત માંડીને કરી. "પત્નીએ જ ભૂલ કરી કે તેમને અહીં સુધી ગાય માટે મોકલ્યા." એમ પણ કહ્યું.

કાંઈક કૂણા પડેલા દ્રુપદે, 'ગાય માંગે તો આપું" કહેતાં દ્રોણે ધરાર ના પાડી. પોતાના અયાચક વ્રતની વાત કરી. દ્રુપદે પણ માંગ્યા વિના દેવાની ના પાડી. ક્રોધમાં જ રાજસભામાં છોડીને તે ચાલી ગયા.

રાત પડી. ક્રોધ શાન્ત ન પડયો. એ સ્થિતિમાં જ રાણી સાથેના સહશયનથી દ્રૌપદીનો ગર્ભ રહ્યો.

હાય ! બાપે પોતાનો ક્રોધનો કાતીલ દોષ દીકરીને વારસામાં દઈ દીધો ! તેનામાં નખશીશ ઉતારી નાંખ્યો ! "ઓ માબાપો ! તમે મારી વાત બરોબર કાન દઈને સાંભળો કે આ દુનિયામાં તમારી વહાલામાં વહાલી ચીજ જો તમારા સંતાનો છે તો તેમને તમે કોઈ બે પાંચ, પચાસ હજાર રૂ. નું દેવું માથે દઈને મરશો નહિ. એ દેવું ભરપાઈ કરતાં કરતાં તેઓ તૂટી જશે. અકાળે માથે પળીયાં આવી જશે.

"છતાં તમારે વારસામાં દેવું દઈને મરવું હોય તો ભલે તેમ થાઓ. પણ દેવાથી ય ભયાનક રોગનું દુઃખ છે. તે તો વારસામાં

કદી દેતા નહિ. તમારી અનિચ્છનીય, સ્વચ્છંદી, બેફામ ભોગવાસના કે રસલાલસાથી કે માનસિક તણાવોથી તમને જે દમ, ડાયાબીટીસના રોગો કીડની કે હાર્ટના રોગો થાય તે તમે વારસામાં સંતાનોને દઈ જશો તો તેઓને જીવવું જ ભારે થઈ પડશે. આ રોગો તેમની સંપત્તિ, શાન્તિ, સુખ, પ્રસન્નતા-બધું હણી નાંખશે.

"અને.... કદાચ જો તમે ખાનપાનાદિના ચસકાઓને છોડી શકો તેમ ન જ હો; અને તેથી પ્રિયતમ સંતાનોને વારસામાં જ રોગના દુઃખો દઈ જવાના હો તો ભલે તેમ થાઓ; પણ છેવટે એક વાત તો હાથ જોડીને, કરગરીને કહું છું કે તેમને વારસામાં તમારા કામ, ક્રોધ, ઈર્ષ્યા, નિન્દા વગેરે દોષ તો ન જ દઈ જશો. ના...આમાં તો કોઈ બાંધછોડ હું કરી શકું તેમ નથી."

મોક્ષ પામવા માટે નહિ, સદ્ગતિનું રીઝર્વેશન કરવા માટે નહિ; મરણે સમાધિ મેળવવા માટે નહિ પણ તમારા સંતાનોની જીવન-શાન્તિ, ચિત્ત પ્રસન્નતાદિ ખાતર તમે કામ વાસનામુક્ત, ક્રોધમુક્ત-દોષમુક્ત તો બનો જ. નહિ તો તમારી કામુક્તા, ક્રોધમયતા, ઈર્ષ્યા વગેરે તેમનામાં સોંસરા ઊતરી જશે. જુઓને, દ્રુપદના ક્રોધે દ્રૌપદીની હાલત કેટલી ખરાબ કરી નાંખી !

તમારે જ તમારા સંતાનોનું સંસ્કરણ કરવાનું છે.

તપોવન જેવી સંસ્થાઓ તો સંસ્કરણનું કાર્ય બાળકની દસ વર્ષની ઉંમર (પાંચમા ધોરણમાં આવે) થાય ત્યારથી શરૂ કરે છે. અરે ! ખરેખર તો એ પૂર્વે જ સંસ્કરણનો કાળ તો પૂરો થઈ ગયો હોય છે. ગર્ભના નવ માસ અને જન્મથી આઠ વર્ષ-એટલો જ-સંસ્કરણ કાળ હોય છે. એમા જે કાંઈ બની ગયું તેને ફેરવવાનું કામ મુશ્કેલ બની રહે છે.

ગોરા પતિ સાથેના ભોગકાળમાં ગોરી પત્નીએ દિવાલે

ટીંગાએલા હબસીના ફોટા તરફ જ નજર રાખ્યાકરી તો તેનું સંતાન તદ્દન કાળુમેંશ જન્મ્યુ !

ગર્ભકાળના નવે ય માસ દરમ્યાન માતાએ, ઘરની સામે જ ઊભા થએલા નવા કતલખાનામાં કપાતાં ઢોરોને જ હોંશથી જોયા કર્યા તો સંતાન ખૂની પેદા થયું. આઠ વર્ષની વયે તો તેણે છ નાનકડા બાળકોના ખૂન કરી નાંખ્યા.

ઘરનો હિસાબ મેળવવામાં જ ગર્ભકાળના મહિનાઓ પસાર કરતી સ્ત્રીએ મહાન્ ગણિતશાસ્ત્રીની દેશને ભેટ આપી !

અભિમન્યુએ ગર્ભમાં જ છ કોઠાનું યુદ્ધ શીખી લીધું! જીજીબાઈ એ ગર્ભમાં જ શિવાજીને રામાયણના અરણ્યકાંડના પાઠથી-પેદા કર્યો.

સિદ્ધરાજ જયસિંહના સુવર્ણાક્ષરી ઇતિહાસમાં કાળાં બે કલંક-રાણકદેવી અને જસમા ઓડાણના-જે લાગ્યા તેમાં તેની કામવાસના જવાબદાર હતી. પણ તેનામાં તેને ઉતારનાર તો તેના પિતા રાજા કર્ણદેવ જ હતા. જેમણે સિદ્ધરાજની માતા રાણી મીનળદેવી સાથેના સંબંધની અવસ્થા વખતે પોતે નમુંજલા નામની રાજનર્તકી સાથે સંબંધ કરી રહ્યા છે તેવી કામુકવૃત્તિ સેવી હતી !

સંતાન માટે ગર્ભકાળનું મહત્ત્વ કેટલુ બધું છે ? તે આ બધા પ્રસંગોથી સમજાય છે. દ્રૌપદી પણ પિતાની ભૂલનો ભોગ બની ગઈ. પિતાએ દેવું ન આપ્યું; રોગનું દુઃખ પણ તેને ન આપ્યું, પણ તે બે ય થી વધુ ખતરનાક ક્રોધનો દોષ તેના લોહીના કણકણમાં પ્રસરાવી નાંખ્યો.

મારી દૃષ્ટિએ તો કામ, ક્રોધાદિના દોષોની ભેટ સંતાનોને વારસામાં આપનારા વડીલો પેલા કસાઈખાનાના માણસો કરતાં ય વધુ ક્રૂર હોવા જોઈએ. અસ્તુ.

દ્રૌપદીનો તો બેવડો મરો થયો હતો. પૂર્વભવના પણ

સંસ્કારો તેની સાથે આ ભવમાં આવ્યા હતા. પૂર્વના એક ભવે તે સુકુમાલિકા નામની સાધ્વી હતી. ગુરુની ના ઉપર તે પુરુષ સાધુઓની જેમ જંગલમાં એકલી સૂર્યની તીવ્ર આતાપના લેવાનું કષ્ટમય તપ કરતી હતી. એક વખતે તે સ્થળથી થોડે જ દૂર તેણે એક વેશ્યાસાથે ક્રીડા કરતાં પાંચ પુરુષોને જોયા. તેણીને પણ તેવી જ રીતે ચેષ્ટા કરનારી સ્ત્રી બનવાનું મન થયું. તેણે કરેલા ઘોર તપનો તે જુગાર રમી ! નિયાણું કર્યું. એના જ ફળરૂપે રાધાવેધ સાધનારા માત્ર અર્જુનના ગળામાં સ્વયંવરા દ્રૌપદી વરમાળા નાંખવા ગઈ તો શેષ ચાર પાંડવોના ગળામાં પણ પડી ગઈ ! તે વખતે યોગાનુયોગ આકાશમાં આવીને ઉપસ્થિત થયેલા દેવોએ જ પોતાની શક્તિથી આ કામ કર્યું અને આથી મુંઝાએલા રાજા દ્રુપદને જણાવતી આકાશવાણી કરી કે, "રાજન્ ! આમાં જરા ય મુંઝાશો નહિ. આ જીવનું પૂર્વભવનું કર્મ આ બધું કરે છે. તેમાંથી તે છૂટી શકે તેમ નથી." આ સાંભળીને પિતાએ, દીકરીને પાંચ પુરુષોની પત્ની તરીકે સ્વીકૃતિ આપી. (અજૈનોની કુન્તીની ભાગ પાડવાની વાતો-આ વિષયમાં ખૂબ જ અવ્યવહારુ અને હલકી લાગે છે. કુન્તી આવો વિચાર કદી રજૂ કરે નહિ.)

દ્રૌપદીને આ નિયાણું (સંકલ્પ) નડી ગયું. એ નિયાણાંના દુષ્કર્મોએ પિતા દ્વારા ક્રોધનો વારસો પણ આપ્યો. અને ક્રોધના નિમિત્તો પણ મળ્યા. ત્રણે ય વસ્તુ ભેગી થઈ ! ફલતઃ દ્રૌપદી ક્રોધનું આગમય જીવંત સ્વરૂપ બનીને સમગ્ર મહાભારતના કથાનકમાં છાઈ ગઈ.

એમ કહી શકાય કે મનુષ્યના જીવનઘડતરમાં પૂર્વ ભવમાં તૈયાર કરેલા સંસ્કારોનો સાઈઠ ટકા હિસ્સો હોય છે. મા બાપના વારસાગત સંસ્કારોનો ત્રીસ ટકા હિસ્સો હોય છે. નિમિત્તો તો માત્ર દસ ટકાનો જ ફાળો નોંધાવે છે. જો પેલા નેવું ટકા ન મળે

તો આ દસ ટકા શૂન્ય બની જાય છે. અપ્સરા આવીને ઊભી રહી તો ય શુકદેવજીને કયાં કશો ય કામવિકાર જાગ્યો હતો !

પૂર્વભવની સાધનાથી કે આ ભવના જ્ઞાનયોગ કે ભક્તિયોગથી સંસ્કારોનું જાગરણ થતું નથી અથવા જાગરણ થયું હોય તો ય શાન્ત થઈ જાય છે. નિમિત્તો આવીને પડે તો ય સ્થૂલભદ્રાદિની જેમ કશું નુકસાન થતું નથી.

દ્રૌપદીના જીવનકાળમાં બે ઘટનાઓ એવી ઘટી છે જેને જાણવાથી આત્માની ભીતરી તાકાત કેટલી જબરી છે ? તેનો ખ્યાલ આવેઃ તેમાં શ્રદ્ધા જાગે.

**(૧) કમળનો પ્રસંગ**

વનવાસના સમય દરમ્યાન એક વખત દ્રૌપદીના ખોળામાં- ઊડીને આવતું કમળ પડયું. કમળ અતિ સુંદર હતું. તેવા બીજા કમળો લાવી આપવાનું તેણે ભીમને કહ્યું. ભીમે તેનું ઉદ્‌ભવ-સ્થળ તળાવ શોધી કાઢયું. પણ માલિકની રજા માંગ્યા વિના કમળો લઈને બહાર ફેંકવા જતાં એકાએક તે તળાવમાં ગરકાવ થઈ ગયો. ભીમની શોધમાં વારાફરતી અર્જુનાદિ ત્રણ ભાઈઓ ગયા. ત્રણેય રજા વિના તે કમળો લેવા જતાં તળાવમાં ખેંચાઈ ગયા. છેલ્લે યુધિષ્ઠિર ગયા. તેમણે પગેરું કાઢયું તો તે તળાવે નીકળ્યું. તે ય પૂર્વવત્ તેમાં ગરકાવ થઈ ગયા !

આ બાજુ માતા કુન્તી અને પત્ની દ્રૌપદીએ પાંડવોને પામવા માટે કાયોત્સર્ગ શરૂ કર્યો.આખી રાત પરમેષ્ઠી ધ્યાનમાં બન્ને એવા તો તન્મય બની ગયા કે શરીર તો જાણે લાકડું બની ગયું. આકાશમાર્ગેથી જતું દેવવિમાન તેમના ધ્યાનબળના પ્રભાવે સ્ખલન પામ્યું. દેવોના રાજાએ જ્ઞાનબળથી સઘળું જાણીને પોતાનો દૂત નાગરાજની પાસે મોકલ્યો. તેમણે તળાવના માલિક દેવ પાસેથી પાંડવોને પ્રાપ્ત કર્યા. સવારે વિમાનમાં બેસાડીને દેવદૂત તેમને કુન્તી દ્રૌપદીની પાસે લાવી મૂકયા. સહુનું સુખદ મિલન થયું.

વગર મફતની જરૂરીયાત કરતાં વધારાની સગવડની કે શોખની વસ્તુઓ-કમળ વગેરે-મેળવવામાં કેવા શાન્ત જળમાં વમળો પેદા થઈ ગયા ! માણસ 'જરૂરીઆત' કરતાં આગળ વધીને બહુ બહુ તો 'સગવડ' સુધી જાય પણ તેણે શોખ સુધી તો-તેમાંય પ્રજાની અતિગરીબીના કાળમાં ન જ જવું જોઈએ: તમામ ફેશનો અને વ્યસનોનો તો કમ સે કમ ગરીબોની સહાનુભૂતિમાં ત્યાગ કરવો જ જોઈએ.

જેટલી જરૂરીઆતો ઓછી એટલા પાપ ઓછા.

જેટલા પાપો ઓછા એટલી અશાન્તિ ઓછી. બે સ્ત્રીઓની કાયોત્સર્ગની સૂક્ષ્મથી તાકાતથી કેટલું મોટું કાર્ય નિષ્પન્ન થઈ ગયું !

**(૨) કૃત્યારાક્ષસી પ્રસંગ**

લાક્ષાગૃહના કાવતરાના ઘડવૈયા પુરોચનનો ભાઈ સુરોચન. તેણે દુર્યોધનના કૃત્યારાક્ષસીને વશ કરી હતી. પાંડવોને મારી નાખવાનું કામ તેણે સ્વીકાર્યું હતું; નારદે પાંડવોને ચેતવ્યા હતા. સાત ઉપવાસની જોરદાર સાધના કરતાં પાંડવો સામે કૃત્યાનો આખો પ્લાન 'ફેઈલ' થઈ ગયો હતો ! જો કે કૃત્યા એટલી બધી બળવાન્ રાક્ષસી હતી કે તેને પડકારવાનું કામ અન્ય દેવો માટે પણ મુશ્કેલ હતું. આથી જ એક દેવે પાંડવોને જાણી બૂઝીને મરણતોલ હાલતમાં મૂકવાની પરિસ્થિતિ પેદા કરી. ચીચીઆરીઓ પાડતી કૃત્યા ત્યાં આવી. પાંડવોને મરેલા જોઈને તે ખૂબ ગુસ્સે ભરાઈ ને બોલી કે, "શું મરેલાઓને મારવા માટે મને મોકલી છે ? આ તો મારું ભયંકર અપમાન છે !" આમ કહીને તે પાછી વળી ગઈ ! પોતાના સાધક દુર્યોધનદૂતને જ તેણે મારી નાંખ્યો. પાંડવો ઉગરી ગયા !

સૂક્ષ્મની આ કેવી જબરી શક્તિ !

શેઠ સુદર્શનની પત્ની મનોરમાની કાયોત્સર્ગની સાધનાથી

જ પતિ સુદર્શનની શૂળી, સિંહાસન બની ગયું. હતું.

શ્રીસંઘના કાયોત્સર્ગના બળથી જ યક્ષા દેવીના મનનું સમાધાન, શાસનદેવી, પરમાત્મા સીમંધર-સ્વામીજી પાસે જઈને-લઈ આવી હતી !

યક્ષદેવસૂરિજીની સંયમધર્મની નિર્મળ અને સબળ સાધનાને કારણે જ તેમને રિબાવીને ભૂખમરાથી મારી નાંખવા માટે મ્લેચ્છો તરફથી મૂકવામાં આવેલ માણસ જાતનો જૈન નીકળ્યો હતો ! તેણે સૂરિજીને તત્કાળ બંધનમુક્ત કર્યા હતા !

પૂર્વભવની જોરદાર ત્યાગધર્મની સાધના કરનારો પ્રવરદેવ જે પ્રદેશમાં જન્મ્યો; ત્યાં ગ્રહચાર પ્રમાણે શરૂ થનાર બાર વર્ષી દુષ્કાળનું સંપૂર્ણ વિસર્જન થઈ ગયું હતું !

ભરતક્ષેત્રના મુનિઓની વિરતિ-ધર્મની સૂક્ષ્મ તાકાતને કારણે જ સર્વનાશકારી સાગર-ભરતીને રોજ બે વાર લગભગ દોઢ લાખ વેલંધર દેવો પાવડાથી પાછી વાળી રહ્યા છે. કેટલા લોકો આ વાત જાણતા હશે ?

હેમચન્દ્રસૂરિજીને કાશ્મીરા સરસ્વતી સામેથી આવીને વરદાન આપી ગઈ હતી !

આનંદઘનજીના પેશાબમાં પથ્થરને સોનું બનાવવાની તાકત હતી !

તારક તીર્થંકરદેવો પોતાના સાધન કાળમાં પ્રચંડ શુધ્ધિ (જાણે કે યુરેનીયમનું : U291 એટમબોમ્બનું મુખ્ય સ્ફોટક તત્વ) પ્રાપ્ત કરે છે. તેના દ્વારા તેઓ સૂક્ષ્મની વિરાટ શક્તિઓના સ્વામી બને છે. ચોત્રીસ અતિશયોથી સંપન્ન બને છે. વાણીમાં પાંત્રીસ અતિશયો ઉત્પન્ન થાય છે.

માઈક, લાઈટ, ફલાઈટના સ્થૂલબળોથી વિશ્વકલ્યાણ સંભવિત નથી. વિશ્વની યુદ્ધાદિ આફતોનું નિવારણ પણ શકય નથી. એ

માટે તો સર્વવિરતિધરોએ પોતાની શુદ્ધિનું બળ વધારવું જ પડશે. વધુ ને વધુ અન્તર્મુખ થવું પડશે.

ઓઝોનનું ગાબડું તેમની શક્તિથી પુરાશે.

વિના જંગલોએ પણ વરસાદ તે તાકાતથી જ આવશે.

અંગ્રેજો વગેરેએ ધરતીના પડો વગેરેને જે નુકસાન કર્યું છે તે બધું રાતોરાત સરભર કરી દેવાની સિદ્ધિ પણ આ તાકાતથી જ આવશે.

માણસની શક્તિ કેટલી વામણી ? એ કેટલું કામ કરી શકે ?

સાધુ પ્રચાર, પ્રસાર કરીને શું કરી શકે ?

હવે તો આભને થીગડું દેવાનું છે. તે તો તેમના નિર્મળ વિરતિધર્મના પ્રભાવથી જ શક્ય છે.

દેવો પણ તે વિના તો આ ધરતી ઉપર નહિ અવતરે કાં કોઈના પ્રચંડ પુણ્યથી તેઓ ખેંચાય; અથવા કોકની પ્રચંડ શુદ્ધિથી ખેંચાય.

અરે ! છેવટે આ વિષમતાઓ બદલ હૈયે આગ પ્રજવલી ઊઠે કે આંખે ધડધડ આંસુ વહેવા લાગે તો ય દેવોનું અવતરણ થઈ જાય. પણ તેમાંનું કશું ય આજે તો દેખાતું નથી.

મને તો લાગે છે બળવાનોનો યુગ ગયો અને બુદ્ધિમાનોનો યુગ આવ્યો. પછી ધનવાનોનો યુગ આવ્યો છે. હવે પવિત્રોનો યુગ આવશે.

લાઠીનો યુગ વિદાય થશે; હવે પલાઠી (પાંચ લાઠી જેટલું જેનામાં બળ છે તે)નો યુગ આવશે. ચાલો; કાં પલાઠી મારીએ. કાં આંસુ પખાળીએ.

થોડોક પણ આવો કોક ધર્મ આપણને મહાભયોમાંથી જરૂર મુક્ત કરી દેશે.

જીવનની સન્ધ્યા થઈ: દ્રૌપદીએ દીક્ષા લીધી. તે સ્વર્ગે ગઈ.

# ગાંધારી, ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન

## (૭)

"જો મારી આંખે પાટો બાંધવાથી ભીષ્મને ત્રાસ થતો હોય તો મારી આંખે સદા માટે પાટો બંધાએલો જ રહો."

આ હતા; ધૃતરાષ્ટ્ર - પત્ની ગાંધારીના ધિક્કાર-પ્રેરિત શબ્દો.

વાત એમ બની હતી કે ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હોવાથી તેને કોઈ રાજકન્યા મળે તેમ ન હતી. આથી ભીષ્મે ઘણા નિષ્ફળ પ્રયત્નો કર્યા. છેલ્લે, શકુનિને સાધીને તેની બેન ગાંધારીને ધૃતરાષ્ટ્રની સાથે પરણાવી દીધી.

પરણ્યાની પહેલી સન્ધ્યા ઢળી. બેનું મિલન થયું. ગાંધારીનો ઘૂંઘટ ખુલ્યો પતિના અંધાપાની તેને ખબર પડતાં જ તે આઘાત પામી. પલંગ ઉપર ફસડાઈ પડી.

ગાંધારી સાંગલિક નામના રાજકુમારના પ્રેમમાં હતી. તે સ્વરૂપવાન યુવરાજ હતો. એને બદલે તેના લલાટે અંધ પતિ ભટકાયો તે બદલ તેને અસહ્ય પીડા થઈ. પોતાના સમગ્ર ભાવી ઉપર નજર કરતાં તેને ચક્કર આવવા લાગ્યા. ગમે તેમ કરીને મનને પરાણે મનાવીને તેણે પતિ સાથે પ્રિય વાર્તાલાપ શરૂ કર્યા. આખી રાત તેને ઊંઘ ન આવી. આમથી તેમ પથારીમાં પડખાં ઘસતી રહીં.

એકાએક તેને વિચાર આવ્યો કે, મારી આ બધી સ્થિતિના સર્જક પિતામહ ભીષ્મ છે. બસ, તો હવે તેને બરોબર સતાવું. તેને

ત્રાસ ત્રાસ કરી મૂકું. આખી જિંદગી તે હેરાન - પરેશાન રહે તેવી તેને, તેના આ દુષ્કર્મની સજા કરું એક નારીના અરમાનોના તેણે ભુક્કા બોલાવ્યા છે. પોતાનો સ્વાર્થ સાધવામાં તેણે એક નિર્દોષ નારીના જીવન સાથે ક્રૂર મજાક ઉડાવી છે.'

સવાર પડતાં સ્નાનાદિ કરીને તેણે પોતાની આંખો ઉપર કાળો પાટો મજબૂત રીતે બાંધી દીધો !

કેટલાક કહે છે કે પતિ અંધ હતો; માટે પત્નીને પણ દુનિયા જોવાનો અધિકાર રહેતો ન હોવાથી ગાંધારીએ પાટો બાંધ્યો... ના... તે વાત આર્ય નીતિને સંગત જણાતી નથી. પતિ જો અંધ હોય તો આર્ય - પત્ની ચાર આંખવાળી બને; પતિને દરેક વાતે સહાયક બને. તેને બદલે તે ય આંધળી બની જાય તો અંધ પતિની મુશ્કેલી ઔર વધી જાય.

એટલે જ ભીષ્મને ત્રાસ આપવાની કામનાથી ગાંધારીએ અન્ધાપો સ્વીકાર્યો હોય તે વાત કાંઈક સંગત લાગે છે.

જો કે આમા ય એ સ્ત્રીની આર્યતા (દૂરંદેશિતા) ને તો ધક્કો જ લાગે છે કેમકે એક માણસને ત્રાસ આપવા માટે પણ આવો અંધાપો તો ન જ સ્વીકારાય. આવા નિર્ણયમાં ખૂબ જ ધિક્કારપાત્ર મૂર્ખતાનું જ દર્શન થાય છે.

ખેર... જે પણ કારણ હોય... પરંતુ આ નિર્ણય લેવાઈ ગયો. ગાંધારીનો પાટો કાયમ બની ગયો.

આનું પરિણામ તેના સો સંતાનો - દુર્યોધન, દુ:શાસન વગેરેને ભોગવવાનું આવ્યું.

માતાનું આંખનું વાત્સલ્યામૃત તેમની ઉપર ક્યારેય છંટાયું નહિ. માતાનું વાત્સલ્ય - સૌથી વધુ - આંખમાંથી વહે છે. અને

તેમણે તે ગુમાવી દીધું. વાત્સલ્યવિહોણા બાળકો દુષ્ટ જ પાકે ને ? અનાદિકાળના કુસંસ્કારોના ખડ અને ઘાસ તો જીવન-ખેતરમાં આપમેળે ઊગી નીકળે એને માટે ખેતરમાં માબાપો દ્વારા સુસંસ્કારોનું પ્રયત્નપૂર્વક વાવેતર થાય નહિ ત્યાં ખાલી પડેલા ખેતરમાં કુસંસ્કારો તો આપમેળે ઊગી જાય.

કુન્તીના પાંડવો સજ્જન પાક્યા; ગાન્ધારીના સંતાનો દુર્જન પાક્યા તેની વચ્ચે આ વાત્સલ્યનો સદ્ભાવ અને અભાવ જ કારણભૂત બન્યો છે.

મૂર્ખી ગાંધારી ! જ્યારે તેને સો પુત્રો રણમાં રગદોળાયાની ખબર પડી ત્યારે તે મડદાંઓના મુખ દર્શન માટે શ્રીકૃષ્ણ સાથે રણભૂમિ ઉપર ગઈ. તે વખતે તેણે નેત્રપટ કાઢીને સહુને જોયા. કાળમીંઢ પાણાને પણ પીગળાવી નાંખે તેવું રૂદન તેણે કર્યું. સહુની છાતી ઉપર વારંવાર પછડાટો ખાધી !

ભીષ્મ પિતામહ અંગેની ગાંધારીની આ વાતને બાજુ ઉપર મૂકીએ તો ગાંધારી ખરેખર આર્ય દેશની આદર્શ નારી હતી ! આદર્શ માતા હતી.

જ્યારે ધૃતરાષ્ટ્રથી પણ દુર્યોધન પોતાની દુષ્ટ રમતોથી પાછો હટાવી શકાતો નથી ત્યારે ધૃતરાષ્ટ્ર તેને માં ગાંધારી પાસે મોકલે છે. એ વખતે વહાલ કરવા સાથે ગાંધારી તેને ખૂબ સમજાવે છે. તેને ત્યાં સુધી સ્પષ્ટ શબ્દોમાં શીખામણ દેતાં કહે છે કે, "બેટા તું રાજ્યલમ્પટ છે; તારી ઇન્દ્રિયો જ તારા કાબૂમાં નથી. તું ઉચ્છૃંખલ છે. માટે હસ્તિનાપુરના રાજવી બનવાની. તારી ભયંકર વાસનાનો તું ત્યાગ કર."

આ દુર્યોધન યુદ્ધ સમયે માતાના આશિષ લેવા આવ્યો. ત્યારે માતાએ તેને કહ્યું, "જે બાજુ ધર્મ હોય તેનો જય થાઓ દીકરા !

તારા પક્ષે ધર્મ નથી."

ધૃતરાષ્ટ્ર માત્ર આંખે અંધ ન હતો; એ પુત્રના મોહથી પણ સત્યનું દર્શન કરવામાં અંધ બની ગયો હતો. દીકરો, દુર્યોધન પણ એવો જ મૂર્ખ અને ઉદ્ધત હતો. સત્તા લાલચુ હતો. અત્યન્ત ઈર્ષ્યાળુ હતો.

પિતા-પુત્રની દુષ્ટતાના માધ્યમથી જુગલબંધી થઈ હતી. તે બેની વચમાં સન્નારી ગાંધારી ભીંસાતી હતી ! ભારે દુ:ખી હતી ?

દુર્યોધનના જીવનને પાયમાલ કરવામાં મુખ્ય હાથ તેના બાપનો હતો. દુર્યોધન પિતૃભક્ત હતો. જો બાપ તેને સાચા રસ્તે લઈ ગયો હોત તો દીકરાની આ હાલત થાત નહિ. આથી એ દુર્યોધન કરતાં વધુ ધિક્કારપાત્ર ધૃતરાષ્ટ્રને એ ગણવો જોઈએ.

નમુનો બતાડું; તે કેટલો વિચિત્ર માણસ હતો તેનો તેર વર્ષનો વનવાસનો સમય પૂરો થતાં ધૃતરાષ્ટ્રે સંજય નામના દૂતને યુધિષ્ઠિર પાસે મોકલીને લાંબી શીખામણો પાઠવી હતી કે, "તમે જ્યારે વનવાસથી ટેવાઈ ગયા છો તો હવે સદા વનમાં રહીને પ્રભુભજન જ કરવાનું રાખો. મારો દુર્યોધન તમને નક્કી થયા, મુજબ હસ્તિનાપુરનું રાજ પરત કરવા તૈયાર નથી. એટલે હવે તમે જ સુખેથી નિવૃત્તિ લેવાનું રાખો." કેવી સ્વાર્થ - પ્રેરિત વાત ! !

પણ સબૂર ! પૂર્વે જણાવ્યું તેમ માતાએ પણ આંખે પાટો બાંધીને વાત્સલ્ય - દાન સ્થગિત કર્યું તેથી પણ દુર્યોધનનું જીવન બરબાદ થયું છે ! નારીના મુખ્ય ત્રણ કાર્યો છે. ત્રણ જ કાર્યો છે. 'પતિસેવા, બાળવાત્સલ્ય, ગૃહસંભાળ.

હિટલરે પોતાના સમયમાં જર્મનીની બધી સ્ત્રીઓને નોકરી વગેરે ઉપરથી ઉતારી મૂકીને ઘરભેગી કરી દીધી હતી. આ સામે બળવો કરતી સ્ત્રીઓને તેણે સમજાવ્યું હતું કે, "તમે ઘરે રહીને

પતિને એવો પ્રેમ આપો કે તે યુદ્ધમાં બરોબર લડે. બાળકોને એવા તૈયાર કરો કે તેઓ જર્મનીના ઘડવૈયાઓ બને. તમે આમ કરીને પણ જબરદસ્ત દેશસેવા કરી શકો તેમ છો." હિટલરની આ વાત કેટલી બધી સારી છે એ તો નોકરીએ જતી સ્ત્રીઓ પોતાની ઉપરની પુરુષ-જાતની વીતકકથા જાહેર કરે તો બરોબર સમજાય.

નારીના હાથમાં ઘર છે : તેમા ય વળી રસોડું છે. આ રસોડા દ્વારા નારી સમગ્ર કટુંબને ઓજથી, તેજથી, શૌર્યથી, બુદ્ધિથી, શક્તિથી ભરપૂર કરી શકે છે. રસોડાની વાનગીઓ દ્વારા સહુનો - સ્વજનો, સ્નેહીજનો, સજ્જનો, સંન્યાસીઓ, અતિથિઓનો - પ્રેમ સંપાદન કરીને પતિને ધંધામાં બળ અને સહકાર વધારી મૂકે છે. સંતોની આશિષથી ઘરમાં સુખ-શાંતિ વધારી મૂકે છે. અનેકોની સાથે સ્નેહાળ સંબંધ થતાં દરેક ક્ષેત્રમાં મૂંઝવતા પ્રશ્નોનો ઝટ ઉકેલ લાવી આપે છે.

રસોડાની તો શી વાત કરવી !

કાશ ! 'રસોડું' બંધ થવાની અણી ઉપર છે. જે દી રસોડું બંધ થશે તે દી ભારતીય સંસ્કૃતિનો અંધકારમય દી હશે. તે ઘર અંધકારમય હશે. તે નારી દુર્ભાગી હશે. તે કુટુંબ દુર્ભાગી થશે.

ગાંધીજી પોતાનાજ્યેષ્ઠ પુત્ર હરિદાસને વાત્સલ્ય આપી ન શક્યા. ધર્મના નામે ધિક્કાર્યો. બધી રીતે તેને પરેશાન કર્યો. હરિલાલ સખ્ત માનસિક તણાવોમાંથી મુક્ત થવા દારૂની લતે ચડયો. પછી હિન્દુધર્મ ચડયો. મુસલમાન બન્યો. અંતે અનાથ સ્થિતિમાં મર્યો. લાવારિસ - ગંધાઈ - ગયેલું મડદું પેટ્રોલથી બાળી દેવામાં આવ્યું.

મા - બાપો જો જરાક પણ ક્યાંક ચૂકશે : બાળકોની ઉપસ્થિતિમાં થોડોક પણ અનિચ્છનીય વ્યવહાર કરશે તો તેની અવ્યક્ત અસરો સંતાનો ઉપર પડશે. જે વ્યક્ત બનીને તેમને ભરખી જશે.

સાવરકુંડલા સ્ટેટ સામે જંગે ચડેલા ચાંપરાજવાળા બહારવટીઆની ૩-૪ વર્ષની ઉંમર હતી ત્યારે તેની બા સાથે તેના બાપાએ બહુ સામાન્ય છૂટ લીધી તોય બાને આઘાત લાગી ગયો ! એ જોઈ ગયેલા બાળકનું શું થશે ! એ વિચારથી તે એટલી ત્રાસી ગઈ કે રાત પડતાં તો તેણે આત્મહત્યા કરી નાંખી !

છૂટાછેડાના નવા પવનનું જો સૌથી મોટું કોઈ નુકસાન હોય તો તે છે; સંતાનોના જીવનની છિન્નભિન્નતા. 'બિચારા ! નહિ ઘરના નહિ ઘાટના.'

જો પતિ-પત્ની તેમના સંતાનોને ખરેખર ચાહતા હોય તો તેમણે પોતાના સંતાનોના હિત ખાતર પણ છૂટાછેડા લેવાની વાત પણ ઉચ્ચારવી જોઈએ નહિ.

માતપિતાએ સંતાનોના માંસપિડને માત્ર જન્મ દેવાથી પતાવી દેવાનું નથી; તેમણે તે માંસપિંડનું ઉત્તમોત્તમ સંસ્કરણ કરવાનું છે નાનપણથી શરીરે તેલ ચોળીને તલના ઢગલામાં આળોટવા મૂકીને તલ મેળવતી માતાએ બાળકની જિંદગી બરબાદ કરી. એ તલચોર અન્તે દાણચોર થયો. પકડાયો. ફાંસીની સજા થઈ. અંતિમ ઇચ્છામાં તેણે માતાની મુલાકાત માંગી. મા નજીક આવતાં જ તેણે નાક ઉપર જોરદાર બચકું ભરી લઈને નાક કાપી લીધું.

જો વડીલો પોતે કર્તવ્યભ્રષ્ટ બનશે; શારીરિક સૌન્દર્ય બગડવાના જૂઠ ભયથી સ્તનપાન બંધ કરીને બેબીફુડ ઉપર લઈ જશે; નોકરીના કારણે બાળકોને ઘોડીયાઘરમાં ઘાલી દેશે; પૈસાની તંગીના કે વિલાસી જીવન જીવવાના કારણે ગર્ભપાત કરાવશે તો તે બધાના પ્રત્યાઘાતો ખૂબ જ માઠા આવશે. ઘોડીઆઘરમાં ઊછરતા બાળકો મોટા થઈને ઘરડાઘરમાં માબાપોને ઘાલી દેશે. ગર્ભપાતની દવા લેવા છતાં એના નસીબે ઉગરી ગયેલું સંતાન એના વૃદ્ધ માબાપને 'મર્સીફુલ

ડેથ'ની થીયરીથી નક્કી ઉડાવી દેશે.

જો કે દુર્યોધનના પ્રસંગમાં તેના માબાપોની જ ભૂલો કારણભૂત બની નથી. તે આત્મા પણ અત્યન્ત દુષ્ટ હતો. તેનો સંકેત તેણે ગર્ભમાં જ આપી દીધો હતો. ગાંધારીના પેટમાં તે ત્રીસ માસ રહ્યો હતો. સિદ્ધરાજ જયસિંહ મીનળદેવીના પેટમાં બાર વર્ષ રહ્યો હતો. પ્રસૂતિ થતી જ ન હતી અને બીજી બાજુ કુન્તી દ્વારા યુધિષ્ઠિર તો જન્મી ગયો પણ ભીમને ય જન્મવાની માત્ર બાર કલાકની વાર હતી ત્યારે અત્યન્ત અકળાઈ ગયેલી ગાંધારીએ પોતાના પેટ ઉપર જોરથી મુક્કીઓ મારી. તરત દુર્યોધન જન્મી ગયો. એકદમ ગંધાતું શરીર ! ઝીણા અવિકસિત - આંખ કાન વગેરે અંગો જોઈને, તથા ગર્ભકાળમાં આવેલા ભયંકર સ્વપ્નો અને જન્મ વખતે પણ સંભળાયેલા ઘુવડ વગેરેના અમંગલશબ્દોથી ચિન્તાર્ત્ત બનીને ગાંધારીએ તે બાળકને પિતૃદ્રોહ કુળહત્યારો સમજીને, તરત જ મારી નાંખવાનો આદેશ આપી દીધો હતો. એ તો ધૃતરાષ્ટ્રની દરમ્યાનગીરીથી બધું અટકી ગયું. વિદુરે પણ અમંગળ - સંકેતોથી તથા જોષીઓની કુળનાશક તરીકેની આગાહીથી દુર્યોધનને મારી નાખવાની ધૃતરાષ્ટ્રને સલાહ આપી હતી. બેશક; ધૃતરાષ્ટ્રે તેનો વિરોધ કર્યો તે ખૂબ યોગ્ય કર્યું, કેમકે એવી સંભવિત આગાહીઓ ઉપર ભરોસો મૂકીને કદી પગલાં લઈ શકાય નહિ. વળી માણસે તો મારવાની વાત કરવાની પણ ન હોય; તે જીવાડે અને તે બગડેલા કે બગડનારાઓને ખરાબ થયેલા કે ખરાબ થવાની શક્યતાવાળાઓને પણ સુધારવાનો જ યત્નકરે.

પુત્ર કોણિક સંબંધમાં પણ આવું જ બન્યું હતું. પણ તેની માતાની વિરુદ્ધ જઈને પિતા શ્રેણિકે કોણિકની રક્ષા કરી હતી. વિદુર જેવા જ્ઞાની પુરુષ અહીં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં થાપ ખાઈ ગયા છે.

અસ્તુ. દુર્યોધન ગર્ભકાળમાં જ પોતાની માતાને કુળહત્યારા

તરીકેનો જે સંકેત આપી ચૂક્યો હતો તેવું જ થયું. તેણે મહાન્ કુરુકુળને કલંક લગાડયું. તેણે કુળનાશ કર્યો. કેટલો બધો અધમ તેનો આત્મા હશે !

તેણે માતા ગાંધારીની શીખામણ કદી ગંભીરપણે ઝીલી નહિ. તેણે શ્રી કૃષ્ણને ગાંઠયા નહિ, વિષ્ટિકાર તરીકેની તેમની એકદમ યોગ્ય વાત પણ તેણે માની નહિ. બલકે વધુ ને વધુ તે વિફરતો રહ્યો; વકરતો ગયો.

તેના જીવદળની દુષ્ટતા બરોબર જાણવી હોય તો (૧) જ્યારે શ્રી કૃષ્ણ પાસે યુદ્ધકીય સહાય લેવા તે ગયો હતો. તે સમયે જોવાં મળે છે. એક તો તે શ્રી કૃષ્ણના ચરણે બેસવાને બદલે માથે બેઠો. એ તો ઠીક પણ તેણે નારાયણી સેનામાં શ્રીકૃષ્ણ કરતાં વધુ શક્તિ જોઈ. અર્જુને શ્રીકૃષ્ણ માંગી લેતાં તેના અદ્ધર થયેલા શ્વાસ સાનંદ હેઠા બેઠા. (૨) જ્યારે તેણે વિષ્ટિકાર શ્રીકૃષ્ણને કેદ કરવાનો યત્ન કર્યો.

(૩) જ્યારે તેણે એક તસુ પણ જમીન નહિ આપવાનો કદાગ્રહ સેવ્યો : (૪) જ્યારે તેણે દ્રૌપદીને જાંઘ ઉપર બેસવા કહ્યું.

જે દેવનો ભક્ત ન હોય; સદ્‌ગુરુની કૃપા પામ્યો ન હોય મહાન્ માતાની આશિષનું ભોજન બન્યો ન હોય; વળી સંયોગોએ (ગાંધારીના આંખે પાટા) પણ જેને વાત્સલ્યાદિ શૂન્ય રાખીને કઠોર બનાવ્યો હોય, પિતા પણ પોતાના આંખના અંધાપાના કારણે જેની કાળજી કરી શક્યો નહિ, વળી તે પુત્રમોહે પણ અન્ધ હોય તે સ્થિતિમાં એક પુત્ર પાસે બીજી શી અપેક્ષા રાખી શકાય? દેવ ગુરુ કે માતા-પિતાદિની ભક્તિ વિનાનું જીવન તો આવું જ હોઈ શકે. તુલસી મહારાજે કહ્યું છે...

"અરબ ખરબ (ખર્વ = ૧૦૦ અબજ) કો ધન મીલે,
ઉદય - અસ્ત (પૂર્વથી પશ્ચિમ સુધીનું) કો રાજ;
તુલસી ! હરિ ભજન બિના સભી નરક કે સાજ.

દુર્યોધનના અતિ ભયાનક મોતના કરુણાન્તથી જ તેના જીવનની અધમતાની કલ્પના કરી શકાય છે.

ભીમે ગદાથી તેની સાથળ ઉપર એટલો જોરદાર ફટકો માર્યો કે તેના ચૂરેચૂરા થઈ ગયા. લગભગ બે કે ત્રણ દિવસ સુધી લગાતાર તે વેદનાની ચીસો પાડતો રહ્યો. વળી તે વખતની તેની મનઃસ્થિતિ પણ અતિ ઘાતકી બની રહી. તેણે અશ્વત્થામાને પાંચ પાંડવોના મસ્તકો કાપીને લાવવાનું કામ સોંપ્યું હતું. પ્રત્યેક ક્ષણ તે લોહી ટપકતાં મસ્તકોના દર્શનની પ્રતીક્ષામાં પસાર થઈ. એ દર્શન માટે જ તેની જિજીવિષા ટકી રહી હતી. જ્યારે અશ્વત્થામા ગફલતમાં રહો ગયો. પાંડવોને બદલે તેમના પાંચ પુત્રો - પાંચાલોના - લોહી નીતરતા મસ્તક તાસકમાં તે લાવ્યો અને દુર્યોધનને દેખાડયા ત્યારે તે જોઈને ક્રોધના આવેશમાં; હતાશાની આગમાં તેણે મોટી ચીસ નાખીને કહ્યું, "અરે, હાય! હાય આ ક્યાં પાંડવો છે ? આ તો પાંચાલો છે !" બસ... પાંડવો જીવતા રહી ગયાની જાણકારીના આઘાતની કારમી હતાશામાંનું દેહની અસહ્ય વેદનામાં કણસતો દુર્યોધન મરી ગયો ! મૃત્યુ તો કેવું મંગલ મહોત્સવરૂપ હોય ? આવા મૃત્યુને જે વરે છે તે જ વસ્તુતઃ મહાન્ છેઃ તેણે તેનો માનવ ભવ સફળ કર્યો તેમ કહેવાય છે.

કોઈ પણ વેદના વિનાનું મોત મળે તેના છેલ્લા શ્વાસ સુધી ઈશ - રટણ મળે અને કોઈ પણ દીનતા વિનાનું જીવન મળે તો જીવન અને મરણ બેય ધન્ય બની જાય. ધર્મીજનો આવા જીવન-

મરણની કામના, પરમાત્મ પ્રાર્થનામાં કરતા હોય છે.

અનાયાસેન મરણં, વિના દૈન્યેન જીવનમ્.
દેહાન્તે તવ 'સાન્નિધ્ય' દેહિ મે પરમેશ્વર !

માણસને શાન્તિથી જીવતાતો હજી આવડશે પણ મોજથી મરવાની કલા તો કોક જ શીખ્યો હોય છે.

એમ કહી શકાય કે શ્રી કૃષ્ણ, કર્ણ, ગાંધારી વગેરે મહાભારતના પાત્રો ભલે નિયતિથી જ્યાં ત્યાં ઘસડાયા હોય પરંતુ ધૃતરાષ્ટ્રે અને દુર્યોધને તો એમના અવળ - ધંધાના અવળા પુરુષાર્થને લીધે જ માર ખાધો છે. તેમના કર્મોને આગળ કરીને તેમના દુષ્કૃત્યોનો બચાવ કરી શકાય તેમ નથી.

કૌરવ માતા - ગાંધારી અને પાંડવ માતા - કુન્તીમાં કેટલુંક સામ્ય જોવા મળે છે.

બેય રાજકુમારીઓનો પ્રણય ચર્ચાસ્પદ બન્યો છે.

બે ય માતાઓએ પોતાના સંતાનોના ઉછેરની બાબતમાં ધરાર અવગણના કરી હતી.

બે ય ના પતિ શારીરિક રીતે સજ્જ ન હતા.

બે ય ના સંતાનોએ જ મહાભારત ખડું કરવામાં સિંહફાળો આપ્યો.

બેય ના સંતાનો પાંડવોના દુશ્મન હતા.

બેય ના સંતાનો જીવીને, મરીને ય સુખી ન થયા.

પણ બેય માતાઓ તો પોતાનું મોત સુધારીને જ પરલોકે વિદાય થઈ.

# કર્ણ અને કુન્તી

## (૮)

નિયતિના કારમા અંધકારમાં અને ધિક્કારની લપકતી આગમાં સતત ટીચાતો - કુટાતો, બળતો અને જલતો જીવ એટલે કર્ણ.

આગ અને અંધકારમાં ખીલેલું આ સૂર્યમુખી પુષ્પ હતું.

મહાભારતકાર વ્યાસનું તો આ અત્યન્ત લાડકું પાત્ર હતું એમ વ્યાસરચિત મહાભારત જોતાં લાગે.

મહાભારત પાત્રોમાં નેત્રદીપક પાત્રો તરીકે પુષ્કળ પ્રેરણા દઈ જતાં પાત્રો તરીકેમાં પહેલાં શ્રીકૃષ્ણ આવે તો લગભગ તેમની બરોબરીમાં બીજો કર્ણ આવે.

કર્ણ મૂળમાં અત્યન્ત મહાન્ હતો. પણ સંયોગોએ તેને ક્યારેક અધમ બનવાની પ્રેરણા આપી. તેણે મહાસતી દ્રૌપદીના ચીર ખેંચાવવાની પળોમાં તેણીને પાંચ પુરુષોની પત્ની-કુલટા કહી. ખેર... પણ એ બધાની પાછળ કેટલાક કારણો હતા. જો સમાજ તે કારણોને નહી જુએ તો કર્ણને અન્યાય કરી બેસશે. કર્ણ સુંદર હતો. તેનામાં જે કુરુપતા દેખાય છે તે તેની નથી : સહજ નથી : સંયોગજનિત છે. તે લગભગ નિર્દોષ છે.

જો કર્ણને સાંગોપાંગ ઊંડાણથી નીરખીને કોઈ સમજી શકશે તો તે માણસ બીજાના દોષોને જોવા નીકળશે તો તેની પાછળ કારણો તરીકે પોતાના જ દોષો તેને દેખાવા લાગશે. તેમ થતાં તે તરત બીજાને દોષિત ઠરાવતો અટકી જશે.

ઘણા બધા વડીલો પોતાના ક્રોધાદિ દોષોને લીધે સંતાનોને 'ખરાબ' કરતા હોય છે. પણ તેનું સુવાંગ નિરીક્ષણ કરીને પોતાની ભૂલોને તેઓ કદી કબૂલતા નથી. આવાં. વડીલોનું ! એવા સમાજનું જે સંતાન તે કર્ણ છે.

કર્ણની નિયતિ જ કેટલી ભયંકર કે (૧) જન્મતાં જ તેની સગી માતા કુન્તીએ તેને નદીમાં વહેતો કરી દીધો ! ભવિષ્યમાં થનારા પતિ પાંડુનું જ તે સંતાન હોવા છતાં લગ્ન પૂર્વે જન્મ થઈ જતાં ગભરાઈ ગયેલી માતાએ આ પગલું લીધું. કોની ભૂલ ? કોને સજા ?

અહીંથી જ ધિક્કારની અગનવર્ષા શરૂ થઈ ગઈ. હાય ! જન્મથી જ સંતાનની જો આ દશા થાય તો તે જીવી શી રીતે શકે ? હા, કર્ણ તો એવી અવસ્થામાં માત્ર જીવ્યો ન હતો; પણ આપત્તિઓને જીતતો રહ્યો હતો.

માતા કુન્તીએ બાળકના કાને કુંડળ લગાવ્યા હતા તે ઉપરથી તેના પાલક માતા-પિતા, રાધા અને અતિરથી સારથીએ તેનું નામ કર્ણ પાડયું. પણ કર્ણ તો વહાલી માતા રાધાના નામથી 'રાધેય' તરીકે જ પોતાને જણાવતો રહ્યો. રાધા નિઃસંતાન હતી. તેને આ સંતાન મળ્યું. તેને તે દિલથી ચાહતી હતી. કર્ણે રાધાને કદી અંતરથી વેગળી કરી નથી. તે માતૃભક્ત હતો. તેણે પોતાને દાસી હવી રાધાના પુત્ર-રાધેય તરીકે જાહેર કરવામાં ભારોભાર ગૌરવ અનુભવ્યું છે.

(૨) જરાક મોટો થયેલો કર્ણ બ્રાહ્મણ-શ્રેષ્ઠ પરશુરામને ત્યાં પોતાને બ્રાહ્મણ કહીને વિદ્યોપાર્જન કરવા રહ્યો. એકવાર પોતાના પ્રિય શિષ્ય કર્ણના ખોળામાં માથું મૂકીને ગુરુ પરશુરામ ઘસઘસાટ ઊંઘતા હતા ત્યારે કર્ણને સાથળમાં ભમરો ચોંટયો. તેણે સાથળ

ખોદી નાંખી. લોહીની ધાર ચાલી. કર્ણ જન્મથી ક્ષત્રિય હતો. એની નસમાં ક્ષાત્રવટનું બળ વહેતું હતું એટલે ગુરુજીને ઊંઘમાં જરાય ખલેલ ન પડે તે માટે તે ભારેખમ દુઃખ સહી લીધું. લોહીના રેલાની ભીનાશથી જાગી ગયેલા ગુરુને બધું જોતાં, ખાત્રી થઈ કે એ માણસ બ્રાહ્મણ હોય જ નહિ. તેમણે તેને ધુત્કારીને કાઢી મૂકયો.

કર્ણને ખૂબ આઘાત લાગ્યો. ગુરુભક્તિનું કેવું અકલ્પ્ય ફળ તેને મળ્યું ?

(૩) કૌરવ-પાંડવોને શસ્ત્રવિદ્યાના શિક્ષણ વખતે કર્ણ દૂર ઊભો રહીને બધું શીખવા લાગ્યો. જ્યારે રાજકુમારોની પરીક્ષા થઈ ત્યારે કર્ણે પોતાનું કૌશલ જોવા વિનંતી કરી. તે વખતે કૃપાચાર્યે 'તે સારથિપુત્ર હોવાથી' અપાત્ર જણાવ્યો. ભીમે મશ્કરી કરી. "જા જા... તારા બાપની જોડે ઘોડા હાંક... અહીં તારું કામ નહિ." કર્ણના પેટમાં આઘાતથી કળ વળી ગઈ.

તે વખત સુધીમાં કૌરવો અને પાંડવો વચ્ચેની દોસ્તી ખતમ થઈ ગઈ હતી. ઈર્ષ્યાની આગમાં દુર્યોધન સતત શેકાતો હતો. પરંતુ પાંડવ - પ્રખર અર્જુનનો મુકાબલો કરવાની... તેની કોઈ ગુંજાયશ ન હતી. એવા કોઈ માણસની તેને જરૂર હતી.

આ વસ્તુ તેને કર્ણના લલાટના તેજમાં દેખાઈ. કર્ણની બાણ કલામાં જણાઈ. તેણે ભારે ચતુરાઈ - ખૂબ જ યોગ્ય સમયે દાખવી દીધી. કર્ણને પોતાની પાસે લીધો. તેને એ આઘાતમાં આશ્વાસન આપ્યું. તેણે જાહેર કર્યું કે હું હમણાં જ કર્ણને અંગદેશનો રાજા તરીકે અભિષિકત કરું છું. જોતજોતામાં તે વિધિ પતી ગઈ. ઉપકારની ભારે વજનદાર થેલી નીચે દબાએલો કર્ણ કયા શબ્દોમાં દુર્યોધનનો ઉપકાર માનવો તે સમજી ન શકયો ? તેણે દુર્યોધનને કહ્યું; "હું આપનો અત્યન્ત ઋણી છું. એના બદલામાં આપ મારી પાસે શું ઇચ્છો છો ?" દુર્યોધને તરત જવાબ આપ્યો કે, "આજીવન

વફાદારીપૂર્ણ મૈત્રી." કર્ણે તરત કહ્યું, 'તથાસ્તુ."

આ વચનને કર્ણ જીવનભર વળગી રહ્યો. એ વફાદારીની રક્ષા કરવામાં તેણે ઘણી મોટી કિંમત ચૂકવવી પડી. પણ તેણે સહર્ષ તે વફાદારી જાળવી રાખી. કર્ણ કેટલો બધો મહાન્ - મૂઠી ઊંચેરો માનવી કહેવાય ?

આ વખતે કુન્તી પરીક્ષા મંડપના સ્ટેઇજ ઉપર બેઠી હતી. તેણે કર્ણના કાનના કુંડલો જોઈને જાણી લીધું કે તે તેનો જ પુત્ર છે.

પરંતુ તે વાત તેણે તે વખતે કોઈને કરી નહિ. જો તેણે એ વાત પ્રગટ કરી દીધી હોત તો મહાભારતના મહાભયાનક યુદ્ધનું સર્જન થાત નહિ. તે જ પળે પાંડવો પોતાના જયેષ્ઠ ભ્રાતા કર્ણને ભેટી પડયા હોત. પરંતુ નિયતિને જ એ મંજૂર ન હોય ત્યાં શી આશા રાખી શકાય ?

(૪) અંગદેશના રાજા તરીકે કર્ણ, દ્રૌપદીના સ્વયંવરમાં ઉપસ્થિત થયો. સ્વયંવરા દ્રૌપદીએ તેને જોયો ત્યારે, દાસી પાસેથી "તે સૂત્રપુત્ર કર્ણ છે." તેવું જાણીને તેણીએ મોં બગાડયું. જ્યારે રાધાવેધ સાધવા માટે તેણે બાણ ઉઠાવ્યું ત્યાં તેની 'સૂત્રપુત્ર' તરીકે હાંસી થઈ. આથી આઘાત પામીને કર્ણે બાણ મૂકી દીધું. તે મંડપ છોડીને ચાલી ગયો. તેને દ્રૌપદીની હીન-વર્ત્તણુંક બદલ ખૂબ ખરાબ લાગ્યું. દ્રૌપદી સાથે વેરની ગાંઠ બંધાઈ.

(૫) યુદ્ધના અઢાર દિવસોમાં બે દિવસ કર્ણ સેનાપતિપદે રહ્યો હતો. તેણે સારથિકલામાં કુશળ મદ્રરાજ શલ્યની સારથિ કાર્ય માટે માંગણી કરી. મહાપરાણે દુર્યોધને મદ્રરાજને સારથિ બનવા માટે તૈયાર કર્યા. પણ મદ્રા રાજના બે ભાણીઆ - સહદેવ અને નકુલ (મદ્રરાજની બેન માદ્રીના બે પુત્રો) હતા. તેમણે જોયું કે મામાને સ્વપક્ષે લેવામાં તેઓ મોડા પડયા છે અને દુર્યોધન મામાને

પોતાના પક્ષે રહેવાનું વચન લઈ ચૂક્યો છે ત્યારે ભાણેજોએ મામા પાસે એ વાતનું વચન લીધું હતું કે, "મામાએ કર્ણના ઉત્સાહને તોડી પાડવાની એક પણ તક જતી કરવી નહિ."

અહા ! પાંડવોને કર્ણ કેટલો બધો જોરદાર પ્રતિપક્ષી લાગ્યો હશે કે તેને તોડવા માટે આવા હીન-વચનો તેમને લેવા પડયા !

આ વચનની રૂએ મદ્રરાજે સારથિ તરીકેના પોતાના બે દિવસના સમયમાં કર્ણને ધિક્કારવામાં જરાય કચાશ રાખી ન હતી. તેને 'સૂત્રપુત્ર' કહ્યો ! "તારી માએ છોકરી જણી હોત તો તે ય તારા જેવી નિર્માલ્ય ન હોત !" "હું ક્ષત્રિય છું. તારા જેવા દાસીપુત્રની વિનંતી કદી નહિ માનું."

"ધરતીમાં ખૂંપી ગયેલું રથનું પૈડું કદી નહિ કાઢું." વગેરે વગેરે શબ્દોએ કર્ણના અંતરને વીંધીને ચાલણી જેવું કરી નાંખ્યું હતું. આથી જ કર્ણ મરતા પહેલાં જ મરી ગયો હતો. પૈડું કાઢવા મથતાં કર્ણે અર્જુનને કહ્યું કે, "નિઃશસ્ત્ર ઉપર તું બાણ ચલાવી ન શકે." પરંતુ આવી તક મળ્યા વિના કોઈ પણ રીતે કર્ણ મરે તે શક્ય ન જણાતા શ્રીકૃષ્ણે અર્જુનને બાણ છોડી દેવાની આજ્ઞા કરી. કર્ણ ખતમ થઈ ગયો !

(૬) અને એક વધુ ધિક્કારની આગની યાદી આપું. પૂર્વે આપણે જોયું છે કે જો કર્ણ (સૂતપુત્ર હોવાથી સ્તો) યુદ્ધમાં ઉપસ્થિત થાય તો ભીષ્મ સેનાપતિપદ લેવા માટે તૈયાર ન હતા. ભીષ્મની એ હઠ ખાતર કર્ણે તેમના દસ દિવસના સમયમાં યુદ્ધભૂમિ ઉપર પગ મૂક્યો ન હતો.

આવા છ છ ધિક્કારના પ્રસંગો વચ્ચે પણ કર્ણે પોતાના ગુણ-કુસુમને પૂરબહારમાં ખીલવ્યું હતું. તેને કદી સુરઝાવવા દીધું ન હતું. તેને કદી દોષોના કીડાઓથી ખતમ થવા દીધુ ન હતું.

તેના અનેક ગુણોમાં ટોચ કક્ષાના ચાર ગુણો હતા.

(૧) તે અત્યન્ત પરાક્રમી હતો - શૂરવીર હતો. શ્રીકૃષ્ણ પણ આ વાત સુપેરે જાણતા હતા. તેથી જ તેને પોતાના પડખે લેવાની તેમણે વિષ્ટિકાર તરીકેના પાત્રમાં કોશીશ કરી હતી. જ્યારે કર્ણે દુર્જય બની ગયેલા ભીમપુત્ર ઘટોત્કચને એકાધની નામના શસ્ત્રથી મારી નાંખ્યો ત્યારે હર્ષ વેશમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, "હવે આપણે યુદ્ધ જીતી ગયા." આમ એટલા માટે શ્રીકૃષ્ણે કહ્યું હતું કે અર્જુનને મારવા માટે સાચવી રાખેલું - એક જ વાર વાપરી શકાતું - શસ્ત્ર ઘટોત્કચને મારવામાં વપરાઈ ગયું હતું. હવે શ્રી કૃષ્ણની નજરમાં અર્જુન અજેય બની ગયો હતો.

(૨) પૂર્વે જણાવ્યું હતું તેમ કર્ણની વફાદારી ઇતિહાસમાં અજોડ હતી. તેણે દુર્યોધનને આપેલું વચન ગમે તેટલી મુસીબતોમાં પાળ્યું. તેણે માતા કુન્તીએ ગંગા નદી તટે આપેલી લાલચ કે, "તું કૌન્તેય છે; જયેષ્ઠ પાંડવ છે; હસ્તિનાપુરનો રાજા તું જ થઈ શકે છે માટે દુર્યોધનને છોડીને અમારા પક્ષે આવી જા." આ વાતને નમ્રતા સાથે નકારી દઈને કર્ણે કહ્યું હતું, 'હું 'રાધેય' જાહેર થવામાં જ મારું ગૌરવ માનું છું. જે કુન્તીએ પોતાના સંતાનનો વગર વાંકે ત્યાગ કરી દીધો તેના પુત્ર-કૌન્તેય તરીકે મને જાહેર કરવામાં મારી હીણપત સમજું છું. મેં મારા અનન્ય ઉપકારી મહારાજાધિરાજ દુર્યોધનને મારું જીવન સોંપી દીધું છે. હું તેમને કદી બેવફા બની શકું તેમ નથી. મા ! મને તમને આલિંગન કરીને વાત્સલ્ય લૂંટી લેવા દો. મને થોડીક જ ક્ષણો માટે - પહેલીવાર અને છેલ્લીવાર - કૌન્તેય બનવા દો એમ કહીને માતૃપ્રેમને મેળવવા કર્ણ કુન્તીમાતાને વળગી ગયો. ધરાઈને પ્રેમ મેળવ્યો. ના... પોતાના પાંચ દીકરાઓ પ્રત્યે જ દિલ બહેલાવતી સ્વાર્થી કુન્તી, કર્ણને દિલથી પ્યાર ન આપી શકી. તેણે તો કર્ણને આલિંગનથી છૂટો. કરીને એક સ્વાર્થી માંગણી કરી લીધી કે, "આ ધરતી ઉપર પાંચ પાંડવો રહેવા

જોઈએ.' કર્ણે તરત તે વાતનું વચન આપી દીધું. તેણે ઘટસ્ફોટ કરતાં કહ્યું કે, 'જો મારા હાથે અર્જુન મરશે તો ય હવે હું પણ પાંડવ છું એટલે પાંડવો તો પાંચ રહેશે જ. અને જો અર્જુનના હાથે હું મરીશ તો ય પાંડવો પાંચ રહેશે જ. મા કુન્તી આ ઘટસ્ફોટથી રાજી ન થતાં ડઘાઈ ગઈ હતી ! કર્ણનો કટ્ટર દુશ્મન અર્જુન હતો. એ વાત આ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે.

(૩) કર્ણનો કૃતજ્ઞતા ગુણ કેટલો મહાન્ હતો ? તેને રાધાએ દિલ આપ્યું; દૂધ પાયું; પ્રેમ આપ્યો, પ્રાણ પાથરીને નાનાથી મોટો કર્યો તો કર્ણ પણ સદા પોતાને 'રાધેય' જ જણાવતો રહ્યો... ભારે ગૌરવથી. ભલે પછી રાધા દાસી હતી અને તેથી તે દાસીપુત્ર તરીકે હાંસીપાત્ર બનતો હતો. રાધા એની ખરીમા હતી ! દુર્યોધન એનો ખરો બાપ હતો. બે પ્રત્યેની તેની કૃતજ્ઞતા અનૂઠ હતી.

(૪) કર્ણ અજોડ દાનેશ્વરી હતો. કહે છે કે તેને અમર બનાવનારા તેના કવચ અને કુંડલ હતા. અર્જુન તરફી ઇન્દ્ર બ્રાહ્મણરૂપે આવીને તેની યાચના કરી. ઇન્દ્રની મોતને નજીક લાવી દેવાની કલ્પના પણ કર્યા વિના આ દાનવીરે બે ય તરત કાઢીને આપી દીધા !

(અર્જુન સિવાયના ચાર) પાંડવોને અભયનું દાન-માતા કુન્તીના કહેવાથી તરત આપ્યું. જ્યારે એક વાર ભીમનો જાન લેવાની તક મળી ગઈ ત્યારે કર્ણે આ વચનને યાદ કરીને તેને ભગાડી મૂક્યો.

કુન્તી પોતાની સગી મા છે (ખરી મા તો રાધા હતી.) તે વાતની કર્ણને સહુ પ્રથમ ખબર તો વિષ્ટિકાર કૃષ્ણે આપી હતી. તે પછી ગંગાતટે કુન્તીએ કર્ણને તે વાત કરી હતી. અને છેલ્લે કર્ણના મૃત્યુ બાદ કુન્તીએ દુર્યોધનાદિ ભાઈઓની અંતિમવિધિ કરતાં

કર્ણની પણ સાથોસાથ વિધિ કરવાનું જણાવવા સાથે યુધિષ્ઠિરાદિને આ વાત કરી હતી. તે સાંભળીને આક્રોશ કરતાં યુધિષ્ઠિરે તેને કહ્યું હતું કે, 'જો પરીક્ષા મંડપમાં જ તેં આ વાત જાણી હતી તો, ત્યારે જ કહી દેવું હતું ને ? તેથી આ બધુ મહાભારત રચાત જ નહિ !'

કાશ ! નિયતિના લેખ કોણ મિથ્યા કરી શકે છે ?

વર્ત્તમાન જગતની કુન્તીઓ તે છે; જેઓ તેની જેમ સંતાનોને ત્યાગે છે. હા. હવે તો ગર્ભપાત દ્વારા જ ત્યાગી દે છે. કુન્તીએ તો જીવતો દીકરો ત્યાગ્યો હતો. આજે તો જો ખબર પડે કે પેટમાં બેબી છે તો તો નક્કી આવી બન્યું ! તેને મારી નાંખ્યે જ છૂટકો. એવા જાહેરાતના પાટીઆં લગાડાઈ રહ્યા છે; જેમાં લખ્યું છે "જો તમારે પાંચ લાખ રૂપિયા બચાવવા હોય તો માત્ર પાંચસો રૂ. ખર્ચીને, પેટની અંદર બેબી છે તે વાતની જાણ થતાં જ તેને મારી નંખાવો." દીકરીને દૂધ પીતી કરવાનો ક્રૂર રિવાજની આજના બુદ્ધિજીવીઓએ ફરી ધૂમ મચાવી દીધી છે. લાખો બાળકીઓને પેટમાં જ ખતમ કરાય છે. કેટલી બધી ક્રૂરતાથી ? એ જો જાણવું હોય તો તે અંગેની વીડીઓ-કેસેટથી ખબર પડે. અમેરિકાના માજી પ્રેસીડન્ટ પણ ગર્ભપાતની આ ૨૮ મીનીટની કેસેટ જોઈન ધ્રૂજી ગયા હતા ! તેમણે આ માનવ હત્યા બંધ કરવાનો વિચાર પ્રજા સમક્ષ રજૂ કર્યો હતો. વર્ત્તમાન અમેરિકન પ્રેસીડન્ટ બુશ પણ એવા જ વિચારના થયા છે.

ઓ, બુદ્ધિજીવીઓ તમારી બુદ્ધિના ધારદાર છરાથી કેટલો બધો ભયાનક હત્યાકાંડ ચારે બાજુ-બધા ક્ષેત્રોમાં સર્જાયો છે !

ગર્ભપાતથી સંતાનોની હત્યા !

છૂટાછેડાથી નારીઓના અને સંતાનોના સુખ-શાન્તિની હત્યા! ઘરડા-ઘરોથી માબાપની રિબાવીને હત્યા !

ડેથ - ટયુબ વડે (મર્સીફુલ ડેથ) રોગિષ્ટ વગેરે મા-બાપોની પંદર સેકંડમાં હત્યા !

શ્રીમંતોના સડી ગયેલા, ખતમ થયેલા અંગોના પ્રત્યારોપણ માટે ગરીબોના ભેદી ખૂન ! ભેદી અપહરણો ! માતાઓને મોટી લાંચ આપીને મેળવી લેવાતાં ગરીબ કે ભિખારી સંતાનો ! તેમને થોડાક તગડા કરીને જીવતાં જ લેવાઈ જતું તેમનું લોહી અને વીર્ય ! જીવતાં જ કાપી લેવાતા તેમનાં અંગો - કીડની ચક્ષુ વગેરે... માનવ માંસભક્ષી શ્રીમંતો માટે તેમનું કાપી લેવાતું માંસ... હાય ! ખાટકીઓ પણ આટલા ક્રૂર નથી.

કુન્તીતો, આજની ક્રૂર કુન્તી કરતાં ઘણી સારી હતી. કુન્તીના સ્થાને આજની કુન્તી હોત તો કર્ણને પેટમાં જ ઉડાવી દીધો હોત !

ઓ બાઇઓ ! માતાઓ ! છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય ! એ શાશ્વત કહેવતને શું તમે કમાવતર બનીને ખતમ કરશો ? યાદ રાખો, ગર્ભપાત વખતે તમારા સંતાનોની ખોપરીનો ઝીણો ભુકો કરી દેવાય છે; તેના દરેક અંગના ટુકડા ટુકડા કરી દેવાય છે ! તે વખતે બાળક મૂંગી, તીણી, કરુણ ચીસ પાડતું હોય છે ! હાય ! આ જાણ્યા પછી પણ જો તમે ગર્ભપાત કરાવશો હું તમને માતા કહેવાને બદલે ડાકણ કહેવાનું પસંદ કરીશ.

સબૂર ! આવા તમારા કુકૃત્યોનું - તે બાળક બાળકીના જીવલેણ નીસાસાઓનું પરિણામ તમારે ભોગવ્યે જ છૂટકો થશે. તમારો સંસાર આ જ ભવે ઊજડી જશે. તમારું ઘડપણ, ઘરડાઘરોમાં ગુંગળાઈ જશે. તમારે માટે મોત પણ વસમું બની જશે. તમારા રોગાદિથી કંટાળેલા તમારા સંતાનો, તમને જીવવા માટે નકામા ગણીને ઝેરનું ઇંજેક્શન આપીને રહેશે.

બૂમરેંગ બનીને તમારું પાપ તમને વળગી જશે. ખાઈ જશે.

# એકલવ્ય

## (૯)

"ઓ ઉપકારી ગુરુદેવ ! અંગુઠો શા માટે ? આખું માથું ગુરુદક્ષિણામાં કાપીને દઉં ! આદેશ કરો. આપનું મારા માથે એટલું મોટું ઋણ છે કે, તો ય હું તેમાંથી મુક્ત થઈ શકું તેમ નથી."

જાતના ભીલ એકલવ્ય નામના યુવાન છોકરાના આ શબ્દો હતા. બીજી જ પળે ગુરુ તરીકે ધારેલા દ્રોણાચાર્યને તેણે જમણા હાથનો અંગુઠો કાપીને આપી દીધો ! ધરતી ઉપર લોહી દડદડદડ ટપકવા લાગ્યું.

આકાશમાં ઉપસ્થિત દેવોએ દ્રોણને શરમ... શરમ... (Shame ! Shame !)નાં પોકારોથી નવાજ્યા. હવે ગુરુને સમજાવ્યું કે, મારાથી કાંઈક વધુ પડતું બફાઈ ગયું છે એટલે તરત તેમણે એકલવ્યને ભેટી પડીને માથે હાથ મૂકીને આશિષ આપ્યા કે, "વગર અંગુઠે પણ તું તારી સિદ્ધહસ્ત ધનુષ્કલામાં ઊણો નહિ નીવડે."

કોઈ કહે છે કે, અર્જુન પ્રત્યેના અતિ પ્રેમને લીધે તેને અજોડ ધનુર્ધર બનાવવાના આપેલા વચનને લીધે, સવાઈ અર્જુન બનવાની તૈયારીમાં આવી ગયેલા એકલવ્યને પાછો હટાવી દેવા માટે, તેનો અંગુઠો દ્રોણાચાર્યે માંગી લીધો !

કોઈ કહે છે કે, "ના... તેમ નથી. આર્ષ પુરુષોએ ભીલ જાતિને શસ્ત્રવિદ્યા શીખવાની મનાઈ કરી છે. તે કાર્ય માત્ર ક્ષત્રિય જાતિને સોંપાયું છે. આની પાછળ વૃત્તિનું અસાંકર્ય કારણ છે.

વૃત્તિ એટલે આજીવિકા. તેનો ભેળસેળ અદલાબદલી ન થવા જોઈએ. તેમ થાય તો બળવાનોના હાથમાં દુર્બળોના ધંધા ચાલી જાય. દુર્બળો બેકાર થઈ જાય. મોચીનો ધંધો શૂદ્ર એવા મોચીઓ પાસે જ રહેવો જોઈએ. જો બાટા-કંપની તે ધંધો લઈ લે તો જંગી મૂડીરોકાણની તેની તાકાતથી એવો ધંધો જમાવે કે હજારો મોચી-કુટુંબો બેકાર થઈ જાય. જો કુદરતી મરેલા ઢોરના ચામડાંને સંસ્કાર આપવાનો અને હાથશાળના વણાટનો ધંધો શૂદ્ર એવા હરિજનો પાસેથી મીલવાળા શેઠીઆ લોકોએ લઈ લીધો તો લાખો હરિજનો બેકાર થઈ ગયા !

આથી જ વૃત્તિનું અસાંકર્ય (અ-ભેળસેળ) સંતો દીધી સંસ્કૃતિની એક વ્યવસ્થા રૂપે સ્વીકારાયું છે. આ જ રીતે વર્ણનું પણ અસાકર્ય સ્વીકારાયું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો છે. તેમના લોહીમાં એક બીજાનો ભેળ થવો ન જોઈએ. જો તેમ થાય તો બ્રાહ્મણ પુરુષનો અને ક્ષત્રિયાણી સ્ત્રીનો વર્ણસંકર દીકરો ન તો સૈનિક બનવાનું કૌશલ લોહીમાં - જન્મજાત રીતે-પામી શકે ન તો વિદ્યાદાનનું કૌશલ પામી શકે. ચાર વર્ણોમાં નિશ્ચિત કરેલી બાબતો આ પ્રમાણે છે.

બ્રાહ્મણ શિક્ષક છે; ક્ષત્રિય રક્ષક છે, વૈશ્ય પોષક છે. અને શૂદ્ર સંમાર્જક છે.

વર્ણ-વૃત્તિના અસાંકર્યની વ્યવસ્થાને એકલવ્યે અજાણપણે પણ ધક્કો લગાડયાના ખ્યાલથી જ તેને શસ્ત્રવિદ્યાર્થી વંચિત કરવાનું કપરું કામ દ્રોણાચાર્યને કરવું પડયું છે.

બ્રિટનના શાહી કુટુંબમાં આજે પણ ખૂબ ચુસ્ત રીતે લોહીનું અસાંકર્ય પાળવામાં આવે છે. આ કારણસર થયેલો આઠમા એડવર્ડનો ગાદી ત્યાગ સુપ્રસિદ્ધ છે.

વિશિષ્ટ કોટિના ઘોડા, ઘોડીઓની ઓલાદને શુદ્ધ રાખવા

માટે સજાગ રહેવાય છે. આગાખાનો તેવા જ વાછડાઓને ક્રોડો રૂપિયા આપીને ખરીદતા હોય છે.

કેવી દુ:ખની વાત છે કે ભારતીય પ્રજાના લોહીમાં સાંકર્ય પેદા કરવા માટે આંતરજ્ઞાતીય વગેરે પ્રકારના લગ્નોને ઉત્તેજન અપાય છે; રાજ્ય સરકારો ઇનામો આપે છે.

આથી જ આજે ખેડૂતનો દીકરો ખેતી જાણતો નથી, વેપારીનો દીકરો વેપાર જાણતો નથી, ક્ષત્રિયના દીકરાને બંદુક ઉઠાવતા આવડતી નથી.

પશ્ચિમની જીવનશૈલિનો સ્વીકાર કરીને ભારતીય પ્રજાએ ઘણું બધું ખોયું છે. ખેતી, લગ્ન, વેપાર, ભોજન, રાજ્ય, શિલ્પ, કલા વગેરે તમામ બાબતોમાં ભારત પાસે પોતાની આગવી જીવનશૈલિ હતી. તેનાથી દેશમાં ગરીબો હતા પણ ઘણાં ભિખારી ન હતા; આજની અપેક્ષાએ નિરક્ષરો હતા પણ અસભ્યો ન હતા. ડીગ્રીફાઈડ ન હતા પણ માતપિતાદિના પૂજક જરૂર હતા.

આઝાદ થયેલા ભારતે પશ્ચિમનું ઘણું બધું અપનાવ્યું પણ તેણે તેની ભ્રષ્ટ અને અંધાધૂંધ જીવનશૈલિ અપનાવવી જોઈતી ન હતી, ઊલટું; પોતાની - પૂર્વની - જીવનશૈલિ વિદેશોને આપવી જરૂરી હતી. એમ થાત તો વિદેશી પ્રજા ભારતનો અસીમ ઉપકાર માનત. કેમ કે આજની તેમની જે હાલત છે; ગર્ભપાત, વ્યભિચાર, લૂંટફાટ, માફીઆવૃત્તિ, ગુંડાગીરી, ભોગાતિરેકમાંથી સર્જાયેલા ડ્રગ્સ વગેરેના નવી પેઢીના ભયાનક પ્રશ્નો-તેમાંનું કાંઈ જ ન હોત ! કાશ ! હવે તો ભગવાન બચાવે. મૂળ વાત ઉપર આવીએ.

એકલવ્યનો અંગુઠો લેવા પાછળ ગુરુ દ્રોણની સંસ્કૃતિ-વ્યવસ્થાની દૃષ્ટિ હતી એમ પણ કેટલાકો કહે છે. ખેર... જે હોય તે.

જોકે આવી સંસ્કૃતિ વ્યવસ્થામાં માનનારા દ્રોણાચાર્યે બ્રાહ્મણ

હોઈને પણ ક્ષત્રિયની જેમ શસ્ત્રો હાથમાં લીધા; યુદ્ધમાં ભાગ લીધો. આમ તેમણે જ વ્યવસ્થા - ભંગ કર્યો. પણ આ જે કાંઈ બન્યું તે ક્રોધના આવેશમાં બન્યું છે. કામ, ક્રોધના આવેશમાં માણસ ગમે તેવા પગલા ભરી બેસે તેમાં શી નવાઈ ? મારું માનવું છે કે આવું કરવા બદલ ગુરુ દ્રોણ અંતરથી સંતપ્ત રહ્યા હશે.

જે હોય તે. એકલવ્ય તો અંગુઠાની ગુરુદક્ષિણા દઈને ઇતિહાસના અમર ગુરુભક્તોની પ્રથમ હરોળમાં સ્થાન પામી ગયો!

એકલવ્યને દ્રોણોચાર્યે શિષ્ય તરીકે કદી સ્વીકાર્યો નથી. માત્ર એકપક્ષી રીતે એકલવ્યે દ્રોણને ગરુ તરીકે સ્વીકાર્યા છે. એણે એમની ગુરુ-મૂર્તિરૂપે પ્રતિષ્ઠા કરી છે. એમને એ મૂર્તિમાં જીવંત ગુરુ દેખાતા હતા. એમાં એ તન્મય બની ગયો હતો. પાગલની જેમ ચેષ્ટા કરતો તેમની સાથે કાલીઘેલી વાતો કરતો હતો : બાણવિદ્યાની પ્રગતિ માટે સતત પ્રેરણા લેતો હતો. આમ કરીને જ તે ગુરુભક્ત સવાઈ અર્જુન બની ગયો હતો !

આ ઘટના ઉપરથી એમ કહી શકાય કે શિષ્યના વિકાસમાં ગુરુની કૃપા : પ્રસન્નતા વગેરેની જેટલી જરૂર છે તેથી ઘણી વધુ જરૂર શિષ્યના હૈયામાં પણ ગુરુભક્તિની છે. જો તે હોય તો ગુરુની કૃપા ન હોય તો ય એક વાર તો શિષ્ય મેદાન મારી જાય. એકલવ્યનો વિકાસ ન ઇચ્છતા દ્રોણ હતા. છતાં એકલવ્ય ખૂબ આગળ વધી ગયો; તેનું કારણ તેના હૈયે ગુરુભક્તિ જામી ગઈ હતી જો એકલવ્ય ઉપર ગુરુની પ્રસન્નતા હોત તો કદાચ ઘણો વધુ અને ખૂબ ઝડપી વિકાસ એકલવ્ય સાધી શક્યો હોત.

ગુરુની કૃપાદૃષ્ટિથી શિષ્યનો વિકાસ થતો હોવાનું જે કહેવામાં આવે છે તેમાં મુખ્ય હેતુ તો એ કૃપાથી શિષ્યના હૈયે ઉત્પન્ન થતી ભારે પ્રસન્નતા છે. પ્રસન્ન આત્મા વિકાસની કયી ટોચને ન આંબી લે? આમ વિકાસમાં સૌથી મુખ્ય કારણ તો પ્રસન્નતા જ બની જાય

છે. બેશક, તે ઉત્પન્ન થવામાં ગુરુકૃપા - ગુરુ પ્રસન્નતા - અસાધારણ કારણ જરૂર છે.

અહીં આપણે બે પ્રકારની વાસ્તવિકતાને (રીઆલીટીને) વિચારીએ.

પદાર્થનું ખરેખર સામે હોવું તે ઓબ્જેક્ટીવ રીઆલીટી છે.

પદાર્થનું; આપણી કલ્પનાસૃષ્ટિમાં સર્જન કરવું તે આઈડીઅલ રીઆલીટી છે.

બે ય રીઆલીટીઓ ધાર્યું કાર્ય સિદ્ધ કરી શકે છે. કયારેક ઓબ્જેકટીવ કરતાં આઇડીઅલ રીઆલીટી વધુ પણ ફળ લાવી શકે છે. જેવી જેની શ્રદ્ધા.

અર્જુનને ખરેખર દ્રોણ મળ્યા'તા.

એકલવ્યને કલપ્નાસૃષ્ટિમાં ખડા કરેલા દ્રોણ મળ્યા'તા.

એકલવ્ય આગળ વધી ગયો.

જેઓ વાસ્તવિક રીઆલીટીને પાંમે છે તેઓ પણ પોતાનો વિકાસ તો. આઈડીઅલ રીઆલીટીથી જ વધુ કરતા હોય છે; કેમ કે સતત તેમને ઓબ્જેકટીવ રીઆલીટીનું સાન્નિધ્ય મળતું નથી. સુલસાને પરમાત્મા મહાવીરદેવનું સતત સાન્નિધ્ય તો કયાંથી મળી શકે ? ઘરમાં બેઠેલી તેણે તે વખતે તો પોતાની કલ્પનામાં જ દેવાધિદેવને લાવી મુકવા પડે. તેમના ધ્યાનાદિથી જ વિકાસ સાધવો પડે.

મીરા, મયણા કે નરસિંહ મહેતા વગેરેએ પોતાના રાગદ્વેષના પરિણામોને સાવ નબળા પાડવાની જે સિદ્ધિ મેળવી હતી તેમાં મુખ્યત્વે તો પોતપોતાના ઇષ્ટદેવોની આઇડીઅલ રીઆલીટી જ કામ કરતી હતી.

સાચા ભૂતથી જેટલી બીક લાગે તેટલી જ બીક વૃક્ષના પડછાયામાં ભૂતની કલ્પનાથી લાગે. બેયમાં હાર્ટફેઈલ થવાની સરખી શકયતા છે.

સાચા કેન્સરમાં જેટલો ભવવિરાગ થાય તેટલો જ ભવવિરાગ

કેન્સરની કલ્પના કરીને વિચારવામાં થાય.

એક માણસે ગંજીના દેડકામાં સાપની કલ્પના કરી દેડકાનો ડંખ લાગતાં સાપનો ડંખ લાગ્યાનું કલ્પ્યું. તો ખરેખર તેને ઝેર ચડયું. અને તે મરી ગયો. અહીં આઈડીઅલ રીઆલીટીનો જ સાપ હતો.

ભક્તો હંમેશા આઈડીઅલ રીઆલીટીના ભગવાનને જ ભજતા હોય છે. એમની સાથે ગાંડીઘેલી વાતો કરતા હોય છે.

નરસિંહ મહેતા કેદારરાગમાં જ્યારે પ્રભુભજન કરતા ત્યારે એકદમ સમાધિસ્થ બની જતા.

મીરા ગિરધરની કલ્પના-મૂત્તિમાં પાગલ બની જતી. તે કહેતી કે મારો હરિ મારી એટલી બધી નજીકમાં છે કે ચાલતાં ચાલતાં, વારંવાર તેને મારો હાથ અડી જાય છે.

રામકૃષ્ણ 'મા' શબ્દ સાંભળતાં જ સમાધિમાં ચાલી જતા. મુનિસુવ્રત-જિનના સ્તવનમાં કવિ કહે છે કે, "આજે તો મુનિસુવ્રત ભગવંતે મને લલાટ ઉપર મુક્તિનું તિલક કર્યું."-મુક્તિનું તિલક કર્યું નિજહાથે.

ઉદયરત્ન મહારાજ પ્રભુને ખૂબ ઠપકો આપતા કહે છે, "મુજ સરીખા મેવાસી (જંગલી)ને, પ્રભુ જો તું તારે, તારક તો જાણું ખરો, જૂઠું બિરૂદ શું ધારે...."

તો બીજા કવિ પ્રભુને કહે છે. "મારા ઠપકાના શબ્દોથી દેવ ! જરા ય અકળાતા નહિ હોં !"

"ઓલંભડે મત ખીજો."

એક કવિએ તો આઇડીઅલ રીઆલીટીના ભગવાનને પોતાના હૈયામાં કબજે કરી લીધાનું-કેવું સરસ જણાવ્યું છે ! એમને ઓબ્જેકટીવ રીઆલીટીના દ્વાર બેઠેલા ભગવાનની જાણે જરૂર જ નથી !

"સાત રાજ અળગા જઈ બેઠા; પણ ભક્તે અમ મનમાં પેઠા.'

એકલવ્યે તો ઓબ્જેકટીવ રીઆલીટીના દ્રોણગુરુ ન મળ્યા

એટલે આઇડીઅલ રીઆલીટીના ગુરુ પકડી લઈને ઈતિહાસના પાને અજોડ ગુરુભક્ત તરીકે પોતાનું નામ અમર કરી દીધું.

અપેક્ષાએ તો દેવ કરતાં ગુરુનું મહત્વ વધુ છે. મૂંગા દેવ ગુરુના મુખથી જ બોલતા હોય છે. આથી જ દેવાધિદેવ પરમાત્મા મહાવીરે કહ્યું છે કે, "જે ગુરુને માને છે તે જ મને માને છે.

વેદમાં પણ આવી જ વાત કરી છે :

હરિસેવા સોલહ વરસ; ગુરુ સેવા પલ ચાર !

તો ભી નહિ બરાબરી, વંદન કીઓ વિચાર.

અબ્રહ્મના પાપોનું ફળ તો પરલોકે મળે. પશ્ચાતાપ કરીને તેને ધોઈ નાંખવાની વચગાળામાં તક આપે. ગુરુદ્રોહનું પાપ અતિ કાતીલ છે. તેનો પરચો વિના વિલંબે મળી જતો હોય છે.

ગુરુનો દ્રોહ એ જીવતા ગુરુની હત્યા છે. ગુરુના એક પણ રૂવાંડામાં શિષ્યના વર્તન બદલ ઉદ્વેગ થાય તે ખાનદાન શિષ્યને મરણ બરોબર છે.

ગુરુ એટલે માત્ર ધર્મગુરુ ન સમજતાં માતાપિતાને અને શિક્ષણ દાતાને પણ ગુરુ-લૌકિક ગુરુ-તરીકે આરાધવાના છે. એમનો પણ ઉચિત આજ્ઞા સામે દ્રોહ થઈ શકે નહિ.

દત્તમુનિ, ફૂલવાલક મુનિ, સિંહ ગુફા વાસી મુનિ, આરણકની કથામાં આવતાં સાધુ વગેરેએ ગુરુદ્રોહ કર્યો તો તેના કેટલા કટુ પરિણામો તેમને ભોગવવા પડયા ? તેમના જીવન કેવા બરબાદ થઈ ગયા !

રાવણના ભાણેજ શંબૂકે, મહાભારતમાં આવતા એક પ્રસંગમાં કૌશિકે પોતાના માબાપનો દ્રોહ કર્યો તો કેવા મોતને હવાલે થયા !

એકલવ્યના પ્રસંગમાંથી સહુ એક વાત છાતી ઉપર લખી દે !

ગુરુકૃપા હિ કેવલં, શિષ્યં પરં મંગલમ્,

# દ્રોણાચાર્ય અને અશ્વત્થામા

## (૧૦)

અપમાનનો બદલો લેવાની વૃત્તિ કેટલું ભયાનક સ્વરૂપ લઈ શકે છે ? તે બરોબર જાણવું હોય તો દ્રોણાચાર્યના પાત્ર ઉપર નજર નાંખવી જ રહી.

કાળઝાળ ગરીબીનો ભોગ બનેલા દ્રોણ કાંઈ આશાથી પત્નીથી પ્રેરાઈને-બાળ ગોઠીઆ દ્રુપદ રાજાની પાસે ગયા અને ત્યાં તેમનું જે ભયંકર અપમાન થયુ ંતે આપણે પૂર્વે જોયું છે. આ વૈરભાવનાની હુતાશણીમાં લાખો માણસો ભડથું થયા; મહાભારતનું ભયાનક યુદ્ધ જામી પડયૂં.

દ્રુપદને સબક શીખવાડવા માટે જ આ બ્રાહ્મણ ક્ષત્રિય રાજકુમારો (કૌરવ-પાંડવો)ની પાસે ગયો. કૂવામાં પડેલો તેમનો દડો કાઢી આપવા દ્વારા અને તેમના ગુરુ કૃપાચાર્યની સાથે દોસ્તી નીકળતા તેમને વિદ્યાદાન માટે કૌરવકુળમાં પ્રવેશ મળ્યો. વિદ્યાદાન પાછળ વિદ્યાદાનનો જ હેતુ ન હતો. દ્રુપદને સબક શીખવાડવાનો હેતુ હતો ! જે બર આવી ગયો.

"બ્રાહ્મણ શસ્ત્રવિદ્યા શીખવી શકે; પણ શસ્ત્રો હાથમાં લઈને યુદ્ધ કદી કરી ન શકે." આવી સનાતન વ્યવસ્થાનો દ્રોણે ભંગ કર્યો : એણે હાથમાં શસ્ત્રો લીધા. એણે હજારોની સંખ્યામાં પાંડવો-સૈન્યની લાશો ઢાળી દીધી ! એમાં ય એનો દીકરો—અશ્વત્થામા

મરાયાના પ્રપંચી સમાચારે તો એનો પુત્રમોહજનિત ક્રોધ એવો તો આકાશને આંબી ગયો કે તેણે રાત્રિયુદ્ધનો અન્યાયી માર્ગ સ્વીકાર્યો. હજારો સૈનિકોનો કચ્ચરઘાણ બોલાવી દીધો !

આ માણસ અતિબળવાન હતો. જ્યારે તે મહાસંહાર કરતો જ રહ્યો ત્યારે જ તેને અટકાવવા માટે શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરની પાસે અસત્ય જેવું વચન બોલાવવાની ફરજ પડી. શ્રીકૃષ્ણને ખાતરી હતી કે દ્રોણને પુત્રમોહ એ તેની એવી નબળી કડી છે કે પુત્રના મૃત્યુના સમાચાર સાંભળતાં જ તે ઉત્સાહ શુન્ય બનીને તૂટી પડશે. યુદ્ધ ભૂમિ ઉપરનો પોતાનો સ્વધર્મ ગુમાવી બેસશે. એથી દુર્યોધનને ઘણું નુકશાન થશે. આમ કરવા સિવાય મહાબલિષ્ઠ દ્રોણનું મૃત્યુ શ્રીકૃષ્ણને સંભવિત જણાતું ન હતું. શ્રીકૃષ્ણ તો મહા ગણિતબાજ હતા. તેમના ગણિતમાં કયાંય ભૂલ ન પડી. કપટ કરીને તેમને ઉડાડવા પડયા. દ્રૌપદીના ભાઈ ધૃષ્ટદ્યુમ્ને પાંડવપક્ષના સરસેનાપતિ એ-તેમનો નિઃશસ્ત્ર અવસ્થામાં શિરચ્છેદ કર્યો. બેશક રમાઈ ગએલું કપટ સમજાઈ જતાં દ્રોણે ક્રોધે ભરાઈ ને ફરી શસ્ત્રો હાથમાં લીધા હતા પરન્તુ એવી આકાશવાણી થઈ કે, “ગુરુ ! હવે મોત નજીક છે. ધર્મ ધ્યાનમાં લીન બની જાઓ.” આથી તેમણે શસ્ત્ર સંન્યાસ કાયમ રાખ્યો હતો. દ્રોણ ભલે અર્જુનને પોતાનો અત્યન્ત પ્રિય માનતા હતા; પણ અશ્વત્થામા તરફનો પ્રેમ તેથી વિશેષ જ હતો. આથી જ તેમણે અર્જુનને પણ નહિ શીખવેલી નારાયણ-અસ્ત્રવિદ્યા તેણે પુત્રને શીખવી રાખી હતી.

જેવો બાપ તેવા બેટા.....એ ઉક્તિ આ બાપ-દીકરામાં સાચી પડી હતી. દ્રોણનો ક્રોધ, કપટ વગેરે અશ્વત્થામામાં હાડોહાડ ઊતર્યા હતા. આથી જ પિતાજીના મૃત્યુના સમાચારે તેણે યુધ્ધભૂમિ ઉપર કાળો કેર વર્તાવી દીધો હતો. તેણે અતિ કાતીલ નારાયણ-અસ્ત્ર

છેલ્લે છોડી મૂકયું હતું. એ તો શ્રીકૃષ્ણ જાણતા હતા કે તે આગના સ્વરૂપે વ્યાપક બનીને આગળ વધતા શસ્ત્રને પાછું વાળી દેવાની તરકીબ કયી છે ? તે તરકીબ હતી; તેની શરણાગતિઃ ઘુંટણીએ પડી જઈને તેને નમસ્કાર. આમ કરવાની ના પાડતાં ભીમ વગેરેને પણ શ્રીકૃષ્ણે અર્જુન દ્વારા નમાવી દીધા હતા. આથી તે જવાળાઓ સ્વરૂપ અસ્ત્ર પાછું ફરી ગયું હતું. અન્તે અશ્વત્થામા ભાગી છુટયો હતો.

કર્ણ દુઃશાસન વગેરે મહારથીઓ પણ પડતાં દુર્યોધન રણમેદાન છોડીને-અઢારમાં દિવસે ભાગી છૂટીને તળાવમાં કમળની ઓથ લઈને છૂપાઈ ગયો હતો. તેની ભાળ મેળવીને પાંડવો શ્રીકૃષ્ણઅને બળદેવ ત્યાં પહોંચ્યા હતા. એ વખતે અશ્વત્થામાં કૃતવર્મા અને કૃપાચાર્ય પણ ત્યા પહોંચ્યા હતા. તેઓ વિરાટ વડલાની બખોલમાં પેસી જઈને બધું જોયા કરતા.

યુધિષ્ઠિરે, દુર્યોધનને આવું ભાગેડુપણું છોડીને યુદ્ધ કરવા માટે મજબૂર કર્યો. તે ગદા યુદ્ધમાં ભીમ કરતાં ય ચડીઆતો હોવાથી તેણે એકલા ભીમ સાથે ગદાયુદ્ધ કરવાની વાત મૂકી. સહુએ કબૂલી, દુર્યોધન, ભીમની સામે કલાકો સુધી અજય બનીને લડતો રહ્યો. એટલે અન્યાયમાર્ગનો આશ્રય લઈને પણ જીતની બાજી હારમાં ન પલોટાઈ જાય તે માટે શ્રીકૃષ્ણે અર્જુન દ્વારા ભીમને દુર્યોધનની સાથળ ઉપર ઘા ઝીંકવાની પ્રેરણા કરી દુર્યોધનને કરાએલા આ ઘાથી દુર્યોધનની સાથળના હાડકાંના ચૂરા થઈ ગયા! ભીમે ધરતી ઉપર પટકાઈ પડેલા દુર્યોધનના મસ્તક ઉપર લાત મારવાનું અસભ્ય કૃત્ય કર્યું. તેથી બળદેવ ખૂબ ઉશ્કેરાઈ ગયા. તમને આવા અસભ્યતા ભરેલા સંસાર ઉપર ઉદ્વેગ થઈ ગયો. તેમણે મહાભિનિષ્કમણનો માર્ગ પકડી લીધો.

પાંડવોને લઈને શ્રીકૃષ્ણ અન્યત્ર ચાલ્યા ગયા. તેમને ખ્યાલ આવીગયો હતો કે સેનાની છાવણીમાં જવામાં હાલ મોટું જોખમ છે.

આ બાજુ અશ્વત્થામાદિને એક ઘુવડ દ્વારા પ્રેરણા મળી. તે ઘુવડ, અંધકારની ઓથ લઈને વૃક્ષના કેટલાય પંખીઓના બચ્ચા ઉપર તરાપ મારીને તેમને મારી ખાધા. આ ઉપરથી અશ્વત્થામાએ પણ રાત્રિના અંધકારની ઓથ લઈને શત્રુઓનો કચ્ચરઘાણ બોલાવવાનો અન્યાયી માર્ગ લઈને પાંડવોને મારી નાંખવાની તૈયારી બતાડી. દુર્યોધને રાજી થઈ ને. તેની વાત સ્વીકારીને સેના વિનાનો સેનાપતિ બનાવ્યો.

પૂર્વે જણાવ્યા મુજબ તેની ગણતરી ઊંધી પડી પાંડવોનું પુષ્કળ સૈન્ય તેણે ખતમ કર્યું. પરન્તુ પાંડવોને બદલે પાંચાલોનો તેણે સંહાર કર્યો.

પોતાના પાંચે ય પુત્રો હણાયાની વાતથી પાંચાલી (દ્રૌપદી) ક્રોધાન્ધ બની ગઈ !

એમ કહેવાય છે કે તેણે અશ્વત્થામાને પકડી લાવીને. પોતાની સમક્ષ તેનો શિરચ્છેદ કરવાનો પાંડવોને આદેશ કર્યો. અશ્વત્થામાને પકડીને પાંડવો લાવ્યા. પણ શ્રીકૃષ્ણ તેના શિરચ્છેદમાં આડા આવ્યા. તેમણે કહ્યું "તે બ્રાહ્મણ છે.તેને જાનથી મારવો નથી પણ તેથી ય વધુ ખરાબ રીતે તેને જીવતો જ મરેલો રાખવો જોઈએ. ક્ષત્રિયનું જે તેજ છે તે હણી લેવાથી તે જીવતો જ મરેલો ગણાય. આ માટે શ્રીકૃષ્ણે તેનો મણિ લઈ લીધો. વળી તે સદા માટે જીવતો રહે અને શેરીએ શેરીએ, ઘરે ઘરે ભીખ માંગતો રખડતો રહે-એ તેનું મોતથી પણ ભયાનક મોત છે." એમ શ્રીકૃષ્ણે સહુને કહ્યુ. બેશક આ વ્યાસમુનિની કલ્પના છે પણ અન્ય રીતે તેને જૈનો પણ યથાર્થ

કરાવી શકે ખરા. તે આ રીતે :-

જે જીવો અત્યન્ત પાપી છે તેઓ અનંતકાળ સુધી સંસારમાં ભટકયા જ કરે છે. તેઓ છેલ્લું મોત પામીને મોક્ષે જઈ શકતા જ નથી. છેલ્લું મોત એ જ મોત છે. જેની પછી મોક્ષ છે. જ્યાં સુધી છેલ્લું મોત આવીને સંસારનો અન્ત ન આવી જાય ત્યાં સુધી જીવ ભલે દરેક ભવે મોત પામતો કહેવાય પરન્તુ તે મોત પછી પણ તે જીવ કયાંક જન્મ લઈ ને જીવતો રહે છે માટે તે અનન્તા મૃત્યુને મૃત્યુ જ ન કહેવાય; આ વાતનો સાર છે કે અશ્વત્થામાએ જે ક્રૂરતાભર્યો નર સંહાર કર્યો તેની રૂએ તે અનંતા ભવો સુધી ચાર ગતિના સંસારમાં ભિખારીની જેમ ભટકતો જ રહેશે. તે ખરું મોત-જેની પછી કોઈ મોત નથી તેવું છેલ્લું મોત-ત્યાં સુધી પામશે નહિ.

# વિદુર

## (૧૧)

"ના....હું તમારે ત્યાં ભોજન માટે નહિ આવું; હું વિદુરને ત્યાં જ ભોજન માટે જઈશ. આરામ કરીશ." આ હતા; પાંડવોના વિષ્ટિકાર તરીકે હસ્તિનાપુર ગએલા શ્રીકૃષ્ણના શબ્દો.

ખરેખર વિદુર, વિદુર (જ્ઞાની) હતા. કૌરવ તરફથી માણસોમાં સારા માણસો આંગળીના વેઢે માંડ પૂરા થાય તેટલા જ હતા. તેમાં વિકર્ણ હતો; યુયુત્સુ હતો. પણ વિદુર તે કંપનીમાં શ્રેષ્ઠ માણસ હતા.

તેમને મોટાભાઈ ધૃતરાષ્ટ્ર, ભત્રીજો દુર્યોધન, ભાભી ગાંધારી વગેરેના ઉત્તમ કલ્યાણમિત્ર કહી શકાય. બીજો પૂછે છે કે નહિ તેની ઝાઝી ચિન્તા કર્યા વિના પોતાને જે યોગ્ય લાગે તે તેઓ કહી દેતા. પાંડવોને પણ દૂત મોકલીને ચેતવી દેવાનું કામ તેમણે કર્યું છે. વિચિત્રવીર્યની અંબા નામની ત્રીજી પત્નીનો આ પુત્ર હતો.

(૧) દુર્યોધનનો જન્મ થતાં જ અમંગલોની એંધાણી વર્તીને વિદુરે તેને કુળનાશક જાણીને તેનો નાશ કરી નાંખવાની સલાહ આપી હતી. જોષીઓના જોષમાંથી પણ આવો જ અણસાર મળતાં આ વાત તે વખતે પણ તેમણે ધૃતરાષ્ટ્રને કરી હતી.

(૨) લાક્ષાગૃહના કાવતરાંનો આખો ય ભંડો ફોડી નાંખનાર અને પાંડવોને ભાગી છૂટવા માટે સુરંગ ખોદાવનારા આ વિદુર હતા.

(૩) દ્વૈતવનમાં અને વારણાવતમાં દુર્યોધનની યોજનાઓને જણાવવા માટે પ્રિયંવદન દૂતને તેમણે જ મોકલ્યો હતો.

(૪) પાંડવો સાથે દુર્યોધનને જુગાર નહિ રમવા દેવાની સલાહ તેણે ધૃતરાષ્ટ્રને આપી હતી. છતાં જુગાર શરૂ થયો ત્યારે ધૃતરાષ્ટ્રને વિદુરે ખૂબ ખખડાવી નાંખ્યા હતા. તેઓ જ અંદરખાને પણ પુત્રમોહે અન્ધ બન્યા છે તે વાત તેણે ધૃતરાષ્ટ્રને મોં ઉપર કહી હતી. જુગાર દ્વારા જ કુળનાશ આવશે. તેમ પણ તેમણે કહ્યું હતું આ વખતે ધૃતરાષ્ટ્રે અકળાઈ જઈને વિદુરને કહ્યું હતું કે, "જ્યારે ને ત્યારે તું દુર્યોધનના જ દોષો જોયા કરે છે ? ચાલ્યો જા; અહીંથી; હું તારું કશું જ સાંભળવા માંગતો નથી.

જુગાર રમવાથી કેવી પાયમાલી થાય છે ? તે ઉપર નળ-દમયન્તીનું કથાનક વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું.

વસ્ત્રાહરણ વખતે ભીષ્મ મૌન બેસી રહ્યા ત્યારે એ આબરૂ લૂંટતું અકાર્ય અટકાવવા માટે ભરી સભામાં વિદુરે ધડાકો કર્યોહતો. આથી જ વસ્ત્રાહરણ અટકી ગયું હતું. વિદુરના પ્રચંડ આક્રોશથી ધૃતરાષ્ટ્ર ગભરાઈ ગયા હતા. તેમણે દુર્યોધનને તે આકાર્યથી પાછો હટાવી દીધો હતો !

પાંડવોનો વનવાસ પૂરો થયા બાદ, તેમને વચન મુજબ રાજગાદી પરત કરવાના પ્રશ્ને જ્યારે વિદુરને ધૃતરાષ્ટ્ર જ વધુ સત્તા લંપટ જણાયો; દીકરા કરતાં પણ તે જ વધુ દોષિત લાગ્યો જ્યારે તેને મહા સંહારને વેરનારા યુદ્ધના કાને ભણકારા વાગવા લાગ્યા ત્યારે તેમણે આવા અસાર સંસારથી વિરકત થઈને વિશ્વકીર્તિ નામના સાધુ પાસે દીક્ષા લીધી ! આ વખતે જ વિષ્ટિકાર તરીકે શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્રની પાસે આવ્યા હતા અને પોતાના એ 'મીશન'માં નિષ્ફળ

ગયા હતા. મહાભારતના ઉદ્યોગપર્વમાં P ૩૩ થી ૪૦મા અધ્યાય સુધીના આઠ અધ્યાયોમાં વિદુર-નીતિ આપવામાં આવી છે. એમ કહેવાય છે કે એક વાર બાહ્ય પરિસ્થિતિઓના ભારથી અકળાએલા ધૃતરાષ્ટ્રને રાતે કેમે ય ઊંઘ આવતી ન હતી ત્યારે નિઃસ્પૃહી વિદુરને વાતો કરવા જણાવ્યું હતું. નાનકડા ભાઈએ મોટા ભાઈને જે વાતો કરી એ વિદુર-નીતિ તરીકે વિખ્યાત બની છે.

મહાભારતનું પાત્રાલેખન અહીં પૂરું થાય છે. આપણે સહુ આ પાત્રો-ખામીઓ ભરેલા; ખૂબીઓ ભરેલામાંથી સમુચિત પ્રેરણા લઈ ને આપણા જીવનને સુન્દર બનાવીએ. ખાસ કરીને સંસારી જીવો પોતાના કૌટુમ્બિક જીવનના સંઘર્ષોને સમજે અને તેના ઉકેલની ચાવીઓ પાત્રોમાં જ્યાં પડી હોય ત્યાંથી મેળવીને સંઘર્ષને શાન્ત કરી દે એવી મારી આગ્રહભરી ભલામણ સાથે વિરમું છું.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોયતો મિચ્છા મિ દુક્કડં.

પુસ્તકારંભ તા. ૨-૮-૯૦

**પુસ્તકની પૂર્ણાહૂતિ** તા. ૫-૮-૯૦

**તપોવન : ૨૦૫૪,** શ્રા સુ. ૧૪સ

# તમારાં વહાલાં બાળકોને છેવટે
# ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ

## દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમનાં સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બૉર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયાં હોય અને બૉર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય જ મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ એ તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને

આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં માબાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલુ સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

**યાદ રાખો : લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના....હવે શા માટે ક્રિશ્ચ્યાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કૉન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં પુસ્તકો

**આજે જ આખો સેટ ઘર ઘરમાં વસાવી લો.**

બાળકો, કીશોરો, બહેનો, મોટેરાંઓ સહુને પ્રિય સાહિત્ય

આજ સુધી આ પુસ્તકોએ સેંકડો યુવાનોના અને બહેનોનાં જીવન-પરિવર્તન કર્યાં છે. આપના ઘરમાં આ સેટ પડયો હશે તો કયારેક કોઈનું પણ જીવન પ્રકાશ.....પ્રકાશની બૂમો પાડતું અંધકારમાંથી સદા માટે છુટકારો પામી જશે.

નાનકડું મૂલ્ય અને જીવન-પરિવર્તનનો અમૂલ્ય લાભ

---

આર્યાવર્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જયોત ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક

# મુક્તિદૂત

* ચિન્તક *

**પં. ચન્દ્રશેખરવિજયજી**

સંપાદક
**ગુણવંત શાહ**

સહસંપાદક
**ભદ્રેશ શાહ**

**આજે જ ગ્રાહક બનો**

ત્રિવાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

આજીવન સભ્ય રૂ. ૫૦૦/-

# દરેક આવતી કાલ : ભાવીનો પ્રથમ દિવસ

વર્ષનો પહેલો દિવસ.

કેટલા બધા ઉલ્લાસથી માણસ ઊજવે છે ? કેવા કેવા શુભ સંકલ્પો કરે છે ? કેવાં સારાં કામોનો આરંભ કરે છે ? તો હવે સાંભળો.

આ જીવનનો આપણો જે શેષ ભવિષ્યકાળ છે, એનો સૌથી પહેલો દિવસ દરેક આવતી કાલ છે.

તો ભવિષ્ય કાળની દરેક આવતી કાલને આપણે ખૂબ ઉલ્લાસ સાથે, સારાં કાર્યો કરવાના સંકલ્પ સાથે ઊજવવી ન જોઈએ ?

જો તેમ થાય તો આખો ભવિષ્યકાળ ઉલ્લાસમય, સત્કાર્યમય બની જાય.

હવે જે ગયો, ભૂતકાળ : ખરડાએલો, ગંધાએલો, નિષ્ફળ ગએલો... ભલે ગયો. તેથી તૂટી ન પડો. Let the bygone be the bygone. હવે દરેક આવતીકાલને ઊજળી બનાવવા માટે સજ્જ થઈ જાઓ.

— પં. ચન્દ્રશેખરવિજયજી

# ભોગસુખ શા માટે ભૂંડું ?

ભોગસુખમાં જે આસક્ત બની જાય છે તે માણસ તેને પામવા માટે કેટલાં બધાં દુઃખો સહે છે ?

એથી ય વધુ ખરાબ બાબત તો એ છે કે એની ખાતર માણસ કેટલાં બધાં પાપો કરવા માટે તૈયાર બની જાય છે ?

જો આ સુખ પુણ્યોદયે પ્રાપ્ત થાય તો જીવ તેમાં એકદમ ચોંટી જાય : પાપી થાય. જો પાપોદય જાગતાં તે સુખ ચાલી જાય તો જીવ પાગલ થઈ જાય.

શી રીતે સારું કહેવાય આ સુખ ? જો એ...

(૧) કર્મરાજની મહેરબાનીથી જ મળતું હોય : પરાધીન હોય.

(૨) વિનાશી હોય.

(૩) કેટલાંય દુઃખોથી મિશ્રિત હોય.

આથી જ શાણા માણસો આત્મસુખને જ પામે છે : જેમાં આમાંનું એક પણ અપલક્ષણ નથી.

— પં. ચન્દ્રશેખરવિજયજી

— પ